MARKET 4U (OPC) PVT. LTD.

જંગ-એ-ગુજરાત

અખબાર

સુરત ઓફિસ

૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.

કોલ કરીને જ આવવું

મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી

● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૨૬-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૦ + ૨

3 બીજી ટેસ્ટ માટે કોહલીએ બેટ્સમેનોના અત્યંત રક્ષણાત્મક વલણને છોડવાની અપીલ કરી

6 દિલ્હીના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં અર્ધસૈનિક બળોની ૩૭ કંપનીઓ તૈનાત કરાશે : અમિત શાહ

7 ભલેને અન્યાય થયો આપણને પણ ઝૂકીશું નહીં, ન્યાય માટે પ્રેમથી લડતા રહીશું

10 વીજ કંપનીની લાલીયાવાડીથી રાજપીપળાના અમુક વિસ્તારોમાં ૨ દિવસથી પીવાના પાણીની મોકાણ: ગૃહિણીઓમાં રોષ

MARKET4U (OPC) PVT. LTD.ની તમામ જિલ્લા- શહેર અને એરિયા માટે એજન્સી મેળવવા સંપર્ક કરો : 9978406257

જેજે ચૂકી જતા આ મોકો

MARKET4U (OPC) PVT LTD

ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જાહેરાત કરી શકે તેવા અને પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા

૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને

મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો

(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને જીતો

MARUTI ALTO





HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૨૫ ઓક્ટોબર વિજ્યાદશમી (દશેરો)

(શરતો લાગુ રહેશે)

9978406257

શું આપ MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/- ભરાવી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત MARKET4U (OPC) PVT. LTD.ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. (T.& C.Apply)

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

MARKET 4U (OPC) PVT. LTD. ફ્રેન્ચાઈઝી નીમવાના છે

CEO MARKET4U (OPC) PVT. LTD., Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850 www.connectindians.in

MARKET4U (OPC) PVT. LTD. રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી (રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના) ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)

એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- (T. @ C.apply)

સુરત

MARKET4U (OPC) PVT. LTD.
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૫૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ

MARKET4U (OPC) PVT. LTD.
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ

જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ MARKET4U (OPC) PVT. LTD.નું નવું સાહસ WWW.CONNECTINDIANS.IN

MARKET4U (OPC) PVT. LTD.ના connectindians પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને MARKET4U (OPC) PVT. LTD. વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો 9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૬૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી MARKET4U (OPC) PVT. LTD. કંપની આપની આવકમાંથી TDS બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં NEFTથી જમા કરશે. તો રાહ શેની માત્ર ૬૫૦/- ભરો અને અન્યોને MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૬૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in

ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ

CONNECT INDIANS : MLM Plan Rs.650

INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.

★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ ડાયરેક્ટર: જોડાયાના એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ સિલ્વર ડાયરેક્ટર: જોડાયાના ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ ગોલ્ડ ડાયરેક્ટર: જોડાયાના છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ પ્લેટિનમ ડાયરેક્ટર: જોડાયાના એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૬૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ સાથે ટ્રાન્સફર કરો. ટ્રાન્ઝેક્શનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ www.connectindians.in વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી 99999999 Dhananjay આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે MARKET4U (OPC) PVT. LTD.ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.connectindians.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :

CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257

(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)



મૂળ સેવક તરીકે પ્રખ્યાત રવિશંકર મહારાજની જન્મજયંતી નિમિત્તે મહાગુજરાત ચળવળમાં અનોખુ પ્રદાન કરનાર પ્રખર ગાંધીવાદી પૂ. રવિશંકર મહારાજાના હસ્તે ગુજરાત રાજ્યની સ્થાપના કરાઈ હતી. છતાં પણ આજે જન્મ જયંતીના અવસર નિમિત્તે પણ પૂ. રવિશંકર મહારાજને કોઈ યાદ કરતુ નથી. તસવીરમાં સુરતના ભટાર સર્કલ પાસે આવેલી પૂ. રવિશંકર મહારાજની પ્રતિમા નજરે પડે છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના સહાય ખેતી કાર્ય પધ્ધતિમાં મદદરૂપ સદલાવના હેંમતભાઈ ભીખુભાઈ પટેલ

નવસારી

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના તળે નવસારી ખાતે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના અમલીકરણની વાર્ષિક ઉજવણી નિધિ કાર્યક્રમ યોજાયો હતો. લાભ મેળવનાર ખેડૂત હેંમતભાઈ ભીખુભાઈ પટેલ સદલાવના વતની છે. તેમણે જણાવ્યું કે, નાના સીમાંત ખેડૂતોને આર્થિક રીતે સમૃધ્ધ કરવાની સહાય કેન્દ્ર સરકારે કરી છે. પ્રધાનમંત્રી કિસાન સન્માનનિધિ હેઠળ પ્રતિવર્ષ રૂ.૬૦૦૦ ત્રણ હપ્તામાં મળ્યા છે. જે સીધા જ બેંક ખાતામા જમા થયા છે. ખેડૂત ખાતેદારને ખાતર, બિયારણ, દવા ખરીદી ઉપરાંત ખેતી કાર્ય પધ્ધતિમાં મદદરૂપ થશે. આ સહાયથી ખેત ઉત્પાદન વૃધ્ધિ માટે ઉપયોગી થશે. કેન્દ્ર સરકારે ખેડૂતોના હિતમાં ઉપયોગી થતાં નિર્ણયો લીધા છે. બેંક ખાતામાં સીધી જ સહાય જમા થતાં પારદર્શી વહીવટી પ્રક્રિયા ખેડૂતો માટે ફાયદાકારક છે. આગામી સમયમાં વાવેતર માટે ખેડૂત તૈયાર છે ત્યારે સમયોચિત આર્થિક સહાય ખેતી માટે નફાકારક પણ સાબિત થનાર છે.

ગર્લ્સ પોલિટેકનીક કોલેજમાં પરંપરાગત હસ્તકલાનું પ્રદર્શન

વિદ્યાર્થીઓએ લુપ્ત થતી હસ્તકલાને કેન્વાસ પર સજીવન કરી

સુરત

ગવર્નમેન્ટ પોલિટેકનિક ફોર ગર્લ્સ, સુરતના ટેક્ષ્ટાઇલ ડિઝાઇન ડિપાર્ટમેન્ટ દ્વારા ભારતની વિસરાતી જતી ટ્રેડિશનલ ટ્રાઇબલ આર્ટને જીવંત રાખવાના પ્રયાસરૂપે વિદ્યાર્થીનીઓ માટે તા.૧૭થી ૧૯ ફેબ્રુ. દરમિયાન ત્રિદિવસીય વર્કશોપનુ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ટેક્ષ્ટાઇલ ડિપાર્ટમેન્ટના પ્રોફેસરો સહિત ૬૦ જેટલી વિદ્યાર્થીનીઓએ ભાગ લઈને પરંપરાગત કલમકારી આર્ટ, ગોંદ આર્ટ, રોગન આર્ટ તથા ગોટાપત્તી આર્ટના આધારે આકર્ષક કલાકૃત્તિઓ બનાવી હતી. ટેક્ષ્ટાઇલ ડિઝાઇનીગના અભ્યાસની સાથોસાથ વિદ્યાર્થીનીઓમાં કલા કુશળતા વધે તેમજ તેઓ પોતાના માટે સ્વરોજગારીની નવી તકો ઉભી કરી શકે એવા ઉદ્દેશથી આયોજિત વર્કશોપમાં વિદ્યાર્થીનીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કલાના ક્ષેત્રમાં ૩૦ વર્ષથી સક્રિય શ્રીમતિ જયશ્રીબેન અંજારિઆ (એક્ષપર્ટ ટીચર, પીડીલાઇટ) દ્વારા વિદ્યાર્થીનીઓને માત્ર ત્રણ જ દિવસના વર્કશોપ દરમિયાન તાલિમ આપીને પરંપરાગત કલા શીખવાડવામાં આવી હતી. કોલેજના આચાર્યશ્રી ભાસ્કર ઐયર અને લેકચરર ઉન્નતિ કોઠારીએ વિદ્યાર્થિનીઓને પ્રેરણા સહ ઉપયોગી માર્ગદર્શન પૂરૂ પાડ્યું હતું. વિદ્યાર્થીનીઓએ બનાવેલા વિવિધ આર્ટીકલ્સનુ પ્રદર્શન પોલિટેકનિક કોલેજના સરદાર પટેલ હોલ ખાતે તા.૨૧ થી ૨૫ ફેબ્રુઆરી દરમિયાન રાખવામાં આવ્યું છે. જેને કલાપ્રેમી નાગરિકો નિહાળી શકશે.

આંબાતલાટ ખાતે ઢોડિયા સમાજ સમસ્તા બાવીસા કુળ પરિવારનું સંમેલન યોજાયું

બાવીસા કુળ પરિવારના ધારાસભ્યસ અરવિંદભાઈ પટેલનું શાલ ઓઢાડીને સન્માનન કરવામાં આવ્યું

ઢોડિયા સમાજ સમસ્તભ બાવીસા કુળ પરિવારનું સંમેલન ધરમપુર ધારાસભ્ય અરવિંદભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મા જગદંબાના સાનિધ્યમાં દહીગઢ ડુંગરની તળેટીમાં આબાંતલાટ તા.ધરમપુર ખાતે યોજાયું હતું. જેમાં બાવીસા કુળના ઉત્થાન માટે વિવિધ પાસાંઓની ચર્ચા વિચારણા કરી, શિક્ષણ પર ભાર મુકી વ્યસનથી દૂર રહેવા સૌને અનુરોધ કરવામાં આવ્યો હતો.

સ્નેહમિલન કાર્યક્રમમાં બાવીસા પરિવારના ધરમપુરના ધારાસભ્યર શ્રી અરવિંદભાઈ પટેલનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. વાંદરવેલાના નાના બાળકોએ વ્યસનમુકત સમાજ પર ઢોડિયા ભાષામાં નાટક રજૂ કરી, સૌને જાગૃત કર્યા હતા. બાળાઓએ પ્રાર્થના-સ્વાગત ગીત અને દેશભકિત ગીતો પર રજૂ કર્યા હતાં.

ગુજરાતમાં વલસાડ જિલ્લામાં ધરમપુર, કપરાડા, વલસાડ પારડી, ઉમરગામ, નવસારી જિલ્લામાં ખેરગામ, વાંસદા, ચીખલી, નવસારી અને સુરત જિલ્લામાં મહુવા તેમજ સેલવાસ અને મહારાષ્ટ્ર વિસ્તારોમાં વસતા બાવીસા કુળ પરિવારને પ્રથમવાર સ્નેહમિલનનો અવસર મળ્યો હતો. જેમાં એકબીજાના વિચારોના આદાન-પ્રદાન સાથે શિક્ષણથી સમાજ આગળ વધે તે માટે ખાસ કરીને ઉચ્ચર શિક્ષણમાં મેડીકલ અને એન્જિનિયરિંગ ક્ષેત્રે અભ્યાસમાં આર્થિક રીતે મુશ્કેલી અનુભવતા કુળના પરિવારને મદદરૂપ બનવા સૌએ એક સુરે મદદરૂપ બનવા સહમતિ સાધવામાં આવી હતી. બાવીસા કુળ પરિવારની ડીરેકટરી પણ બનાવવામાં આવશે.

સ્નેહમિલનના કાર્યક્રમને બિરદાવતા ધારાસભ્ય અરવિંદભાઈ પટેલે, બાવીસા કુળને આગળ લાવવા બાળકોને શિક્ષણ આપવા પર વિશેષ ભાર મુકયો હતો. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ પ્રાપ્ત થશે તો જ આપણો સમાજ સામાજિક ઉત્તરદાયિત્વ અદા કરીને આર્થિક રીતે પગભર બનશે. તેમણે આદિવાસીઓના ઉત્થાન માટે અમલી યોજનાઓનો લાભ લેવા પણ સૌને અનુરોધ કર્યો હતો.

કાર્યક્રમના મુખ્ય મહેમાન કાર્યપાલક ઈજનેર મનિષભાઈ પટેલે બાવીસા પરિવાર માટે સહાયરૂપ બનવા ખાતરી આપી હતી. તેમણે કહ્યું કે, બાળકો ભણશે તો જ સમાજ આગળ વધશે. ઉચ્ચ શિક્ષણ માટે ફંડ ઊભું કરવાના તેમના વિચારોને સૌએ હર્ષભેર વધાવી લીધો હતો.

કાર્યપાલક ઈજનેર અનિલભાઈ પટેલે બાવીસા કુળ પરિવારને એકમંચ પર એકત્ર કરવાના પ્રયાસને બિરદાવી આવા કાર્યક્રમમાં સહભાગી થવા ખાતરી આપી હતી. કાર્યક્રમમાં નિવૃત નાયબ કાર્યપાલક ઈજનેર યુ.એન.પટેલ, નિવૃત બેંક મેનેજર કાંતિભાઈ પટેલ, બાવીસા કુળના આગેવાન છોટુભાઈ પટેલ સહિત વિવિધ વિસ્તારોના બાવીસા જુથના પ્રમુખો, મંત્રીઓ, વડીલો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. આભારવિધિ સહાયક માહિતી નિયામક ઉમેશ બાવીસાએ આટોપી હતી.

બાવીસા કુળ પરિવાર સંમેલનને સફળ બનાવવા શ્રી ભીનેશ બાવીસા, અજયભાઈ બાવીસા, કિર્તી બાવીસા સહિત યુવાનોએ જહેમત ઉઠાવી હતી. રાજય સરકારના વર્ગ-૧ થી વર્ગ-૪ ના તમામ અધિકારી અને કર્મચારીઓને તારીખ ૧/૧/૨૦૧૬ થી સાતમાં પગાર પંચનો લાભ રાજય સરકાર દ્વારા આપવામાં આવેલ છે. જેને લીધે કર્મચારી વર્ગને વધતી મોંઘવારીનાં સાપેક્ષમાં પગારમાં વૃદ્ધિ મળેલ છે. આમ છતાં માત્ર ટેકનિકલ શિક્ષણ આપતી સરકારી પોલીટેકનિક કોલેજના વર્ગ-૧ તથા વર્ગ-૨ના પ્રાધ્યાપકોને સાતમા પગાર પંચનો લાભ હજી સુધી મળેલ નથી. ગુજરાતભરની સરકારી પોલીટેકનિક કોલેજોના મંડળ દ્વારા આ બાબતે સરકાર સમક્ષ સાતમા પગાર પંચના લાભો મેળવવા માટે વખતો વખત રજૂઆત કરેલ છે. આમ છતાં, ચાર વર્ષ જેટલો સમય પસાર થઈ ગયો હોવા છતાં રાજ્ય સરકાર દ્વારા આ બાબતે કોઈ જાહેરાત કરેલ નથી. છેવટે સમગ્ર રાજ્યની પોલીટેકનીક કોલેજના પ્રાધ્યાપકોએ પોતાની સાતમા પગાર પંચની માગણી સંદર્ભે સરકાર કોઈ નક્કર પગલા લે તે માટે કાળા કપડાં પહેરીને વિરોધ પ્રદર્શનનો કાર્યક્રમ ઘડવો પડેલ છે. આ માટે તારીખ ૨૪/૦૨/૨૦૨૦ થી એક અઠવાડિયા સુધી દરેક વ્યાખ્યાતાઓ કાળા કપડાં પહેરીને પોતાની ફરજો બજાવી શાંતિપૂર્ણ વિરોધ કાર્યક્રમ આપશે. આ વિરોધ પ્રદર્શનમાં શૈક્ષણિક કાર્ય કે સંસ્થાકિય પ્રવૃતિઓને કોઈ અસર નહીં પહોંચે તેવી બાહેધરી પોલિટેકનિક અધ્યાપક મંડળ, સુરત પ્રમુખે આપેલ છે.

રાજ્યના તમામ સરકારી કર્મચારીઓને સાતમા પગાર પંચનો લાભ વહેલાસર મળેલ છે અને એકમાત્ર ટેકનિકલ શિક્ષણ આપતી સંસ્થાઓના પ્રાધ્યાપકોની ઉપેક્ષા સરકાર દ્વારા કરાઈ હોય પ્રાધ્યાપકોએ ગાંધી ચિંધ્યા માર્ગે વિરોધ પ્રદર્શન માટે એક સપ્તાહ સુધી કાળા કપડાં પહેરીને ફરજ બજાવવાનું નક્કી કર્યું છે.

એક વર્ષમાં કાર્ડ યોજનાનો ૯૨૨૨૯ લોકોએ લાભ લીધો

સુરત

ગુજરાતના પ્રત્યે ક નાગરિકને અસરકારક અને સરળ તેમજ સસ્તી આરોગ્યોસેવા ઉપલબ્ધ થાય તે દિશામાં સરકાર નક્કર પગલાં લઇ રહી છે. તમામ ગુજરાતીઓને શ્રેષ્ઠ આરોગ્યધ સેવાઓ રાહતદરે ઘર આંગણે મળી રહે તે માટે સરકાર દ્વારા અનેકવિધ જનહિતલક્ષી નિર્ણયો લેવામાં આવ્યા છે.

આવી જ યોજના એટલે મા યોજના અને મા વાત્સલ્યં યોજના, આયુષ્યમાન કાર્ડના પરિણામે લાખો ગરીબ દર્દીઓ વિનામૂલ્યે સુપર સ્પેશ્યાલીસ્ટ હોસ્પિટલોમાં આરોગ્યની સારવાર મેળવતા થયા છે. ગરીબ આદિવાસી તેમજ છેવાડાના માનવીઓ સુધી આરોગ્યની સેવાઓ મળી રહે તે માટે જિલ્લામાં ૨.૭૪ લાખ જેટલા આયુષ્યમાન ભારત યોજનાના કાર્ડ કાઢવામાં આવ્યા છે. જે પૈકી ૯૭૭૦ દર્દીઓએ કાર્ડનો લાભ લીધો હતો જેની સારવારનો રૂા.૩૧ કરોડ જેટલો ખર્ચ રાજય સરકારે ચૂકવ્યો છે. રાજય સરકારની મા કાર્ડની યોજનાનો ૨૦૧૮-૧૯ના વર્ષમાં ૯૨૨૨૯ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો.

ભાગળ, કાંસકીવાડ, કોટસફીલ રોડ પરથી દબાણો ખસેડાયા

સુરત

સેન્ટ્રલ ઝોનમાં ઝોનલ ચીફ ઓ.કમિશ્નરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીની આગેવાની હેઠળ સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં દિવસ દરમ્યાન ઝીરો દબાણ રૂટ ઉપર દબાણ હટાવવાની ઘનિષ્ઠ કામગીરી કરવામાં આવી છે. ગત રોજ ભાગળથી કાંસકીવાડ અને કાંસકીવાડથી કોટસફીલ રોડ–લારી નંગ-૨૦, કૈલાસનગર અને જીવન ભારતી રોડ-લારી નંગ.૨૦, કોટસફીલ રોડ-લારી નંગ.૧૨, એર ઈન્ડિયાથી કોટસફીલ રોડ-લારી નંગ.૧૫, રીંગરોડા મજુરાગેટ–લારી નંગ.૭, રેલ્વે સ્ટેશન વિસ્તાર–લારી નંગ.૯, કુલ ૮૩ લારીઓ તથા અન્ય પરચુરણ વસ્તુઓ– નંગ.૧૫ જપ્ત કરી ઘનિષ્ઠ ઝુંબેશ આદરી તમામ દબાણો દુર કરી રસ્તો રાહદારીઓ માટે ખુલ્લો કરવામાં આવેલ તથા દબાણ હટાવવાની કામગીરી હાલપણ ચાલુ છે.

આહવા સરકારી માધ્યમિક શાળામાં વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી

માતૃભાષાનો ઉદ્‌ભવ અને અસ્તિત્વ અંગે વિસ્તૃત છણાવટ

આહવા

સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા, આહવા ખાતે વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શાળાના આચાર્યશ્રી પ્રજેશભાઈ ટંડેલના માર્ગદર્શન હેઠળ સુપરવાઈઝર કાશીનાથ ભાઈની ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત ઓમકાર નાદ ધ્વનીથી કરવામાં આવી હતી. વિપુલભાઈ રાણેએ પ્રસ્તાવનામાં માતૃભાષાના ઉદ્ભવની વાત કરી હતી. જ્યારે માતૃભાષા અસ્તિત્વ વિશે સાંપ્રત સમયમાં માતૃભાષા અસ્તિત્વ વિશે સાંપ્રત સમયમાં માતૃભાષા લુપ્ત થવાના આરે હોય ત્યારે તેને સાચવવાના પ્રયત્નો વિશેની પરિક્ષાર્થી કમ વિદ્યાર્થી, દેખાદેખી તેમજ વિવિધ ભાષાઓની રસપ્રદ માહિતી પુરી પાડી હતી. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પ્રાર્થના ભજન, પઠન, હિન્દી ભાષા પઠન વિગેરે પ્રવૃત્તિઓ કરવામાં આવી હતી. મતદાન વિશે શૈલેષભાઈએ વક્તવ્ય આપ્યું હતું. માતૃભાષા વિશેની પ્રતિજ્ઞા શાળાના શિક્ષકશ્રી જિગ્નેશભાઈએ લેવડાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અર્જુનભાઈએ કર્યું હતું. જ્યારે નિર્ણાયક અને આભારવિધિ શાળાના દિવ્યાંગ શિક્ષક શ્રી રાજેશભાઈ રાવલે કરી હતી.

ધરમપુર વિજ્ઞાન કેન્દ્ર ખાતે ૨૬ અને ૨૭ ફેબ્રુઆરીના રોજ 'ઈનોવેશન ફેસ્ટિવલ દિકચક્ર-૨૦૨૦' યોજાશે

વિદ્યાર્થીઓ દ્વારા ૬૯ જેટલા ઈનોવેટિવ પ્રોજેકટસનું પ્રદર્શન કરાશે

વલસાડ જિલ્લાના ધરમપુર તાલુકા સ્થિત જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર, ભારત સરકારના સંસ્કૃતિ મંત્રાલય હેઠળ કાર્યરત રાષ્ટ્રીય વિજ્ઞાન સંગ્રહાલય પરિષદ ગુજરાત રાજયનું એકમ છે. જિલ્લા વિજ્ઞાન કેન્દ્ર ધરમપુર ખાતે વિવિધ કાર્યક્રમની ઉજવણી કરવામાં આવે છે. સમગ્ર ભારતમાં વિદ્યાર્થીઓમાં રહેલી વૈજ્ઞાનિક પ્રતિભાને બહાર લાવવાના હેતુથી 'ઈનોવેશન હબ'ની સ્થાપના વિજ્ઞાન કેન્દ્રમાં કરવામાં આવી છે. આ ઈનોવેશન હબમાં વર્ષ દરમ્યાન શાખાઓમાં ઈન્ટિગ્રેટેડ સાયન્સ, ઈલેકટ્રોનિકસ, રોબોટિકસ, થ્રિડી પ્રિંટિંગ જેવા વર્કશોપનું આયોજન થતું રહેલું હોય છે. જે અંર્તગત ઈનોવેશન ફેસ્ટિવલ 'દિકચક્ર-૨૦૨૦' કાર્યક્મનું આયોજન તારીખ ૨૬ અને ૨૭ ફેબ્રુઆરી-૨૦૨૦ દરમ્યાન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓને વિજ્ઞાનના ક્ષેત્રોમાં તેમને નાની ઉંમરે ઈનોવેશન શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

આ કાર્યક્રમમા પ્રમુખ અતિથિ પ્રોફેસર સુદર્શન આયંગર, માજી ઉપકુલપતિ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, વિરાજ શુકલા-જનરલ મેનેજર, મા ફાઉન્ડેશન, વાપી હાજરી આપશે.

કાર્યક્રમના પ્રમુખ આકર્ષણમાં શાળાકીય અને એન્જિનિયરીંગ કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા ૬૯ જેટલા ઈનોવેટિવ પ્રોજેકટસનું પ્રદર્શન, નકામી વસ્તુમાંથી સર્જન, લોકપ્રિય વ્યાખ્યાન, ડ્રોન પર કાર્યશાળા, ૩ડી પ્રિંટિંગ પર કાર્યશાળા, વિજ્ઞાન પ્રશ્નોત્તરી, મનોરંજક રમતો વગેરે રહેશે. આ કાર્યક્રમનો લાભ વિદ્યાર્થીઓ તથા જાહેર જનતાને લેવા જિલ્લા વિજ્ઞાન કેન્દ્રના જિલ્લા વિજ્ઞાન અધિકારી ધરમપુર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



ઉમરવાડા અને લિંબાયતને જોડતા રઘુકુળ માર્કેટ રેલ ગરનાળામાં ડ્રેનેજ લાઈનની ચેમ્બર ઓવર ફ્લો થતા ગરનાળામાં ગંદા પાણીની વચ્ચેથી પસાર થતા વાહનોની નજરે પડે છે.

માસુમ બાળાની છેડતી કરનારની ધરપકડ

સુરત

સહારા દરવાજા વિસ્તારમાં છ વર્ષની બાળાની છેડતી કરી પેટના ભાગે મુક્કો મારનાર સુશીલસિંઘની સલાબતપુરા પોલીસે ધરપકડ કરી હતી. સલાબતપુરા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ સહારા દરવાજા આનંદ નગરમાં રહેતો સુશીલ સિંઘ ભીરુસિંગ તુલસીરાય સિંઘે ફરિયાદીની છ વર્ષીય દિકરી સાથે અડપલા કરતા દિકરીએ વિરોધ કરતાં આરોપીએ પેટના ભાગે મુક્કો માર્યો હતો. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.



શ્રી Design
A Complete Printing Solution
Our Services
• Graphic Design • Book Work
• I Card (School & Commercial) • Brochure
• Pamphlet
• Stationary Printing • Calendar
All Type of Designing & Printing Work @ One Junction
93774 65170 • 70160 46096

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૨૬-૦૨-૨૦૨૦ । વર્ષ : ૧૬ ।

દિલ્હીના હૈદરાબાદ હાઉસમાં બન્ને મહાનુભાવોએ સંયુક્ત પત્રકાર પરિષદ યોજી

ટ્રમ્પ મુલાકાત ફળદાયી : ૨૧ હજાર કરોડના સંરક્ષણ સોદાને મંજૂરી

આતંકવાદ રોકવા અમેરિકાએ ફરી પાકિસ્તાનને આપી ચેતવણી, મોદીના ફરીથી કર્યા ભરપૂર વખાણ

મહત્વના ટ્રેડ ડિલ અંગે બન્ને દેશોના મન ખુલ્લા હોવાનો એકરાર, નાર્કો-આતંકવાદ પર મિકેનિઝમ બનાવવાની સંમતિની પીએમ મોદીની જાહેરાત



સંરક્ષણ સોદામાં ભારતને ફાઈટર અપાચે અને રોમિયો હેલિકોપ્ટરો મળશે

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે કહ્યું હતું કે ભારત અને અમેરિકાએ ૩ બિલિયન ડોલરથી વધુ અદ્યતન અમેરિકન સૈન્ય ઉપકરણોની ખરીદીના કરાર સાથે બન્ને દેશોએ એકબીજાના સંરક્ષણ સહયોગમાં વધારો કર્યો છે, જેમાં સમગ્ર સિશ્વમાં અતિ આધુનિક લડાયક અપાચે અને એમએચ -૬૦ રોમિયો હેલિકોપ્ટર શામેલ છે. યુધ્ધ ક્ષેત્રે તે અજોડ છે. અમેરિકી રાષ્ટ્રપતિએ કહ્યું, અમારી સંયુક્ત સંરક્ષણ ક્ષમતાઓમાં વધારો કરવાનું એક મુખ્ય કારણ એ પણ છે કે આપણા લશ્કરો એક સાથે મળીને તાલીમ અને સંચાલન ચાલુ રાખે છે."

ન્યુ દિલ્હી

ભારતની બે દિવસની મુલાકાતે આવેલા અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ જે. ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે મંગળવારે ટ્રમ્પના પ્રવાસના બીજા અને છેલ્લાં દિવસે હૈદ્રાબાદ હાઉસ ખાતે દ્વિપક્ષીય મંત્રણા હાથ ધરાઈ હતી. જેમાં બન્ને દેશો વચ્ચે હાલમાં અંદાજે રૂ. ૨૧ હજાર કરોડ સંરક્ષણ સોદાનો મંજૂરી આપવામાં આવી હતી. મહત્વની એવી ટ્રેડ ડીલ અંગે વાતચીત ચાલુ રહેશે એમ પણ સહમતિ સધાઈ હતી. આ ઉપરાંત ભારત-અમેરિકા વચ્ચે મેન્ટલ હેલ્થ, સેફટી ઓફ મેડિકલ પ્રોડક્ટ, પેટ્રોકેમિકલ પર પણ સમજૂતિ કરાર થયા હતા. બન્ને મહાનુભાવોએ ત્યારબાદ સંયુકત પત્રકાર પરિષદ યોજીને જાહેરાતો કરી હતી.

હૈદરાબાદ હાઉસમાં વડાપ્રધાન મોદી અને અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાત પછી બંને નેતાઓ દ્વારા સંયુક્ત નિવેદન જાહેર કરવામાં આવ્યું છે. જેમાં મુખ્ય એ જાહેર કરાયું કે ભારતની બાહ્ય અને આંતરિક સુરક્ષાને વધુ મજબૂત બનાવવા સંરક્ષણ શસ્ત્ર સંરજામ માટે અમેરિકા પાસેથી આધુનિક ઉપકરણો ખરીદજવામાં આવશે. જે અંદાજે ૩૦૦ અબજ ડોલર એટલે કે ભારતીય રૂપિયામાં ગણીએ તો ૨૧ હજાર કરોડ થાય છે. તેના સકારાત્મક પરિણામ મળશે. અમે બંને દેશો વિશ્વમાં કનેક્ટિવિટી ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસમાં સહમત છીએ. તે એકબીજાના નહીં પરંતુ સમગ્ર દુનિયાના હિતમાં છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વચ્ચે દ્વિપક્ષીય વાતચીત થઈ. ટ્રમ્પે કહ્યું કે બંને દેશો ઈસ્લામિક આતંકવાદ પર કાર્યવાહી કરવા સાથે મળીને કામ કરશે. આ સિવાય ટ્રમ્પે પણ પાકિસ્તાન પર પ્રહારો કરતાં કહ્યું કે પાકિસ્તાને પોતાની જમીન પર આતંકવાદનો અંત લાવવો જોઈએ. ભારત અને અમેરિકા હંમેશાં એક છે.

સંયુક્ત નિવેદનમાં ટ્રમ્પે કહ્યું કે, ભારતીયોની મહેમાનગીરી સદા માટે યાદ રહેશે. મોદી અહીં ખૂબ સારુ કામ કરી રહ્યાં છીએ. અમદાવાદમાં મહાત્મા ગાંધીજીના આશ્રમમાં ખાસ અનુભૂતિ થઈ. રાષ્ટ્રપતિ કોવિંદ અમને ડિનર આપવાના છે. મોદી સાથે વાતચીતમાં ૩ અબજ ડોલરના રક્ષા સોદા અંગે સહમતી થઈ છે. બંને દેશો ઈસ્લામિક આતંકવાદ ખતમ કરવા માટે પણ સારુ કામ કરશે. અમેરિકા સંતુલિત ટ્રેડ માટે પ્રતિબદ્ધ છે. અમે હિંદ-પ્રશાંત ક્ષેત્રને સુરક્ષિત રાખવા માટે પણ પ્રતિબદ્ધ છીએ.


ટ્રમ્પે એમ પણ કહ્યું કે, જ્યારથી મેં ભારત સાથે વેપાર સંભાળ્યો છે ત્યારથી અમેરિકાની નિકાસ વધી રહી

અનુસંધાન પાના નં. ૫

ભારતના ઉદ્યોગકારોને કહ્યું: હું ફરી ચૂંટણી જીતીશ તો બજાર રોકેટની જેમ ઉછળશે

ટ્રમ્પનો ઘટસ્ફોટ: જો હું ફરી જીતી ના શક્યો તો વૈશ્વિક શેરબજારોમાં જબરજસ્ત ગાબડા પડશે

ટ્રમ્પે પત્રકાર પરિષદ યોજી દિલ્હીમાં થયેલી હિંસા અને ભારતના નાગરિકતા કાયદા અંગે જવાબો આપ્યા



ન્યુ દિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે મંગળવારે અત્રે નવી દિલ્હી ખાતે ભારતના ઉદ્યોગપતિઓ અને કંપનીઓના સીઈઓ સાથે યોજાયેલી મુલાકાતમાં તેમને અમેરિકામાં મૂડીરોકાણ માટે આવકાર્યા હતા અને એમ પણ ઈશારો કર્યો હતો કે અમેરિકામાં યોજાનાર પ્રમુખપદની ચૂંટણીમાં જો હું ફરી વખત ચૂંટણી જીતીશ તો મને લાગે છે કે શેર બજાર રોકેટની માફક ઉછળશે. હવે ટૂંક સમયમાં ચૂંટણી આવી રહી છે. અમને લાગે છે કે અમે ચૂંટણી જીતી જશું, કારણ કે અમે હેલ્થકેર, જોબ્સ અને લશ્કર જેવા ક્ષેત્રમાં ઘણુબધુ કામ કર્યું છે. અમે ટેક્સના દરમાં ઘટાડો કર્યો છે, નિયમનકારી સ્થિતિ ઓછી કરી છે. જ્યાં સુધી નોકરીઓનો પ્રશ્ન છે તો સરકાર ફક્ત તેમા મદદ કરી શકે છે. હકીકતમાં નોકરી તો પ્રાઈવેટ સેક્ટર આપે છે.

ટ્રમ્પે એવી આગાહી કરી હતી કે, જો તેઓ ચૂંટણી નહીં જીતી શકે તો તમે(વ્યાપારજગતના લોકો) એવો બજારમાં ઘટાડો જોશો કે તે તમે ક્યારેય અગાઉ જોયો ન હોય...! ચીનમાં ફાટી નિકળેલા કોરોના વાઈરસના પ્રકોપ અંગે ટ્રમ્પે કર્યું કે ચીન તેને કાબુમાં લેવા મહેનત કરી રહ્યું છે. મે ચીનના રાષ્ટ્રપતિ સાથે વાતચીત કરી છે. એવું લાગે છે કે ચીન કોરોના વાઈરસ પર નિયંત્રણ મેળવી લીધું છે. તેમણે કહ્યું કે ભારતે અમેરિકા પાસેથી હેલિકોપ્ટર ખરીદવા માટે ૨૧.૫ હજાર કરોડનો એક કરાર કર્યો છે.

ભારતીય સીઈઓ સાથે વાત કરતા ટ્રમ્પે કહ્યું કે ભારતમાં

અનુસંધાન પાના નં. ૫

મૌજપુર-બ્રહ્મપુરીમાં ફરી પથ્થરમારો... પેટ્રોલ પમ્પ ફુંકી માર્યો, મીડિયાકર્મીને ગોળી વાગી

દિલ્હીમાં હિંસા : ટ્રમ્પ સામે દેશની છાપ બગાડવા માટેનું કાવતરું હોવાનો પોલીસનો દાવો

રાજઘાટ પર શાંતિ પ્રાર્થના બાદ ઘાયલોને મળવા હોસ્પિટલ પહોંચ્યા કેજરીવાલ



ન્યુ દિલ્હી

નાગરિકતા સંશોધન કાયદો સમર્થક અને વિરોધી જૂથો વચ્ચે થયેલી હિંસક અથડામણોમાં હેડ કોન્સ્ટેબલ સહિત ૫ લોકોના મોત અને ૧૦૫ લોકો ઘાયલ થયા હતા. મંગળવારે ફરી મૌજપુર અને બ્રહ્મપુરી વિસ્તારમાં પથ્થરમારો શરૂ થઈ ગયો છે. દિલ્હી પોલીસે સોમવારે ઉત્તર-પૂર્વ દિલ્હીમાં હિંસાને એક સુનિયોજિત કાવતરું ગણાવ્યું છે. પોલીસના જણાવ્યા પ્રમાણે, અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતના પ્રવાસે છે તેમના દિલ્હી પહોંચ્યાના થોડા કલાક પહેલા રાજધાનીમાં હિંસા ભડકી ઊઠી હતી. વિશ્વ પટલ

અનુસંધાન પાના નં. ૫

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

નર્મદા અને સૌની યોજના માટે ફાળવણી સહિત કૃષિ-રોજગાર માટે નવી યોજનાની સંભાવના

આજથી વિધાનસભાનાં બજેટ સત્રનો પ્રારંભ



ટ્રમ્પની મુલાકાત પાછળના કરોડોના ખર્ચને લઈને કોંગ્રેસ વિધાનસભામાં સરકારને ઘેરે તેવી શક્યતા, સવા બે લાખ કરોડનું બજેટ રજૂ થવાની શક્યતા

ગાંધીનગર

ગુજરાત વિધાનસભાના બજેટ સત્રનો વિરામ બાદ આજે ૨૬મીથી પ્રારંભ થઈ રહ્યો છે. આ અગાઉની બેઠકમાં કેન્દ્રના સીએએ કાયદાને સમર્થન માટે સત્ર બોલાવાયું ત્યારે બજેટ સત્રના ભાગરૂપે ૧૦ જાન્યુઆરીના રોજ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે ગૃહને સંબોધન કર્યુ હતું. આવતીકાલે ૨૬મીએ નાણામંત્રી નીતિન પટેલ વર્ષ ૨૦૨૦-૨૧ના નાણાંકિય વર્ષની બજેટ રજૂ કરશે. જે અંદાજે સવા બે લાખ કરોડનું હોવાનો અંદાજ છે. ૨૨ વર્કિંગ દિવસોમાં ૨૫ બેઠકો યોજાશે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની અમદાવાદ મુલાકાતને લઈને ખાસ કરીને તેમની સરભરા અને કાર્યક્રમ માટે ખર્ચાયેલા કરોડો રૂપિયાને લઈને કોંગ્રેસ ભાજપ સરકારને ભીંસમાં લેવાનો પ્રયાસ કરે તેમ છે.

સૂત્રોએ જણાવ્યું કે આજથી શરૂ થઈ રહેલા બજેટ સત્રના પ્રથમ દિવસે નાણાંમંત્રી નીતિન પટેલ વર્ષ ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર રજૂ કરશે. જે ગત વર્ષની સરખામણીમાં ૧૮ હજાર કરોડના વધારા સાથે ૨ લાખ ૨૨ હજાર કરોડનું હોવાની ચર્ચા છે. આ બજેટમાં રાજ્ય સરકાર નાણાંકીય સંતુલનની સાથે રાજયની અમદાવાદ સહિતની અન્ય મહાનગર પાલિકાઓની ઓક્ટોબર માસમાં યોજાનાર ચૂંટણીને

અનુસંધાન પાના નં. ૫

દિલ્હીની બોર્ડરો સીલ કરો, તોફાનો કરવા બહારથી લોકો આવી રહ્યા છે: કેજરીવાલ



ન્યુ દિલ્હી

ઉત્તર પૂર્વ દિલ્હીમાં સોમવારથી ભડકેલી હિંસામાં અત્યાર સુધીમાં સાત લોકોના મોત થઈ ચુક્યા છે ત્યારે દિલ્હી મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ચોંકાવનારૂ નિવેદન આપતા કહ્યુ છે કે, દિલ્હીમાં તોફાનો કવ માટે બહારથી લોકો આવી રહ્યા છે.

તેમણે પાર્ટીના ધારાસભ્યો અને સરકારના અધિકારીઓ સાથેની બેઠક બાદ કહ્યુ હતુ કે, જે પણ હિંસા થઈ રહી છે તે યોગ્ય નથી. ફાયર બ્રિગેડ અને પોલીસ વચ્ચે તાલમેલ જરૂરી છે. નીચેના સ્તરે પોલીસને એક્શન લેવા માટે પરવાનગી નથી તેવુ જાણવા મળ્યુ છે. પોલીસને એક્શન લેવા છુટો દોર આપવામાં આવે.

તેમણે કહ્યુ હતું કે, એક પોલીસ કર્મીનુ મોત થયુ છે. આજે જે થઈ રહ્યુ છે તે કાલે બીજે થશે એટલે શાંતિ રાખવી જરૂરી છે. હિંસા પ્રભાવિત વિસ્તારોના ધારાસભ્યોનુ કહેવુ છે કે, પોલીસની સખ્યા ઓછી છે અને તેમને કાર્યવાહી કરવાની મંજૂરી નથી.

કેજરીવાલે કહ્યુ હતુ કે, દિલ્હીની બોર્ડરો સીલ કરવામાં આવે તે જરૂરી છે. કારણકે બહારથી લોકો આવી રહ્યા છે. મંદિરો અને મસ્જિદોમાંથી શાંતિની અપીલ કરવામાં આવે અને તોફાન પ્રભાવિત વિસ્તારોમાં શાંતિ માર્ચ યોજવામાં આવે.

તંત્રી લેખ

નવી આશાના સહારે

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બે દિવસની ભારત યાત્રા કરી ચુક્યા છે. સોમવારના દિવસે તેમની યાત્રા શરૂ થઈ હતી. હવે આજે મંગળવારના દિવસે તેમની યાત્રા પુર્ણ થઈ હતી. ટ્રમ્પ જુદા જુદા કાર્યક્રમમાં વ્યસ્ત રહ્યા હતા. જેમાં ટ્રમ્પે અમદાવાદમાં ગાંધી આશ્રમ સાથે તેમના કાર્યક્રમોની શરૂઆત કરી હતી. ત્યારબાદ અમદાવાદમાં જ વિશ્વના સૌથી મોટા ક્રિકેટ મેદાન મોટેરા ખાતે નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં જોડાયા હતા. જેમાં ભારત સાથેના તેમના સંબંધોને નવી ઉંચાઈ પર લઈ જવાની વાત કરવામાં આવી હતી. સાથે સાથે ત્રાસવાદના ખાતમાં માટે પણ વાત કરી હતી. જો કે ભારત અમેરિકા પાસેથી આજની તારીખમાં કેટલીક અપેક્ષા રાખે છે. જે પૈકી સૌથી પહેલી અપેક્ષા એ છે કે દશકોની ભારતની માંગ મુજબ અમેરિકા ભારતને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ અપાવવા માટે માંગ પૂર્ણ કરે તે જરૂરી છે. ભારતે હમેંશા આ માંગ કરી છે. વિવિધ દેશોએ ભારતની આ માંગને ટેકો પણ આપ્યો છે. જેમાં રશિયા અને ફ્રાન્સનો સમાવેશ થાય છે. વિશ્વના મોટા ભાગના દેશો ભારતની માંગને ટેકો આપે છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં કાયમી સભ્યપદ ભારત માટે જરૂરી છે. ભારત અને અમેરિકા વચ્ચે જુદી જુદા વિષય પર વાતચીત થઈ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટ્રમ્પ સાથે વાતચીત પણ કરી છે. જેમાં વિવિધ મુદ્દા પર ચર્ચા થઈ છે. હવે ભારત ઈચ્છે છે કે બંને દેશો વચ્ચે મજબુત બની રહેલા માહોલમાં અમેરિકા જોરદાર રીતે અને સ્પષ્ટ રીતે સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના દાવાને મજબુત રીતે ટેકો આપે. બંને દેશો વચ્ચે ક્યાં ક્યા મુદ્દા પર હવે કરાર થનાર છે. તેનમા પર વાતચીત થઈ છે. જો સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં કાયમી સભ્યપદ માટે અમેરિકાનુ સમર્થન હાંસલ કરવામાં ભારતને સફળતા નહીં મળે તો એમ જ કહેવાશે કે ટ્રમ્પને આ યાત્રાનો સીધો ફાયદો થયો છે. ભારત અને અમેરિકા વચ્ચેના સંબંધો છેલ્લા કેટલાક વર્ષોમાં વધુને વધુ મજબુત બન્યા છે. જો કે અમેરિકાએ હજુ સુધી એ વાત કરી નથી જે વાત ભારત ઈચ્છે છે. કારણકે ભારતને આ મુદ્દા પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં કાયમી સભ્યપદ મેળવી લેવાના પ્રયાસો ભારતે છેલ્લા કેટલાક વર્ષોથી જારી રાખ્યા હોવા છતાં તેમાં સફળતા મળી રહી નથી. જ્યારે ભારત અને અમેરિકા હવે સંબંધોમાં મજબુત સ્થિતી આગળ વધી રહ્યા છે ત્યારે અમેરિકા અન્ય દેશોની સાથે મળીને ભારતને કાયમી સભ્યપદ અપાવવા માટે પ્રયાસો કરવા જોઈએ. કાયમી સભ્ય પદ હોવાની સ્થિતીમાં ભારત દુનિયાના દેશોમાં જુદા જુદા ઘટનાક્રમ પર વધારે મજબુત રીતે કામ કરી શકશે. હાલના સમયમાં કાયમી સભ્ય પૈકી ચીને અનેક મામલામાં ભારતની સામે અડચણો ઉભી કરી છે. હવે ભારત દરેક રીતે કાયમી સભ્યપદ મેળવી લેવા માટે પ્રબળ દાવેદાર છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત વધારે શક્તિશાળી દેશ તરીકે ઉભર્યુ છે. ભારતની છાપ પણ વૈશ્વિક દેશોમાં મજબુત બની છે. સંયુક્ત રાષ્ટ્રમાં ભારતની ભૂમિકા હવે નિર્ણાયક બને તે જરૂરી છે. કારણ કે દરેક ક્ષેત્રમાં ભારતની હવે મહાસભામાં અમેરિકા દેશને કાયમી સભ્યપદ અપાવવા પ્રયાસો કરે તે જરૂરી રાષ્ટ્રમાં વિસ્તારની પણ જરૂર રહેલી છે.

હવે મહાસભામાં અમેરિકા દેશને કાયમી સભ્યપદ અપાવવા પ્રયાસો કરે તે જરૂરી

નવી ચિંતા સપાટી પર : વસ્તીમાં ૭૭ ટકા સુધીનો ઘટાડો થયો

જળવાયુ પરિવર્તન : પેંગ્વિન વસ્તી ઘટી

અન્ટાર્કટિકામાં ચિનસ્ટ્રેપ પ્રજાતિના સંકટગ્રસ્ત પેંગ્વિનની વસ્તી છેલ્લા ૫૦ વર્ષમાં ૭૭ ટકા સુધી ઘટી ગઇ છે. વૈજ્ઞાનિકો દ્વારા પેંગ્વિનની વસ્તી કેમ ઘટી રહી છે તેને લઇને કેટલાક રિપોર્ટ જારી કરી ચુક્યા છે. વૈજ્ઞાનિકો દ્વારા આમાં વ્યાપક અભ્યાસ કરવામાં આવ્યા બાદ કેટલાક તારણ આપવામાં આવ્યા છે જેની તરફ ધ્યાન આપવાની જરૂર છે. વૈજ્ઞાનિકોનુ કહેવુ છે કે જળવાયુ પરિવર્તનના કારણે જ પેંગ્વિનની વસ્તીમાં નોંધપાત્ર રીતે ઘટાડો થઇ રહ્યો છે. વસ્તીમાં ઘટાડો હજુ જારી રહ્યો છે. જો કોઇ નક્કર પગલા લેવામાં આવશે નહીં તો આવનાર સમયમાં પેંગ્વિનની વસ્તી ખતમ થઇ શકે છે. પર્યાવરણ અને જળવાયુ પરિવર્તનના કારણે પેંગ્વિનની જ નહીં બલ્કે અનેક પક્ષીઓની પ્રજાતિ પહેલા જ ખતમ થઇ ચુકી ચુકી છે. હજુ આ સ્થિતી વધારે ખરાબ થઇ શકે છે. જળવાયુ પરિવર્તનને લઇને વૈજ્ઞાનિકો અભ્યાસની કામગીરીમાં લાગેલા છે. હકીકતમાં અંટાર્કટિકામાં ઝડપથી બરફ ઓગળવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ બરફ ઓગળવાના કારણે આ પેંગ્વિનના ખાસ ગણાતા ખોરાકમાં તકલીફ પડી રહી છે. પેંગ્વિનના મુખ્ય ખોરાક તરીકે ક્રિલ પ્રજાતિની ઝીંગા માછળી રહેલી છે. જો કે આની સંખ્યા પણ નોંધપાત્ર રીતે ઘટી રહી છે. ગ્રીનપિસ અભિયાન હેઠળ અંટાર્કટિકામાં પહોંચેલા વૈપાનિકોએ અભ્યાસ બાદ કેટલીક બાબતોને શોધી કાઢી હતી. વૈપાનિકોને લાગ્યુ કે પેંગ્વિનની વસ્તીમાં ઘટાડો થવા માટે સૌથી મોટુ કારણ તેમના ખોરાકમાં ઘટાડો છે. વૈજ્ઞનિક હીથર જે લિન્ચના કહેવા મુજબ આ પેંગ્વિનની ની કોલોનીઓમાં માત્ર ૫૨૭૮૬ પ્રજનન જોડી રહી છે. ૧૯૭૧માં કરવામાં આવેલા અંતિમ સર્વેક્ષણની તુલનામાંમાં તેમાં ૫૮ ટકા સુધીનો ઘટાજો થયો છે. શોધ કરનાર વૈજ્ઞાનિકોને એવુ પણ લાગ્યુ છે કે આ પેંગ્વિનની ની પ્રજનન ક્ષમતામાં પણ ઉલ્લેખનીય રીતે ઘટાડો થઇ રહ્યો છે. જન્મ બાદ પણ ઉભી થઇ રહેલી સ્થિતી તેમને



પેંગ્વિનની વસ્તી છેલ્લા ૫૦ વર્ષમાં નોંધપાત્ર રીતે ઘટી ગઇ : ઝડપથી બરફ ઓગળી જવાના કારણે પેંગ્વિનના ખોરાકમાં ઘટાડો થયો છે

નુકસાન કરી રહી છે. પેગ્વિન એ જળચર ઉડાણ વગરના પક્ષીઓના એક જુથ તરીકે છે. તેઓ આશરે એઓકમાત્ર દક્ષિણ ગોળાર્ધમાં રહે છે. ફકત એક જ પ્રજાતિ , ગેલપાગોસ પેગ્વિન પણ છે. પાણી તેમના માટે વધારે અનુકુળ રહે છે. તેમના વયને લઇને પણ સવાલો હમેંશા રહ્યા છે. જળવાયુ પરિવર્તનની ગતિના કારણે પણ અનેક દુલર્ભ પ્રજાતિઓ ખતમ થઇ રહી છે. વર્ષોથી જળવાયુ પરિવર્તનની અસરને ઘટાડી દેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા છે. જો કે તેની અસર ઓછી દેખાઇ રહી છે. હવે વસ્તીમાં ઘટાડા અંગેના હેવાલ આવ્યા બાદ ચિંતામાં અનેક ગણો વધારો થયો છે. તેમના પસંદગીના ખોરાકને સરળ રીતે ઉપલબ્ધ કરાવવા માટેના પ્રયાસ પણ જરૂરિ બન્યા છે. સાથે સાથે તેમને આદર્શ માહોલ મળે તે પણ જરૂરી છે. તેમનુ વૈજ્ઞાનિક નામ સ્પેનિસસાઇડે છે. પાણી તેમના માટે મોટા ભાગે આદર્શ રહે છે.

ફ્યુચર ટેકનિક પર જોરદાર રીતે કામ જારી

હવે માછળીમાંથી પ્લાસ્ટિક

પ્રદુષણ માટેના સૌથી મોટા કારણ પૈકી એક તરીકે પ્લાસ્ટિકને જોવામાં આવે છે. હવે પ્લાસ્ટિકના સૌથી સારા વિકલ્પ પર કામ ચાલુ રહ્યુ છે. હવે સતત અભ્યાસ કરવામાં આવ્યા બાદ પ્લાસ્ટિકના સૌથી સારા વિકલ્પ તરીકે સસેક્સ યુનિવર્સિટીની ૨૪ વર્ષી લુસીએ શોધી કાઢવામાં સફળતા હાંસલ કરી લીધી છે. લુસીએ પોતાના કોલેજ પ્રોજેક્ટના ભાગરૂપે ઇંગ્લેન્ડના એક ફિશ પ્રોસેસિંગ પ્લાન્ટમાં માછળીના બચેલા અંગ, સ્કીન અને અન્ય ચીજોનો ઉપયોગ કરીને મરીનાટેક્સ નામથી મજબુત બાયોડિગ્રેડેબલ તેમજ ઇકો ફેન્ડલી પ્લાસ્ટિકનુ નિર્માણ કરી લીધુ છે. આ બાયોપ્લાસ્ટિકને નષ્ટ કરવામાં માત્ર ચારથી છ સપ્તાહનો સમય લાગે છે. આને ખાતર તરીકે પણ ઉપયોગ કરવામાં આવી શકે છે. લુસીના કહેવા મુજબ એક એટલાન્ટિક કોડ માછળી ૧૪૦૦ મરીનાટેક્સ બેંગનુ ઉત્પાદન કરવા માટે ચીજો ઉપલબ્ધ કરાવે છે. વર્ષ ૨૦૧૯માં લુસીને તેની શોધ બદલ સન્માનિત કરવામાં આવી હતી. આને ફ્યુચર ટેકનિક તરીકે પણ જોવામાં આવે છે. માછળીમાંથી પ્લાસ્ટિકનુ નિર્માણ કરવામાં આવ્યા બાદ તે ઉયોગી સાબિત થઇ શકે છે. સાથે સાથે તે વિકલ્પ તરીકે રહેશે. તે નુકસાનપણ કરશે નહીં. કારણ કે આ બાયોપ્લાસ્ટિકને ચારથી છ સપ્તાહના ટુંકા ગાળામાં જ નષ્ટ કરવામાં આવી શકે છે.

પ્લાસ્ટિક પેકેજિંગ : મલેશિયામાં વપરાશ સૌથી વધારે રહેલી છે

૯૩ ટકા કચરો પર્યાવરણને હવાલે

હાલમાં પર્યાવરણને લઇને કેટલીક મહત્વપૂર્ણ બાબત સપાટી પર આવી છે. જે સાબિત કરે છે કે ઓછી આવકવાળા દેશોમાં ૯૩ ટકા કચરાને પર્યાવરણને હવાલે કરી દેવામાં આવે છે. પ્લાસ્ટિક પેકેજિંગની વાત કરવામાં આવે તો મલેશિયામાં વપરાશ સૌથી વધારે રહે છે. વર્લ્ડવાઇડ ફંડ ઓર નેચરે તાજેતરમાં જ એક રિપોર્ટ જારી કર્યો છે. જેમાં કેટલીક ચોંકાવનારી બાબતોનો ખુલાસો કર્યો છે. આ અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે દક્ષિણ એશિયાની છ ઉભરી રહેલી અર્થવ્યવસ્થાથી બજારમાં આવી રહેલી પ્લાસ્ટિક પેકેજિંગના પ્રમાણનુ નિરીક્ષણ કરવામાં આવ્યુ છે. આ રિપોર્ટ દર્શાવે છે કે ઓછી આવકવાળા દેશ પોતાના કચરા પૈકી ૯૩ ટકા કચરાને પર્યાવરણને હવાલે કરી દે છે. આવી જ રીતે ઉંચી આવકવાળા દેશમાં આ પ્રમાણ માત્ર ચાર ટકા છે. સિંગલ યુઝ પ્લાસ્ટિક અને ઉપભોગ વસ્તુઓના પેકેજિંગમાં ઉપયોગ થનાર પ્લાસ્ટિક વાતાવરણમાં પ્લાસ્ટિક પ્લાસ્ટિક પ્રદુષણને વધારી દેવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. દુનિયાભરમાં ૩૬ ટકા પ્લાસ્ટિકનો ઉપયોગ પેકેજિંગમાં કરવામાં આવે છે. એકત્રિતકરણ અને અન્ય તકલીફોનો કારણે એક મોટો હિસ્સો વાતાવરણને હવાલે કરી દેવામાં આવે છે. છ દેશોના મુલ્યાંકન મુજબ પ્લાસ્ટિક પેકેજિંગની મલેશિયામાં પ્રતિ વ્યક્તિ વપરાશની સ્થિતી સૌથી વધારે ૧૬.૭૮ કિલોગ્રામ છે. જ્યારે વાર્ષિક સ્થાનિક વપરાશના મામલે ચીન સૌથી આગળ છે. ચીનમાં વાર્ષિક સ્થાનિક વપરાશ વધારે રહે છે. પ્લાસ્ટિક પેકેજિંગમાં પ્રતિ વ્યક્તિ વાર્ષિક વપરાશની વાત કરવામાં આવે તો ચીન સૌથી આગળ છે. ઘરમાં થનાર પેકેજિંગના કુલ વપરાશની વાત કરવામાં આવે તો પણ આંકડો વધારે રહે છે. ઘરમાં થનાર પેકેજિંગની વાત કરવામાં આવે તો ચીનુ ચિત્ર જોરદાર રીતે ઉભરીને સપાટી પર આવે છે. ચીનમાં કુલ વાર્ષિક વપરાશની વાત કરવામાં આવે તો પીઇટી બોટલ ૫૪૭૪ જેટલી છે. અન્ય પ્લાસ્ટિક બોટલની વાત કરવામાં આવે તો સંખ્યા ૧૦૧૬ છે. આવી જ રીતે પ્લાસ્ટિક ફિલ્મ અને બેગની



ઓછી આવકવાળા દેશો પોતાના કચરા પૈકી ૯૩ ટકા કચરાને પર્યાવરણને હવાલે કરે છે : ઉંચી આવકવાળા દેશની ટકાવારી ચાર છે

વાત કરવામાં આવે તો સંખ્યા ૫૮૫૨ રહેલી છે. પ્લાસ્ટિક કપ અને કન્ટેનરની સંખ્યા ૩૭૭૭ રહેલી છે. અન્ય પ્લાસ્ટિક પેકેજિંગની સંખ્યા ૩૬૪૪ની આસપાસ છે. કુલ પ્લાસ્ટિક પેકેજિંગની વાત કરવામાં આવે તો ચીનમાં આ આંકડો ૧૯૭૬૫ સુધી પહોંચી જાય છે. આ આંકડા મિલિયન ટનમાં રહેલા છે. ઘરમાં થનાર પેકેજિંગની કુલ વાર્ષિક વપરાશની સ્થિતી પર નજર કરવામાં આવે તો આ આંકડા ચોક્કસપણે નિરાશ કરે છે. પ્લાસ્ટિક પેકેજિંગમાં વાર્ષિક પ્રતિ વ્યક્તિ વપરાશની વાત કરવામાં આવે તો ચીનમાં પ્લાસ્ટિક પેકેજિંગમાં વાર્ષિક પ્રતિ વ્યક્તિ ઉપયોગ ૧૪૦૮ કિલોગ્રામ છે. આવી જ રીતે ઇન્ડોનેશિયામાં આ આંકડો ૧૨.૫ કિલોગ્રામ છે. મલેશિયામાં આ આંકડો ૧૬.૭૮ કિલોગ્રામ છે. ફિલીપાઇન્સમાં આ આંકડો ૧૨.૪ કિલોગામ છે. આવી જ રીતે ઘરમાં થનાર પેકેજિંગના કુલ વાર્ષિક વપરાશની વાત કરવામાં આવે તો ઇન્ડોનેશિયામાં પીઇટી બોટલ ખપતનો આંકડો ૫૪૭૪ મિલિયન ટનની આસપાસ છે. આવી જ રીતે અન્ય પ્લાસ્ટિક બોટલનો વાર્ષિક વપરાશનો આંકડો ૧૪૨ મિલિયન ટનમાં છે. ઇન્ડોનેશિયામાં કુલ પ્લાસ્ટિક પેકેજિંગનો આંકડો મિલિયન ટનમાં ૩૨૬૫ રહેલો છે. રિપોર્ટમાં કેટલીક નવી બાબત સપાટી પર આવી છે. પ્લાસ્ટિક કચરાને ખુબ ખતરનાક તરીકે ગણવામાં આવે છે. પ્લાસ્ટિક પેકેજિંગના મામલે નિષ્ણાંતો દ્વારા પણ જુદી જુદી પ્રતિક્રિયા વ્યક્ત કરવામાં આવી રહી છે. પ્લાસ્ટિક પ્રદુષણને ખુબ ખતરનાક તરીકે ગણવામાં આવે છે. આના કારણે હમેંશા આરોગ્યને નુકસાન થાય છે. પ્લાસ્ટિક પ્રદુષણને રોકવા માટે વિવિધ પગલા પોતાના સ્તર પર દુનિયાના દેશો દ્વારા લેવામાં આવી રહ્યા છે. સિંગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગને રોકવા માટે ભારત જેવા દેશોમાં જોરદાર પ્રયાસ કરવામાં આવી ચુક્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી આની સામે ઝુંબેશ છેડવા માટેની વાત કરી ચુક્યા છે. સાથે સાથે અનેક સેલિબ્રિટીઓ પણ સિંગલ યુઝ પ્લાસ્ટિકના વપરાશને રોકવા માટે વિવિધ પગલા લઇ ચુક્યા છે. હજુ સુધી સ્થિતીને સુધારી દેવામાં ઉલ્લેકનીય સફળતા હાથ લાગી નથી. પર્યાવરમને પણ પ્લાસ્ટિક જુદી જુદી ભારે નુકસાન પહોંચાડે છે. આને લઇને સમય સમય પર રિપોર્ટ જારી કરવામાં આવે છે. પ્લાસ્ટિકનો ઉપયોગ એટલી હદ સુધી વધી ગયો છે કે તેને રોકવામાં સફળતા મળી રહી નથી. પ્લાસ્ટિક જુદી જુદી શરીરમાં પહોંચીને નુકસાન કરે છે. અમે જાણતા અજાણતા પણ પ્લાસ્ટિકનો ઉપયોગ કરી જઇએ છીએ. જેના કારણે નુકસાન થાય છે. આગામી દિવસોમાં હાલમાં લાગેલા નિષ્ણાંતો પ્લાસ્ટિકના નુકસાનને લઇને વધુ નક્કર માહિતી પણ જારી કરનાર છે.

હેર ટ્રાન્સપ્લાન્ટેશન : વાળ પ્રત્યારોપણમાં લાપરવાહી ભારે પડી શકે

વાળના જતન માટે સાવધાની જરૂરી



વાળ ખરી પડવાની પ્રક્રિયાથી દુનિયાના મોટા ભાગના પુરૂષો પરેશાન થયેલા છે. જંગી રકમ પણ વાળ ન ખરી પડે અથવા તો વાળ ખરી પડ્યા બાદ વાળ માટે કરે છે.પુરૂષોમાં વાળ ખરી પડવાની બાબત વધારે જોવા મળે છે. સારવાર માટે લોકો હેર ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયાને અપનાવે છે. પરંતુ આની સાથે જોડાયેલી સાવચેતી તેમની પાસે નહી હોવાના કારણે આવા લોકોને કેટલીક સમસ્યાનો સામનો કરવો પડે છે. હાલમાં જ આવા કેટલાક મામલા સપાટી પર આવી ચુક્યા છે. આ પ્રક્રિયા દરમિયાન એક વ્યક્તિનુ તો મોત પણ થઇ ગયુ હતુ. હેર ટ્રાન્સપ્લાન્ટ અને તેની સાથે જોડાયેલી સાવધાન પર અમે આજે વાત કરી રહ્યા છીએ. વાળના સ્વાસ્થ માટે વિટામિન, બાયોટિન અને મિનરલ યુક્ત ભોજન ઉપયોગી સાબિત થાય છે. બાદામ, મગફળી પણ ઉપયોગી સાબિત થાય છે. વધારે પડતા ટેન્શન, સતત કેંમિકલયુક્ત પેદાશોના ઉપયોગ અને વારંવાર શેમ્પુ અને અન્ય પેદાશોના બદલવાના કારણે આ તકલીફ થાય છે. હાર્મોનલ ફેરફાર પણ અસર કરે છે. સમય કરતા પહેલા અથવા તો ચોક્કસ વય બાદ હાર્મોનમાં ફેરફાર થાય છે. મહિલાઓમાં તાઇરોઇડ હાર્મોન, લોહીની કમી અને પીસીઓડીની સમસ્યાથી વાળ ખરી પડે છે. પુરૂષોમં જોવા મળનાર ટેસ્ટોસ્ટેરોન હાર્મોન ડિહાઇડ્રોસ્ટોસ્ટેરોનમાં ફેરવાઇ જાય છે ત્યારે માથાના આગળના વાળ ખરી પડે છે. બે ટેકનિક મારફતે હેર ટ્રાન્સપ્લાન્ટની વિધી કરવામાં આવી છે. ફોલિક્યુલર યુનિટ ટ્રાન્સપ્લાન્ટેશનની એક પ્રક્રિયા છે. જેમાં માથાના પાછળના હિસ્સાથી બે સેન્ટીમીટર પહોળા કદમાં ચામડી કાઢી લેવામાં આવે છે. ત્યારબાદ તેંમાંથી વાળને અલગ કરીને માથાના આગળના હિસ્સા પર મેડિકેટેડ સોઇ મારફતે વાળ ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે. એ ગાળા દરમિયાન જે જગ્યાએ ચામડી લેવામાં આવે છે ત્યાં ટાંકા લગાવી દેવામા આવે છે. ત્યારબાદ નિશાન દેખાતા નથી. અન્ય એક ટેકનિક ફોલિક્યુલર યુનિટ એક્સટ્રેક્શન છે. જેના ભાગરૂપે એક ખાસ પ્રકારની મશીનથી માથાના પાછળના હિસ્સાથી એક એક વાળ કાઢીને માથાના આગળના હિસ્સામાં ઇમ્પ્લાન્ટ કરવામાં આવે છે. સર્જરી કરવામાં આવ્યા બાદ આગામી ૭થી ૧૦ દિવસ સુધી વાળને સ્પર્શ કરી શકાય નહી. આ ગાળા દરમિયાન બે ત્રણ દિવસ માટે પ્રભાવી જગ્યાએ પટ્ટી કરવામાં આવે છે. સાથે સાથે હેલમેટ અને ટોપી ન પહેરવા માટે કહેવામાં આવે છે. દર્દીને ચાર પાંચ દિવસ સુધી એન્ટીબાયોટિક અને પેઇન કિલર આપવામાં આવે છે. જેથી પીડા થતી નથી. આનાથી ઇન્ફેક્શનની શક્યતા ઘટી જાય છે. સમયમાં ભાગદોડ ભરેલી લાઇફસ્ટાઇલ, સ્ટ્રેસ, હાર્મોનને લઇને અસમતુલા અને અયોગ્ય સારસંભાળના પરિણામ સ્વરૂપે ઘણીબધી સમસ્યાઓની સાથે સાથે માથાના વાળ ખરવાની પ્રક્રિયા શરૂ થઈ જાય છે. માથામાં વાળ ખરી પડવાની સમસ્યા એટલી જટિલ બની છે કે હેરફોલને રોકવા માટે જે કંપનીઓ મેદાનમાં છે અને આની સારવાર માટેનો દાવો કરે છે તે કંપનીઓ અભૂતપૂર્વ નાણાં કમાઈ રહી છે. હેરફોલને રોકવા માટે શું કરવામાં આવે તેના માટે કઈ દવા લેવામાં આવે, તેના માટે કયા લોશનનો ઉપયોગ કરવામાં આવે તેને લઈને તમામને પ્રશ્ન સતાવી રહે છે. આવા સમયમાં આની સાથે જોડાયેલી કેટલીક કંપનીઓ અને નિષ્ણાંત લોકોનું કહેવું છે કે હેરફોલને રોકવાની બાબત કોઈ સરળ પ્રક્રિયા નથી. પરંતુ જો સાવધાનીપૂર્વક ડાયટ સાથે આગળ વધવામાં આવે અને પૂરતા પ્રમાણમાં પોષક તત્વોનો ઉપયોગ કરવામાં આવે તો આવી સ્થિતિમાં વાળ ખરી પડવાની સમસ્યાને રોકી શકાય છે. એવા પોષકતત્વો ભોજનમાં લેવા જોઈએ જેમાં વધુ પ્રમાણમાં વિશેષપ્રકારના તત્વો રહેલા હોય. ઓમેગા-૩ ફેટીએસિડ, ઝિંક, પ્રોટીન, બાયોર્ટિન, આયરન અને વિટામિન-ડી જેવી ચીજવસ્તુઓ ભોજનમાં વધુ પ્રમાણમાં લેવામાં આવે તો હેલ્થીહેર મેળવવામાં મદદરૂપ બની શકે છે. ડર્મેટોલોજિસ્ટ અને એન્ટીએજીન્સ સ્પેશિયાલિસ્ટ તબીબોનું કહેવું છે કે મલ્ટિવિટામિન અથવા તો સપ્લિમેન્ટ જેમાં ઝિંક, વિટામિન, ફોલેક, આયરન, કેલ્શિયમ વધારે પ્રમાણમાં રહે તેનાથી મદદ મળે છે. સ્વસ્થ હેરને જાળવી રાખવામાં બાયોર્ટીન સપ્લિમેન્ટ ખૂબજ ઉપયોગી છે. જો કે વિટામિન એનું વધુ પ્રમાણ વાળ ખરવાની સમસ્યાને આમંત્રણ આપે છે. સર્જરી કરવામાં આવ્યા બાદ આગામી ૨૪ કલાક સુધી વાળને ધોઈ શકાય નહી. ત્યારબાદ વાળ પર માત્ર પાણી નાંખવામાં આવે છે. આધુનિક સમયમાં વાળને લઈને મોટા ભાગના લોકો પરેશાન છે.

હેર ટ્રાન્સપ્લાન્ટની પ્રક્રિયા

હેર ટ્રાન્સપ્લાન્ટ એક સ્થાયી ઉકેલ હોઈ શકે છે. હેર ટ્રાન્સપ્લાન્ટેશન માટે બે ટેકનિકનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં ફોલિક્યુલર યુનિટ ટ્રાન્સપ્લાન્ટેશન અને ફોલિક્યુલર યુનિટ એકસ્ટ્રેશનનો સમાવેશ થાય છે. સામાન્ય અને જરૂરી લોહીની તેમજ શારરિક તપાસ કરવામા આવ્યા બાદ માત્ર માથાની ચામડી પર લોકલ એનેસ્થીસિયા આપવામા આવે છે. જેના કારણે દર્દીને પીડા થતી નથી. એનેસ્થેસિયાનો જોડ વ્યક્તિને વજન મુજબ જ આપવામાં આવે છે. આશરે પાંચથી આઠ કલાકની પ્રક્રિયા દરમિયાન દર્દી વચ્ચે વચ્ચે કોઈ ચીજ ખાઈ પણ શકે છે. ટ્રાન્સપ્લાન્ટેશન બાદ દર્દીને તરત જ હોસ્પિટલમાંથી રજા પણ આપી દેવામાં આવે છે. કેટલીક સાવધાની રાખીને વ્યક્તિ તેના તમામ કામો કરી શકે છે. સર્જરી કરવામાં આવ્યા બાદ સાત-દસ સુધી વાળને સ્પર્શ કરી શકાય નહી. શરૂઆતમાં દર્દીને પેઇન કિલર પણ આપવામાં આવે છે. ટ્રાન્સપ્લાન્ટેશન બાદ પહેલા એક વાર વાળ ખરે છે. પરંતુ બે ૬ણ મહિના બાદ વાળ આવવાની શરૂઆત થઈ જાય છે. સમગ્ર પરિણામ મળવામાં છ મહિનાનો સમય લાગી શકે .

ફિલ્મી ગપસપ...




બ્રાઝીલના સાઓ પાઉલોમાં કાર્નિવલ પરેડ દરમિયાન મોસિડેડ એલેગ્રી સામ્બા સ્કૂલની એક નૃત્યાંગના ફ્લોટ પર પર્ફોર્મ કરે છે.

મને સેટ પર ડૂડલ બનાવવા ગમે છે : માનુષી છિલ્લર

મુંબઈ

પૂર્વ મિસ વર્લ્ડ માનુષી છિલ્લર 'પૃથ્વીરાજ' ફિલ્મથી તેનું ડેબ્યુ કરી રહી છે. આ ફિલ્મમાં અક્ષય કુમાર લીડ રોલમાં છે. ફિલ્મના સેટ પરથી માનુષીએ તેની ડૂડલ બનાવવાની કલા દેખાડી હતી. ફિલ્મમાં તે રાજકુમારી સંયોગિતાના રોલમાં છે. માનુષીનું કહેવું છે કે, 'હું છેલ્લા થોડા સમયથી ડૂડલિંગ કરું છું અને જ્યારે પણ મને ચાન્સ મળે છે તો આના મારફતે મારી ક્રિએટિવ સાઈડ



શોધું છું. મારી પાસે બ્લેકબોર્ડ અને ચોક હોય છે એટલે બ્રેક દરમ્યાન મને સેટ પર ડૂડલ બનાવવા ગમે છે.'

માનુષીએ જણાવ્યું કે, 'મારા ડિરેક્ટરે મને કહ્યું હતું કે એક વાત ખાસ યાદ રાખજે કે તું રાજકુમારી સંયોગિતા છે અને તારે એક સિંહણની જેમ ગર્જના કરવી જોઈએ. તેમની આ વાત મારા દિમાગમાં બેસી ગઈ. સેટ પર મેં મારા ડિરેક્ટરના વિઝનને ચેનલાઈઝ કરવાની કોશિશ કરી. આ એક પાવરફુલ લાઈન છે. આ રાજકુમારી સંયોગિતાના સંકલ્પ, તેની ભાવના અને સાહસને દર્શાવે છે. આનાથી મને ખબર પડી કે મારે કઈ રીતે તેમને અને તેમના જીવનનને પડદા પર રજૂ કરવાનું છે.'

જ્હોન અબ્રાહમ સોશિયલ ઓન્ટ્રપ્રેન્યર રેવતી રોયની બાયોપિક પર કામ કરશે

મુંબઈ

જ્હોન અબ્રાહમ તેના પ્રોડક્શન હાઉસ હેઠળ એક નવી ફિલ્મ પ્રોડ્યૂસ કરવાનો છે. આ ફિલ્મ સોશિયલ ઓન્ટ્રપ્રેન્યર રેવતી રોયના જીવન પર આધારિત છે. ફિલ્મ હાલ પ્રી પ્રોડક્શન સ્ટેજમાં છે. ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી થયું નથી. આ ફિલ્મને 'રોમિયો અકબર વોલ્ટર' ફિલ્મના ડિરેક્ટ રોબી ગ્રેવાલ ડિરેક્ટ કરવાના છે.

રેવતી રોય ઘણા વર્ષોથી અર્બન ગરીબ મહિલાઓને પગભર કરવામાં મદદ કરે છે. તેમણે પહેલી ઓલ ફીમેલ ટેક્સી સર્વિસ શરૂ કરી હતી. ઉપરાંત ઓલ વિમેન લાસ્ટ માઈલ ડિલિવરી સર્વિસ આપતી કંપનીની પણ તેમણે શરૂઆત કરી હતી.

સૈફને ચંચૂપાત કરવાની ટેવ નથીઃ કરીના કપૂર ખાન

મુંબઈ


બૉલીવૂડ બેબ કરીના કપૂર ખાન લાંબા સમયથી બૉલીવૂડમાં છે અને તેની કારકિર્દી સફળતાપૂર્વક ચાલી રહી છે. બે દાયકા પછી પણ તે આજે સારી સારી ફિલ્મો કરી રહી છે. લગ્ન પણ થઈ ગયા સૈફ અલી ખાન સાથે અને એક દીકરો પણ થઈ ગયો તૈમુર. આટલી લાંબી મંઝિલ પછી કરીના પણ કહે છે કે મારા ચાહકોએ મને પ્રેમ અને સપોર્ટ આપ્યો છે તેથી હું બહુ ખુશ છું. હું અહીં બૉલીવૂડમાં આટલું લાંબું ટકી રહી તે પણ ચાહકોના પ્રેમના કારણે જ. મારા દર્શકોએ મને હંમેશાં સપોર્ટ કર્યો છે. આથી જ હું આજે અહીં છું.

આ ઉપરાંત મારા પતિનો પણ મને સતત સહયોગ રહ્યો છે. મને ક્યારેય સૈફે એમ નથી



પૂછ્યું કે હું કઈ ફિલ્મ કરું છું. આથી વિરુદ્ધ તે હંમેશાં મારી સાથે રહે છે. મારા દરેક કામમાં મદદ કરે છે. અમે તેના કામ અંગે ઘણી ચર્ચા કરીએ, પણ તે મને ક્યારેય ના પૂછે કે હું કઈ ફિલ્મ કરી રહી છું. તે મને ફક્ત એક જ વાત પૂછે કે હું ઘરે ક્યારે પાછી ફરીશ, કારણ કે તે મારી સાથે સમય વિતાવવા માગતો હોય છે. બાકી તે ક્યારેય મારી પૂછપરછ કરે નહીં, એમ 'ઉડતા પંજાબ'ની આ અભિનેત્રી કહે છે.

અક્ષય કુમારને કારણે આજે હું પરત આવી શક્યો : જગન શક્તિ




મુંબઈ

૨૫ જાન્યુઆરીના રોજ 'મિશન મંગલ' ફેમ ડિરેક્ટર જગન શક્તિ એરપોર્ટ જવા માટે તૈયાર હતાં પરંતુ અચાનક જ તેમને ચક્કર આવી ગયા અને તેઓ બેભાન થઈ ગયા હતાં. ત્યારબાદ જગન શક્તિને આર્ટરિવીનસ મેલફોર્મેશન હોવાનું નિદાન કરવામાં આવ્યું હતું. મુંબઈની હોસ્પિટલમાં બે અઠવાડિયા સારવાર કરાવ્યા બાદ જગન શક્તિને હવે રજા આપવામાં આવી છે અને તે કામ કરવા ઉત્સુક છે. જગન શક્તિએ પોતાની તબિયતને લઈને કહ્યું હતું કે તે હવે એકદમ ઠીક છે અને તે પોતાના કામ પર ફરત ફર્યો છે. પોતાના સ્વાસ્થ્ય અંગે વાત કરતાં જગન શક્તિએ કહ્યું હતું કે આર્ટરિ તથા વેઈન્સ તેના મગજમાં ભેગા થઈ ગયા હતાં અને તેમાંથી ક્લોટ બન્યો હતો. દર વર્ષે શિયાળામાં તેને માથાનો દુખાવો થતો હતો અને તે સાતથી ૧૦ દિવસ બાદ આપોઆપ મટી જતો હતો. હવે, તેને એકદમ સારું છે. વધુમાં જગન શક્તિએ કહ્યું હતું કે તેણે નવા પ્રોજેક્ટ્સ પર કામ કરવાની શરૂઆત કરી દીધી હતી. આથી જ તે મુંબઈ, ચેન્નઈ તથા બેંગાલુરુના આંટાફેરા મારતો હતો. તે સ્ક્રિપ્ટ તૈયાર કરવામાં વ્યસ્ત હતો પરંતુ પછી તબિયત ખરાબ તે કામ અટકી પડ્યું હતું. હવે, તે આ બધું સરખી રીતે પાર પાડશે. જગને કહ્યું હતું કે હવે તે રિલેક્સ છે પરંતુ લખે તો છે જ.

દિલ્હી હિંસા મામલે જાવેદ અખ્તરે કરી ટ્વિટ, લોકોએ કહ્યું: 'આગમાં ઘી હોમવાનું બંધ કરો'

મુંબઈ

જાવેદ અખ્તરે પોતાના ટ્વીટમાં કહ્યું કે, દિલ્હીમાં હિંસાનું સ્તર ખુબ જ વધી ગયુ છે. તમામ કપિલ મિત્રા બહાર આવી રહ્યા છે. એવું વાતાવરણ ઉભૂ કરવામાં આવી રહ્યું છે કે હિલ્દીના સામાન્ય લોકોને એ વિશ્વાસ અપાવી શકાય તે, આ બધુ સીએએના વિરોધ પ્રદર્શનનાં કારણે થઈ રહ્યું છે. થોડા સમય બાદ દિલ્હી પોલીસ તેનું સમાધાન નીકાળશે. આ ટ્વીટ બાદ જાવેદ અખ્તર પોતે ટ્રોલ થઈ ગયા. એક યૂઝરે ટ્વીટ કર્યું છે કે, થોડી



શરમ કરો, ખુદાને કયામતના દિવસે શુ દેખાડશો.

એક યૂઝરે લખ્યુ કે જાવેદ અખ્તર, તમારી બૌદ્ધિક બેઈમાની હવે સમજમાં આવી રહી છે. ગોળી ચલાવી આતંકવાદી શાહરૂખે, મર્યો હિંદુ કોન્સ્ટેબલ રતન લાલ. વિધવા પત્ની ત્રણ માસૂમ બાળકો વલખા મારી રહ્યા છે. અસલી દોષિ તો તમારા જેવા લોકો છે, જે અસલી દોષિઓને ચતુરાઈથી બચાવે છે. બેઈમાન છો તમે.

એક યૂઝરે લખ્યુ કે તમે અને તમારો પરિવાર તકનો લાભ ઉઠાવી સેક્યૂલર, કમ્યૂનલ બની જાવ છો. ફિલ્મ રિલીઝ કરવી હોય તો દેશભક્ત બની જાવ છો. તમે શ,શાહિનબાગ, જાફરાબાદ, ચાંદબાગ પર ચૂપ હતા. વાહ રે બુદ્ધિજીવી. એક યૂઝરે તો એવું લખ્યુ- બહુ ઘી નાંખ્યુ છે તમે આ આગમાં.

મંદિરની બહાર કેળાનું દાન કરતી એકતા કપૂર સોશિયલ મીડિયા પર થઈ ટ્રોલ

મુંબઈ

દિગ્ગજ ફિલ્મમેકર એકતા કપૂરનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ખુબજ વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં એકતા કપૂર મંદિરની બહાર ભીખારીઓને કેળાનું દાન કરતી જોવા મળી રહી છે. જો કે જે વસ્તુ માટે એકતા ટ્રોલ થઈ છે તે કેળાનું દાન નહીં પણ દાન કરવાની રીતના કારણે કેટલાક લોકોની નજરે ચડી છે.

એકતા ગરીબ લોકોને



દાન કરતી વખતે ભૂલથી પણ એ લોકો તેને અડી ન જાય એ વાતનું ધ્યાન રાખતી જોવા મળે છે. કેળા બાંટતી વખતે એકતા અદ્ધરથી કેળાનો ઘા કરતી દેખાઈ રહી છે. આવું કરવા જતા કેટલાક કેળા તેના હાથમાંથી પડી પણ જાય છે.જાણેકે આ લોકો કોઈ અસ્પૃશ્ય હોય એ રીતે એકતા તેમની સાથે વર્તન કરતી દેખાઈ રહી છે.

એક યૂઝરે એકતાને ટ્રોલ કરતા કહ્યું કે કેળાનું દાન કરે છે કે ફેંકી રહી છે? ભીખારીનો હાથ અડી જશે તો આસમાન નીચે નહી આવી જાય. એક યૂઝરે ગુસ્સામાં કહ્યું કે કોઈ કુતરાને બિસ્કીટ ફેંકે કોઈ સેન્સ છે કે નહી? માણસો સાથે જાનવરો જેવા વ્યવહાર કેમ કરે છે?

રમત જગત વિશેષ

બાંગ્લાદેશે ટેસ્ટ મેચમાં ઝિમ્બાબ્વેને ૧૦૬ રનથી હરાવ્યું, મુશફિકુરે ફટકારી બેવડી સદી



ઢાકા

યજમાન બાંગ્લાદેશ અને ઝિમ્બાબ્વેની ટીમ વચ્ચે ઢાકાના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમમાં એકમાત્ર ટેસ્ટ મેચ રમાઈ હતી. આ ટેસ્ટ મેચને બાંગ્લાદેશની ટીમે મોટા અંતરથી જીતી લીધી છે. પરંતુ ૪૫૦ દિવસ બાદ બાંગ્લાદેશની ટીમે કોઈ ટેસ્ટ મેચ જીતવામાં સફળતા હાંસિલ કરી છે. બાંગ્લાદેશે ઢાકા ટેસ્ટ મેચમાં ઝિમ્બાબ્વેને ઈનિંગ અને ૧૦૬ રનથી પરાજય આપ્યો છે.

આ મેચમાં ઝિમ્બાબ્વેના કેપ્ટને ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો, પરંતુ બાંગ્લાદેશની ટીમે તેને ૨૬૫ રનમાં ઓલઆઉટ કરી દીધું હતું. આ ઈનિંગમાં કેપ્ટન ઈરવાઈને ૧૦૭ રન ફટકાર્યા જ્યારે, પ્રિન્સ મસ્વૌરએ ૬૪ રનનું યોગદાન આપ્યું હતું. તો બાંગ્લાદેશની ટીમ તરફથી અબુ જાયદ અને નયીમ હસને ૪-૪ વિકેટ પોતાના નામે કરી હતી, જ્યારે બે વિકેટ તઈજુલ ઈસ્લામે પોતાના નામે કરી હતી.

બીજીતરફ ઝિમ્બાબ્વેના ૨૬૫ રનના જવાબમાં બાંગ્લાદેશની ટીમે ૧૫૪ ઓવરમાં ૬ વિકેટ ગુમાવીને ૫૬૦ રન બનાવ્યા અને દાવ ડિકલેર કર્યો હતો. બાંગ્લાદેશને પ્રથમ ઈનિંગના આધારે ૨૯૫ રનની લીડ મળી હતી. મુશફિકુર રહીમે પોતાના ટેસ્ટ કરિયરની ત્રીજી બેવડી સદી ફટકારતા ૩૧૮ બોલમાં અણનમ ૨૦૩ રન બનાવ્યા હતા. આ મેચમાં તે બાંગ્લાદેશ માટે ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન પણ બની ગયો છે.

તો કેપ્ટન મોમિનુલ હકે ૨૩૪ બોલમાં ૧૩૨ રન બનાવ્યા હતા, જ્યારે નજમુલ હુસૈને ૭૧ અને વિકેટકીપર લિટન દાસે ૫૩ રનનું યોગદાન આપ્યું હતું. તો ૨૯૫ રનની લીડનો પીછો કરવા ઉતરેલી ઝિમ્બાબ્વેની ટીમ બીજી ઈનિંગમાં માત્ર ૧૮૯ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી. આમ બાંગ્લાદેશે આ એકમાત્ર મેચ ઈનિંગ અને ૧૦૬ રને જીતી હતી. બાંગ્લાદેશ તરફથી બીજી ઈનિંગમાં નયીમ હસને ૫ વિકેટ અને તઈજુલ ઈસ્લામે ૪ વિકેટ ઝડપી હતી.

દરેક મેચમાં પ્લેઈંગ ઈલેવનને કેમ બદલવામાં આવે છે..?!!: કપિલ દેવ

ન્યુ દિલ્હી

ભારતીય ટીમને આઈસીસી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપમાં પ્રથમ હારનો સામનો કરવો પડ્યો. સોમવારે ન્યૂઝીલેન્ડે ભારતને ૧૦ વિકેટથી હરાવી દીધુ. આ વાતને લઈ ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન કપિલ દેવે ભારતીય મેનેજમેન્ટ પર સવાલો કર્યા છે. તેમને ટીમ મેનેજમેન્ટને સવાલ કર્યો છે કે, શામાટે દરેક મેચમાં પ્લેઈંગ ઈલેવનને બદલવામાં આવે છે. કપિલ દેવ આ વાતથી નાખુશ છે કે ન્યૂઝીલેન્ડ વિરૂદ્ધ વેલિંગ્ટનમાં રમાયેલ પ્રથમ ટેસ્ટ મેચમાં ભારતીય ખેલાડીઓએ દરેક તરફથી ખરાબ પ્રદર્શન કર્યું. કપિલ દેવે કહ્યું કે,''ન્યૂઝીલેન્ડ ટીમના વખાણ કરવા જોઈએ, તેઓ ખુબ જ સારી રીતે ક્રિકેટ રમી રહ્યા છે. ત્રણ મેચોની વન-ડે સિરીઝ અને હવે આ ટેસ્ટ મેચમાં તેમણે શાનદાર પ્રદર્શન કર્યું છે. જો આપણે આ મેચનું ગંભીર રૂપે વિશ્લેષણ કરીએ તો મારી સમજમાં નથી આવતું કે, આટલા બધા બદલાવ કેમ કરવામાં આવી રહ્યા છે.''

પૂર્વ ઓલરાઉન્ડર કપિલ દેવે આગળ કહ્યું કે,''લગભગ દરેક મેચમાં ટીમ ઈન્ડિયા નવી ટીમ ઉતારી રહી છે. કોઈ ટીમ નિયમિત નથી. જો તમારા સ્થાનની સુરક્ષા નથી તો આ ખેલાડીઓના પરફોર્મંસ પર અસર કરશે. બેટિંગ ઓર્ડરમાં મોટા નામ હોવા છતા પણ જો તમે બંન્ને ઈનિંગમાં ૨૦૦ રનનો સ્કોર બનાવો છો તો પણ તમે જીતની સ્થિતિમાં નથી હોતા. તમારે વધારે યોજનાઓ અને રણનીતિ બનાવવાની રહેશે.'

રણજી ટ્રોફી : ગુજરાત-સૌરાષ્ટ્ર વચ્ચે ૨૯મીએ રાજકોટ ખાતે સેમિફાઈનલ

રાજકોટ

સૌરાષ્ટ્રની ટીમ રણજી ટ્રોફીની સેમિફાઈનલમાં પહોંચી ગઈ છે. આંધ્રપ્રદેશ વિરુદ્ધ પ્રથમ ઈનિંગ્સની લીડના આધારે સૌરાષ્ટ્ર વિજેતા થયું. સેમિફાઈનલમાં સૌરાષ્ટ્ર ગુજરાત સામે ટકરાશે. મેચના અંતિમ દિવસે સૌરાષ્ટ્રએ બીજી ઈનિંગ્સમાં ૯ વિકેટે ૩૭૫ રનથી આગળ રમવાનું શરૂ કર્યું. ટીમ ૪૨૬ રન કરી ઓલઆઉટ થઈ. સૌરાષ્ટ્રએ પ્રથમ ઈનિંગ્સમાં ૪૧૯ જ્યારે આંધ્ર પ્રદેશે ૧૩૬ રન કર્યા હતા. આંધ્રને ૭૧૦ રનનો ટાર્ગેટ મળ્યો. આંધ્રએ બીજી ઈનિંગ્સમાં ૪ વિકેટે ૧૪૯ રન કર્યા હતા. ગુજરાત અને સૌરાષ્ટ્ર ૨૯મી ફેબ્રુઆરીએ રાજકોટના સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિયેશન ખાતે ફાઈનલમાં સ્થાન મેળવવા માટે એકબીજા સામે ટકરાશે.

મોદી પાવરમાં છે ત્યાંસુધી ભારત-પાકિસ્તાનના સંબંધ ન સુધરેઃ આફ્રિદી



કરાંચી

પાકિસ્તાનના પૂર્વ કેપ્ટન શાહિદ આફ્રિદીએ એક ઈન્ટરવ્યૂમાં કહ્યું કે, "જ્યાર સુધી પીએમ નરેન્દ્ર મોદી પાવરમાં છે, ત્યાર સુધી ભારત-પાકિસ્તાનના સંબંધ સુધરશે નહીં. મોદી પાવરમાં છે ત્યાર સુધી અમને ભારત તરફથી કોઈ રિસ્પોન્સ મળશે નહીં." આફ્રિદીએ શું ભારત-પાકિસ્તાનની બાઈલેટરલ સીરિઝ રમાશે કે નહીં તેના જવાબમાં આ નિવેદન આપ્યું હતું.

તેણે કહ્યું કે, ભારત-પાકિસ્તાનના સંબંધ એક માણસના કારણે બગાડ્યા છે, અમારે તે જોઈતું નથી. બંને દેશના લોકો એકબીજાના દેશમાં ટ્રાવેલ કરવા માંગે છે. હું એ નથી સમજતો કે મોદીનું શું કરવું અને તેનું એજેન્ડા શું છે. ભારત અને પાકિસ્તાન ૨૦૧૩થી કોઈપણ બાઈલેટરલ સીરિઝ રમ્યા નથી. ૨૦૧૩માં પાકિસ્તાનની ટીમ ત્રણ વનડેની સીરિઝ માટે ભારત આવી હતી. ભારતીય ટીમ છેલ્લે ૨૦૦૬માં રાહુલ દ્રવિડની કમાનીમાં પાકિસ્તાન ગઈ હતી. મુંબઈમાં ૨૬/૧૧/૨૦૦૮ના આંતકી હુમલા પછી બંને દેશ મોસ્ટલી આઈસીસી ટૂર્નામેન્ટમાં જ એકબીજા સામે રમી હતી.

બીજી ટેસ્ટ માટે કોહલીએ બેટ્સમેનોના અત્યંત રક્ષણાત્મક વલણને છોડવાની અપીલ કરી

વેલિંગ્ટન

ભારતીય કેપ્ટન વિરાટ કોહલીએ ન્યૂઝીલેન્ડ વિરુદ્ધ બીજી ટેસ્ટ મેચ પહેલા પોતાના બેટ્સમેનોના અત્યંત રક્ષણાત્મક વલણને છોડવાની અપીલ કરતા કહ્યું કે, વિદેશી પ્રવાસમાં આ પ્રકારની રમતથી ફાયદો મળતો નથી. ભારતે બેસિન રિઝર્વમાં પ્રથમ ટેસ્ટ મેચમાં ૧૦ વિકેટથી હારનો સામનો કરવો પડ્યો હતો. તે ફાસ્ટ બોલરોને મદદરૂપ પિચ પર બંન્ને ઈનિંગમાં ૨૦૦ રનનો આંકડો પણ પાર કરી શક્યું નથી.

કોહલીએ હાર બાદ કહ્યું, 'મને લાગે છે કે બેટિંગ એકમ તરીકે અમે જે ભાષાનો ઉપયોગ કરીએ છીએ, તે બરાબર કરવો પડશે. મને નથી લાગતું કે સાવચેત થવાથી કે ખુબ રક્ષણાત્મક વલણ અપનાવવાથી મદદ મળશે કારણ કે તેવામાં બની શકે કે તમે તમારા શોટ ન રમી શકો.'

બીજી ઈનિંગમાં ટેકનિકના માહેર બેટ્સમેન ચેતેશ્વર પૂજારાએ ખુબ રક્ષણાત્મક વલણ અપનાવ્યું અને ૮૧ બોલ પર ૧૧ રન બનાવ્યા હતા. હનુમા વિહારીએ ૭૯ બોલનો સામનો કર્યો અને ૧૫ રન બનાવ્યા હતા. બેટ્સમેન યૂનિટ કોઈપણ સમય લય હાસિલ કરવામાં નિષ્ફળ રહ્યું હતું. પૂજારાએ વચ્ચે ૨૮ બોલ સુધી એકપણ રન ન બનાવ્યા અને તેવામાં બીજા છેડે રહેલા મયંક અગ્રવાલે ઢીલા શોટ રમવા માટે મજબૂર થવું પડ્યું હતું. ભારતીય કેપ્ટન કોહલીને તે ક્યારેય પસંદ નથી કે તમે દોડીને એક રન ન લો અને કોઈ સારા બોલની રાહ જુઓ જે તમારી વિકેટ ઝડપે.

તેંદુલકરનો રેકોર્ડ તોડનાર શેફાલી વર્માને આઈસીસીએ ગણાવી 'સુપરસ્ટાર'

દુબઈ

ઓસ્ટ્રેલિયામાં ચાલી રહેલ આઈસીસી મહિલા ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારતની શેફાલી વર્મા વિરોધીઓ પર ભારે પડી રહી છે. ૧૬ વર્ષની શેફાલી વર્મા આ વર્લ્ડ કપમાં અત્યાર સુધીમાં સૌથી વધારે સિક્સર ફટકારી ચૂકી છે. ભારતની સતત જીતમાં તેની આ ઈનિંગ્સની મહત્વની ભૂમિકા છે. કદાચ આ જ કારણ છે કે આઈસીસી એ બે મેચો બાદ જ તેને સુપરસ્ટાર માની લીધી છે. ક્રિકેટની આ સર્વોચ્ચ સંસ્થાએ શેફાલીનો એક વીડિયો પણ શેર કર્યો છે. શેફાલી વર્માએ સોમવારે બાંગ્લાદેશ વિરૂદ્ધ ૩૯ રન બનાવ્યા. તેણે પોતાની ઈનિંગમાં ૪ સિક્સર અને ૩ ફોર ફટકારી. તેની સ્ટ્રાઈક રેટ ૨૨૯.૪૧ રહી. ભારતે આ મેચ ૧૮ રનથી જીતી લીધી અને શેફાલીને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પંસદ કરવામાં આવી. શેફાલીએ આ પહેલા ભારતની પ્રથમ મેચમાં ઓસ્ટ્રેલિયા વિરૂદ્ધ ૧૫ બોલમાં ૨૯ રન બનાવ્યા હતા, જેમા પાંચ ચોગ્ગા અને એક સિક્સર સામેલ હતી. શેફાલીએ બાંગ્લાદેશ વિરૂદ્ધ પ્રથમ સિક્સર કવર અને બીજી મિડવિકેટ પર મારી. બાદમાં તેણે લોંગઓફ પર પણ બે સિક્સર ફટકારી.



પૂર્વ દિલ્હીના ચાંદ બાગ વિસ્તારમાં નાગરિકત્વ સુધારો અધિનિયમ (સીએએ), રાષ્ટ્રીય રજિસ્ટર ઓફ સિટીઝન (એનઆરસી) અને રાષ્ટ્રીય વસ્તી રજિસ્ટર (એનપીઆર) વિરુદ્ધ એક પ્રદર્શન દરમિયાન વિરોધીઓએ સૂત્રોચ્ચાર કર્યા હતા.

દિલ્હી હિંસા પર ગૌતમ ગંભીર લાલઘૂમ થયો, કહ્યું: હિંસા ભડકાવી તો છોડીશું નહીં

ન્યુ દિલ્હી

દિલ્હી હિંસા કેસમાં ભાજપ સાંસદ ગૌતમ ગંભીરે કપિલ મિશ્રા પર કાર્યવાહી કરવાની માંગણી કરી છે. ગૌતમ ગંભીરે કહ્યું કે કોઇ ફરક પડતો નથી કે તેઓ વ્યક્તિ કોણ છે, પછી તે કપિલ મિશ્રા હોય કે બીજું કોઇ, કોઇપણ પાર્ટીથી સંબંધિત હોય, જો તેમને કોઇ ભડકાઉ ભાષણ આપ્યું છે તો તેમની વિરૂદ્ધ સખ્ત કાર્યવાહી થવી જોઇએ.

જો કે પૂર્વ દિલ્હીના સાંસદ ગૌતમ ગંભીર ભજનપુરા-મૌજપુર હિંસક ઘટનામાં ઘાયલ ડીસીપી અમિત શર્માની હાલચાલ પૂછવા માટે પટપડગંજ મેક્સ હોસ્પિટલ પહોંચ્યા. ઝાફરાબાદ હિંસામાં ડીસીપી અમિત શર્મા ગંભીર રીતે ઘાયલ થયા હતા, ત્યારબાદ સોમવાર મોડી રાત્રે તેમને મેક્સ હોસ્પિટલમાં દાખલ કરાયા. હાલ અમિત શર્માની સ્થિતિ ગંભીર બની છે. બે દિવસથી સતત દિલ્હીમાં થઇ રહેલી હિંસા પર ભાજપ સાંસદ ગૌતમ ગંભીરે કહ્યું કે નોર્થ ઇસ્ટ જિલ્લામાં જે લોકો હિંસામાં સામેલ છે, પછી તે કોંગ્રેસ, આમ આદમી પાર્ટીથી લઇ કોઇપણ પાર્ટીમાં હોય, તેના વિરૂદ્ધ કેસ કરાશે. જો કપિલ મિશ્રાનો પણ હાથ હશે તો તેમના વિરૂદ્ધ પણ કેસ કરશે. જો કે ૨૨મી જાન્યુઆરીના રોજ શાહીન બાગ બાદ જાફરાબાદ અને ચાંદ બાગમાં રોડ બંધ કરવાની વિરૂદ્ધ રસ્તા પર ઉતરેલા કપિલ મિશ્રાએ ધમકી આપી હતી કે દિલ્હી પોલીસ ત્રણ દિવસની અંદર રસ્તાઓને ખાલી કરાવે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની ભારત મુલાકાત બાદ પાછા જવા સુધી અમે અહીંથી શાંતિપૂર્વક જઇ રહ્યા છીએ, પરંતુ જો ત્રણ દિવસમાં રસ્તો ખાલી નહીં થાય તો અમે ફરીથી રસ્તા પર ઉતરીશું. ત્યારબાદ અમે દિલ્હી પોલીસનું સાંભળીશું નહીં. કપિલ મિશ્રાના નિવેદન બાદ હિંસા ભડકી ઉઠી.

દેવામાં ડૂબેલી સરકારી વિમાન કંપની એર ઇન્ડિયાને અદાણી ગ્રુપ ખરીદશે..!!

ન્યુ દિલ્હી

સરકારી વિમાન કંપની એર ઇન્ડિયાને ખરીદવાની રેસમાં વધુ એક નામ સામે આવ્યુ છે, સૂત્રોનું કહેવું છે કે, દેશની મોટી કંપની અદાણી ગ્રુપ એર ઇન્ડિયાને ખરીદવાનું મન બનાવી રહી છે. આ પ્રથમવાર છે જ્યારે દેવામાં ડૂબેલી સરકારી વિમાન કંપનીને અદાણી ગ્રુપ ખરીદવાની વાત કરી રહી છે. આ પહેલા એર ઇન્ડિયાને ખરીદવા માટે ટાટા ગ્રુપનું નામ સામે આવી ચૂક્યું છે.

સૂત્રોનું કહેવું છે કે, અદાણી ગ્રુપ એર ઇન્ડિયા ખરીદવા માટે એક્સપ્રેસ ઓફ ઇન્ટ્રેરેસ્ટ દાખલ કરી શકે છે. આ માટે તૈયારીઓ શરૂ થઇ ચૂકી છે. તમને જણાવી દઇએ કે અદાણી ગ્રુપ ભારતનું સૌથી મોટું એરપોર્ટ ઓપરેટર બનવાની રેસમાં છે. આ ગ્રુપ હાલમાં અમદાવાદ, લખનઉ અન મેંગલોર એરપોર્ટનું સંચાલન કરે છે. આ સિવાય કંપની તિરૂવનંથપૂરમ, અમદાવાદ અને ગુવાહાટીના સંચાલન માટે પણ અરજી કરી ચુક્યું છે.

મામલા સાથે સંકળાયેલા એક અન્ય અધિકારીનું કહેવું છે કે, અદાણી ગ્રુપને એર ઇન્ડિયા ખરીદવા માટે કાયદાકીય પડકાર મળી શકે છે. કારણ કે અદાણી ગ્રુપ પહેલાથી જ કેટલાક એરપોર્ટનું સંચાલન કરી રહ્યું છે. જોકે કોઇ પણ પ્રકારનો અંતિમ નિર્ણય કેન્દ્ર સરકાર જ લેશે.

કેન્દ્ર સરકાર આ વર્ષે એર ઇન્ડિયાના વિનિવેશનો નિર્ણય લઇ ચૂકી છે. ભારત સહિત દુનિયાની તમામ કંપનીઓ એર ઇન્ડિયાને ખરીદવા માટે આવેદનો મંગાવવામાં આવ્યા છે. એર ઇન્ડિયા પાસે હાલમાં ૨૨,૦૦૦ કરોડ રૂપિયાનું ભારેભરખમ દેવું છે. કેન્દ્ર સરકારે ૨૦૧૮માં પ્રથમવાર એર ઇન્ડિયાનો ૭૬ ટકા સ્ટેક વેચવાનો નિર્ણય કર્યો હતો. પરંતુ આ વખતે સરકારે એર ઇન્ડિયાનો સંપૂર્ણ ૧૦૦ ટકા સ્ટેક વેચવા માટે આવેદન મંગાવ્યા છે. પરંતુ અત્યાર સુધીમાં કોઇ ફરીદાર મળ્યો નથી.

ફક્ત અઢી કલાકમાં દિલ્હીથી દેહરાદૂન પહોંચાશે... એલિવેટેડ એક્સપ્રેસ-વે બનશે

દહેરાદુન

દેશની રાજધાની નવી દિલ્હીથી ઉત્તરાખંડની રાજધાની દેહરાદૂન હવે માત્ર અઢી કલાકની રહી જશે. ભારત સરકારે સહારનપુર અને બાગપતથી થઇને દિલ્હી અને દહેરાદૂન વચ્ચે એલિવેટિડ એક્સપ્રેસ-વે બનાવવા માટે મંજૂરી આપી દીધી છે. ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગ ઓથોરિટીના ચેરમેન એસએસ સંધૂએ ઉત્તરાખંડના મુખ્યમંત્રી ત્રિવેંદ્ર સિંહ રાવત સાથે મુલાકાત કરી જાણકારી આપી.

દેહરાદૂન-દિલ્હી એલિવેટેડ એક્સપ્રેસ-વે પર ખુશી વ્યક્ત કરતાં ઉત્તરાખંડના મુખ્યમંત્રી ત્રિવેંદ્ર સિંહ રાવતે કહ્યું કે આ રાષ્ટ્રીય રાજમાર્ગ બની જતાં ઉત્તરાખંડના પર્યટનને પ્રોત્સાહન મળશે અને રાજયના આર્થિક વિકાસમાં આ એક્સપ્રેસ-વે મીલનો પથ્થર સાબિત થશે. અત્યારે દિલ્હીથી દેહરાદૂનનું અંતર ૨૬૮ કિમી છે અને રોડમાર્ગે જવામાં ૬ થી ૭ કલાક લાગે છે. દેહરાદૂન-દિલ્હી એલિવેટેડ એક્સપ્રેસ-વે બન્યા બાદ દિલ્હીથી દેહરાદૂન વચ્ચે અંતર ૧૮૦ કિલોમીટર રહી જશે. આ રાષ્ટ્રીય રાજમાર્ગ હેઠળ એલિવેટેડ રોડ અને મોહંડ પાસે એક નવી સુરંગ પ્રસ્તાવિત છે.

એનએચએઆઈ ચેરમેને મુખ્યમંત્રી રાવતે જણાવ્યું કે દેહરાદૂન-દિલ્હી એલિવેટેડ એક્સપ્રેસ-વેનો કેટલોક ભાગ ઉત્તર પ્રદેશના વન્યજીવ ક્ષેત્રોથી થઈને પસાર થાય છે. એનએચએઆઈએ ઉત્તર પ્રદેશ સરકાર પાસે આ પ્રોજેક્ટ માટે મંજૂરી આપવાનો અનુરોધ કર્યો છે. યૂપી સરકાર દ્વારા પર્યાવરણ સાથે જોડાયેલી મંજૂરી મળતાં જ આ રાષ્ટ્રીય રાજમાર્ગના નિર્માણનો રસ્તો સાફ થઇ જશે.

ટ્રમ્પના સન્માનમાં રાષ્ટ્રપતિ ભવનમાં ભવ્ય ડિનર... મનમોહન સિંહે જવાનો ઈંકાર કર્યો

સોનિયા ગાંધીને રાષ્ટ્રપતિના ડિનરમાં આમંત્રણ ન મળતા અધીર રંજન નારાજ

ન્યુ દિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના સન્માનમાં મંગળવારે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ ડિનર કરાવશે. તેને લઈને વિવાદ શરૂ થઈ ગયો છે. કોંગ્રેસ નેતા અધીર રંજન ચૌધરી બાદ હવે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહે પણ જવાથી ઈંકાર કર્યો છે. ન્યુઝ એજન્સીએ જણાવ્યા મુજબ પહેલા મનમોહન સિંહે ડિનરનું આમંત્રણ સ્વીકાર કરી લીધુ હતું, જોકે સોમવારે તેમણે સમારંભમાં નહિ જઈ શકે તેવી વાત કરી હતી.

કોંગ્રેસના નેતા સોનિયા ગાંધીને ડિનર માટે આમંત્રણ ન મળવાને કારણે તેઓ નારાજ છે. અધીર રંજને કહ્યું હતું કે પાર્ટીના ઈન્ટરીમ અધ્યક્ષ સોનિયા ગાંધીને આમંત્રણ આપવામાં આવ્યું નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સતત વિપક્ષના નેતાઓની આ પ્રકારના કાર્યક્રમમાં અવગણના કરી રહ્યાં છે. અમેરિકામાં થયેલા હાઉડી મોદી કાર્યક્રમ દરમિયાન ત્યાંના બંને મુખ્ય વિપક્ષોના નેતાઓને ડિનર માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું.

નિર્ભયા કેસ: દોષિતોને અલગ-અલગ ફાંસીની માગની અરજી સુપ્રીમે ૫ માર્ચ સુધી ટાળી

ન્યુ દિલ્હી

નિર્ભયાના દોષિતોને અલગ-અલગ ફાંસી આપવામાં આવશે કે પછી એક સાથે કેન્દ્રની આ અરજી પર સુપ્રીમ કોર્ટે ૫ માર્ચ સુધી સુનાવણી અટકાવી દીધી છે. આ સુનાવણી ટળતા ૩ માર્ચની દોષિતોની ફાંસીને લઈને ફરી પ્રશ્ન ઊભો થયો છે.

ત્રણેય દોષિતોના તમામ કાનૂની વિકલ્પો પૂરા થઈ ચૂક્યા છે અને ચોથો દોષી પવન તેના વિકલ્પનો ઉપયોગ કરવા તૈયાર દેખાતો નથી. તો આ સ્થિતિમાં ૩ માર્ચે ગુનેગારોને ફાંસી આપવી તે લગભગ નિશ્ચિત માનવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે જસ્ટિસ આર ભાનુમતી, જસ્ટિસ અશોક ભૂષણ અને જસ્ટિસ એ.એસ. બોપન્નાની બેન્ચે સવારે ૧૦.૩૦ વાગ્યે આ મામલાની સુનાવણી કરી હતી. ન્યાયાધીશ ભાનુમતી રજા પર હોવાના કારણે ગયા અઠવાડિયે આ કેસની સુનાવણી થઈ શકી નથી. જોકે આ કેસમાં કોર્ટે ચારેય દોષિતોને નોટિસ ફટકારી છે.

શાહીન બાગ કોઈના બાપનું નથી, ત્યાં બેસેલા લોકોને હટાવવામાં આવે : ભાજપા સાંસદ

ન્યુ દિલ્હી

બીજેપીના રાજ્યસભા સાસંદ રાકેશ સિન્હાએ દિલ્હીમાં ભડકેલી હિંસા અને ઉપદ્રવને લઈને કોંગ્રેસ પર સખત પ્રહાર કર્યો છે. રાકેશ સિન્હાએ કોંગ્રેસ અને વામપંથી પર સાંપ્રદાયિક તાકાતોને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવ્યો છે. બેગૂસરાય પહોંચેલા રાકેશ સિન્હાએ દિલ્હીમાં ચાલી રહેલી હિંસાનો ઉલ્લેખ કરતા કહ્યું કે રાહુલ ગાંધી, તેમની પાર્ટી (કોંગ્રેસ) અને દેશના વામપંથી સાંપ્રદાયિક તત્વોને સંરક્ષણ અને પ્રોત્સાહન આપી રહ્યા છે. તેમના સંવિધાન વિરોધી કામને સંવિધાનની રક્ષા બતાવવામાં આવી રહી છે.

રાકેશ સિન્હાએ કહ્યું હતું કે દેશમાં જ્યારે એક મહેમાન (અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ) આવ્યા હોય, પ્રતિષ્ઠા દાવ પર હોય તે સમયે દિલ્હીમાં જે ઘટના બની તેણે દેશમાં સિવિલ વોરની સ્થિતિ ઉભી કરી દીધી છે અને તેનો એક જ ઉપાય છે કે શાહીન બાગમાં બેસેલા લોકોને વીણી-વીણીને હટાવવામાં આવે, શાહીન બાગ કોઈના બાપની જાગીર નથી, તે સાર્વજનિક સ્થળ છે. રાકેશ સિન્હાએ શાહીન બાગમાં ચાલી રહેલા આંદોલનને સત્યાગ્રહ નહીં, દુરાગ્રહની સંજ્ઞા આપી હતી.

સરકારી સ્કુલની મુલાકાતે પહોંચેલ મેલાનિયાનું આરતી ઉતારી સ્વાગત કરાયું

ન્યુ દિલ્હી

ભારત પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પત્ની મેલાનિયા દિલ્હીની સરકારી સ્કુલની મુલાકાતે પહોચ્યા છે. મેલાનિયા દિલ્હીના નાનકપુરામાં સર્વોદય વિદ્યાલયમાં પહોંચ્યા છે જ્યાં બાળકીઓએ મેલાનિયાને તિલક કર્યુ અને આરતી ઉતારીને તેમનુસ્વાગત કર્યુ. આ કાર્યક્રમમાં મેલાનિયા એકલા પહોંચ્યા છે. મેલાનિયા આ સરકારી સ્કુલના બાળકો સાથે સમય પસાર કરશે અને જોશે કે કેજરીવાલ સરકારનું આ હેપ્પીનેસ બાળકોને કેવી રીતે ટેન્શન ફ્રી રાખેછેઅને અભ્યાસને ઘણા રોચક અંદાજમાં તેમની સામે પ્રસ્તુત કરે છે.

સીએએના વિરોધમાં થયેલા વિરોધ પ્રદર્શનો મામલે ગૃહમંત્રીએ ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી

દિલ્હીના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં અર્ધસૈનિક બળોની ૩૭ કંપનીઓ તૈનાત કરાશે : અમિત શાહ



ન્યુ દિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ ભારતના પ્રવાસે છે ત્યારે જ રાજધાની દિલ્હીમાં સીએએના વિરોધમાં હિંસા ભડકી ઉઠી છે. જેમાં અત્યાર સુધીમાં એક પોલીસકર્મી સહિત ૭ લોકોના મોત નિપજ્યા છે. આ સ્થિતિ આગામી દિવસોમાં વણસી શકે તેવી શક્યતાઓના પગલે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ મંગળવારે બપોરે ૧૨ વાગ્યે ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી હતી.

આ બેઠકમાં ઉપરાજયપાલ અનિલ બૈજલ, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને અન્ય રાજકીય પક્ષોના પ્રતિનિધિઓની સાથે બેઠક બોલાવી છે. આ બેઠકમાં અર્ધસૈનિક બળોની ૩૭ કંપનીઓ ખડકવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ઉત્તર-પૂર્વી દિલ્હીમાં સીએએના વિરોધમાં શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો સોમવારે અચાનક જ હિંસા ભડકી ઉઠી હતી. ત્યાર બાદ મૌજપુરી અને બ્રહ્મપુરી વિસ્તારમાં પથ્થરબાજી થઈ હતી. આ હિંસામાં અત્યાર સુધીમાં ૭ લોકોના મોત નિપજયા છે, જેમાં હેડ કોન્સ્ટેબલ રતનલાલનો પણ સમાવેશ થાય છે. સાથે જ ૧૦૦થી વધારે લોકો ઘાયલ થયા હતાં.

દિલ્હી હિંસા મામલે ગૃહમંત્રી અમિત શાહે ઉત્તર પૂર્વ દિલ્હીમાં હિંસા બાદ રાજધાનીમાં સ્થિતિની સમીક્ષા કરવા માટે બેઠક બોલાવી છે. આ બેઠકમાં ઉપરાજયપાલ અનિલ બૈજલ, મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને વિવિધ પક્ષોના પ્રતિનિધિઓને બોલાવવામાં આવ્યા છે. ગૃહમંત્રાલયના એક અધિકારીએ જણાવ્યું હતું કે, શાહે દિલ્હીની સ્થિતિ પર ચર્ચા માટે બેઠક બોલાવી છે. અગાઉ શાહે રાજધાનીમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિની સમીક્ષા માટે સોમવારે રાતે પણ એક બેઠક બોલાવી હતી.

આ હિંસાને લઈને આકરૂ વલણ દાખવતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે વધારાની પોલીસ ફોર્સ તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. બ્રહ્મપુરી, ઘોંડા, મૌજપુર, ચાંદપુર, કરાવલ નગરમાં અર્ધસૈનિક બળોની ૩૭ કંપનીઓ તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. ઉત્તર પૂર્વી દિલ્હીના ૧૨ વિસ્તારમાં પોલીસ સાથે અર્ધસૈનિક બળો ખડકવામાં આવશે અને ઉપદ્રવીઓને ડામવામાં આવશે.

દિલ્હીની સ્થિતિને ધ્યાનમાં રાખતા અર્ધસૈનિક બળોની ૧૩ કંપનીઓને દિલ્હી પોલીસની મદદ માટે તૈનાત કરવામાં આવી છે. તેમાંથી ૨ કંપનીઓ રેપિડ એક્શન ફોર્સ, ૧ સીઆરપીએફ મહિલા કંપનીનો પણ સમાવેશ થાય છે. દિલ્હીના હિંસાગ્રસ્ત વિસ્તારોમાં આ અર્ધસૈનિક બળોની કંપનીઓને તૈનાત કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ઉત્તર પૂર્વ દિલ્હીમાં સંશોધિત નાગરિકતા કાયદાને લઈને ભડકેલી હિંસામાં એક હેન્ડ કોન્સ્ટેબલ સહિત ચાર લોકોના મોત થયા અને પેરામિલેટ્રી અને દિલ્હી પોલીસના કર્મચારીઓ સહિત ઓછામાં ઓછા ૫૦ લોકો ઘાયલ થયા છે. દેખાવકારોએ ઘરો, દુકાનો, વાહનો અને એક પેટ્રોલ પંપમાં આગ લગાવી હતી.

દિલ્હીને દુનિયાની સૌથી પ્રદૂષિત રાજધાનીઓમાં મોખરાનું સ્થાન

દુનિયાના ૩૦ સૌથી પ્રદૂષિત શહેરોમાં ભારતના ૨૧ શહેરો સામેલ

ન્યુ દિલ્હી

રાષ્ટ્રપતિ ટ્રમ્પની ભારતની રાજધાની દિલ્હીમાં હાજરી સમયે જ સામે આવેલા એક રિપોર્ટમાં દિલ્હીને દુનિયાની સૌથી પ્રદૂષિત રાજધાનીઓમાં મોખરાનું સ્થાન આપવામાં આવ્યું છે. વર્લ્ડ એર ક્વોલીટી રિપોર્ટ, ૨૦૧૯ મુજબ દુનિયાના ૩૦ સૌથી પ્રદૂષિત શહેરોમાં ૨૧ શહેર ભારતના છે. દિલ્હી પાસે આવેલુ ગાજિયાબાદ દુનિયાના સૌથી પ્રદૂષિત શહેરોમાં આગળ છે. જેનાથી વિપરીત ચીનની રાજધાની બેઇજિંગે ૨૦૧૯માં હવા ગુણવત્તામાં નોંધનીય સુધારો કર્યો છે. બેઇજિંગ દુનિયાના ૨૦૦ સૌથી પ્રદૂષિત શહેરોની યાદીમાંથી બહાર નિકળવામાં સફળ રહ્યું છે.

ડબ્લ્યુએચઓ મુજબ હવાની ગુણવત્તા સચવાઇ રહે એ માટે પીએમ ૨.૫ વાર્ષિક ૧૦ માઇક્રોગ્રામ પ્રતિ ઘનમીટર રહેવુ જોઇએ. ગાજિયાબાદમાં વાર્ષિક પીએમ ૨.૫ ઘનત્વ ૧૧૦.૨ રહ્યું હતું. જોકે ભારત માટે રાહતની વાત એ છે કે ૨૦૧૮ અને ૨૦૧૯ વચ્ચે દેશના ૯૮% શહેરોમાં હવાનું પ્રદૂષણ ૨૦% ઓછુ થયું છે. એમ છતા ભારતના છ શહેર દુનિયાના પહેલા ૧૦ પ્રદૂષિત શહેરોમાં સામેલ છે. નવેમ્બર ૨૦૧૯માં દિલ્હીના કેટલાક વિસ્તારોમાં એર ક્વોલિટી ઇન્ડેક્સ ૮૦૦ને પાર થયા પછી પબ્લિક હેલ્થ ઇમરજન્સી જાહેર કરવી પડી હતી.

હવા ગુણવત્તાના મામલે દક્ષિણ એશિયાની સ્થિતિ સૌથી ખરાબ છે. રિપોર્ટ મુજબ સૌથી પ્રદૂષિત ૩૦ શહેરોમાં ૨૭ શહેરો ભારત, પાકિસ્તાન અને બાંગ્લાદેશના છે. પાકિસ્તાનનું ગુજરાંવાલા, ફૈસલાબાદ અને રાવલપિંડી પહેલા ૧૦ પ્રદૂષિત શહેરોમાં સામેલ છે. એર વિઝુઅલ ડેટા મુજબ દક્ષિણ એશિયા, દક્ષિણ-પૂર્વ એશિયા અને મિડલ ઇસ્ટ પ્રદૂષણથી સૌથી વધારે પ્રભાવિત થયા છે. દુનિયાના ૩૫૫ શહેરોમાં આ અહીના માત્ર છ શહેરો જ એવા છે જે હવાની ગુણવત્તાને લઈને ડબ્લ્યુએચઓના વાર્ષિક લક્ષ્યને સાધે છે. દક્ષિણ એશિયામાં ૨૦૧૮ની સરખામણીએ ૨૦ ૧૯માં ઘણો સુધારો નોંધાયો છે.

સોનાના ભાવમાં ઘટાડો: સોનુ ૧૦ ગ્રામ દીઠ ૮૫૦ ઘટી ૪૪,૧૦૦ પર પહોંચ્યું

ન્યુ દિલ્હી

છેલ્લા કેટલાક દિવસથી ભારે તેજી બાદ બુલિયન માર્કેટમાં તેજીએ વિરામ લીધો હતો. અમદાવાદામાં સોનું (૯૯.૯) આશરે રૂપિયા ૮૫૦ ઘટી રૂા.૪૪,૧૦૦ થયા છે. જ્યારે ચાંદી કીલો પણ લગભગ રૂપિયા ૪૦૦ ઘટી ૪૯૫૦૦ થયા છે. આંતરરાષ્ટ્રીય બજારમાં સોનાનો ઔંસ દીઠ ભાવ ૧૬૫૨ ડોલર નોંધાયા છે. જ્યારે ચાંદી ૧૮.૪૫ ડોલર રહ્યા હતા.



દિલ્હીના નોર્થ-ઈસ્ટ વિસ્તારમાં પાછલા બે દિવસથી ફેલાયેલી હિંસાને રોકવા દરમિયાન જીવ ગુમાવનાર હેડ કોન્સ્ટેબલ રતન લાલને મંગળવારે કિંગ્સવે કેમ્પ સ્થિત પોલીસ લાઈનમાં રાજકીય સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. ડ્યૂટી દરમિયાન જીવ ગુમાવનાર આ વીર સિપાહીને શ્રદ્ધાંજલિ આપવા દિલ્હીના પોલીસ કમિશનર અમૂલ્ય પટનાયક પહોંચ્યા હતા. આ સિવાય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાંદન રાય અને ઉપરાજ્ય પાલ અનિલ બૈજલે પણ પોલીસ લાઈન પહોંચીને હેડ કોન્સ્ટેબલને શ્રદ્ધાંજલિ આપી હતી.

રાષ્ટ્રપતિ ભવનમાં ટ્રમ્પનું ઔપચારિક સ્વાગત કર્યા બાદ ગાર્ડ ઑફ ઑનર અપાયું

ટ્રમ્પ અને પત્ની મેલેનીયાએ દિલ્હીમાં રાજઘાટ પર મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી

ન્યુ દિલ્હી

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ બે દિવસના ભારતની મુલાકાતે સોમવારે અમદાવાદ આવી પહોંચ્યા હતા. પ્રથમ દિવસે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગાંધી આશ્રમની મુલાકાત બાદ અમદાવાદના મોટેરા સ્ટેડીયમ ખાતે 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમમાં હાજરી આપી હતી. જે બાદમાં ટ્રમ્પ દંપતીએ આગ્રા ખાતે તાજ મહેલની મુલાકાત લીધી હતી. બેઠક પૂર્વે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને પત્ની મેલેનીયા દિલ્હીના રાજઘાટ પહોંચ્યા હતા. તેમજ તેમણે રાજઘાટ પર મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પી હતી. મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ તેમણે વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ પૂર્વે અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા હતા. જ્યાં તેમનુ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે તેમનું ઔપચારિક સ્વાગત કર્યું હતું.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું રાષ્ટ્રપતિ ભવનમાં ઔપચારિક સ્વાગત કરાયુ જ્યાં ઈવાંકા પહોંચી ચૂક્યા હતા. ઈવાંકાની સાથે અહીં લોકો સેલ્ફી ક્લિક કરી રહ્યા હતા. ઈવાંકા ટ્રમ્પ પિતા ડોનાલ્ડ ટ્રમ્પના સલાહકાર પણ છે.

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પ રાષ્ટ્રપતિ ભવન પહોંચ્યા. જ્યાં તેમને ગાર્ડ ઑફ ઑનર આપવામાં આવ્યુ.

શાળાની દિવાલ-દરવાજા પર 'પાકિસ્તાન ઝિંદાબાદ'ના સૂત્રો જોવા મળતા હાહાકાર

બેંગલુરુ

કર્ણાટકમાં તાજેતરમાં યોજાયેલી એક રેલીમાં સ્ટેજ પરથી 'પાકિસ્તાન ઝિંદાબાદ'ના નારા લગાવવાનો વિવાદ હજી શમ્યો નથી ત્યા તો હવે કર્ણાટકના હુબલી જિલ્લામાં આવેલી સરકારી સ્કૂલની દિવાલો પર 'પાકિસ્તાન ઝિંદાબાદ'ના નારા જોવા મળ્યા છે.

આ ઘટના બાદ લોકોમાં હંગામો મચી ગયો છે. ગામના લોકો પણ સ્કૂલ પાસે ભેગા થઈ ગયા હતા. મળતી વિગતો પ્રમાણે બદમાશોએ દિવાલ પર રવિવારની રાતે પાકિસ્તાન ઝિંદાબાદના નારા લખ્યા હોવાનુ મનાય છે. એ પછી સવારે આ વાત ગામમાં પ્રસરી ગઈ હતી. લોકોના ટોળા ભેગા થઈ ગયા હતા અને વિરોધ પ્રદર્શન શરુ થઈ ગયુ હતુ. આ સૂત્રો લખનારાની ધરપકડ કરવાની માંગણી સાથે લોકોએ દેખાવો કર્યા હતા. એ પછી સ્કૂલ સંચાલકોએ પોલીસમાં ફરીયાદ નોંધાવી છે. પોલીસનુ કહેવુ છે કે, સ્કૂલના દરવાજાઓ અને દિવાલો પર સૂત્રો લખવામાં આવ્યા છે. જેની તપાસ ચાલી રહી છે. પાચ થી છ જગ્યાએ આ પ્રકારના નારા લખવામાં આવ્યા છે.



જર્મનીના ડ્યુસેલ્ડર્ફમાં પરંપરાગત કાર્નિવલ પરેડ દરમિયાન યુ.એસ.ના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનના રાષ્ટ્રપતિ હસન રોહની સાથે હાથ પકડતાં એક કાર્નિવલ ફ્લોટમાં બતાવવામાં આવ્યું છે.

સંભવિત વૈશ્વિક રોગચાળાથી લડવા માટે વિશ્વ તૈયાર રહે: WHO

સ્પેનના ટાપુમાં કોરોનાનો એક કેસ પોઝિટીવ આવતા હોટલ લોકડાઉન કરાઈ

મેડ્રીડ

કોરોના વાઈરસને ડબ્લ્યુએચઓ વૈશ્વિક રોગચાળો (પેનડેમિક) જાહેર કરી શકે છે. નિયમ પ્રમાણે લોકો વચ્ચે એકદમ સરળતાથી કોઈ બીમારી ફેલાય તો તેને પેનડેમિક જાહેર કરાય છે. જોકે સંગઠને હજુ તેને પેનડેમિક જાહેર કર્યો નથી કારણ કે મોટાભાગના કેસ ચીનમાંથી જ ફેલાયેલા છે. ડબ્લ્યુએચઓએ ચીન દ્વારા કોરોના વાયરસ સામે લેવામાં આવેલા પગલાઓની પ્રશંશા કરી હતી અને વિશ્વના અન્ય દેશોને આ વાયરસના ગંભીર ખતરાથી લડવા માટે તૈયાર રહેવા કહ્યું છે. ડબ્લ્યુએચઓ પ્રમાણે આ વાયરસ આખા વિશ્વને ભરડામાં લઈ શકે છે. ડબ્લ્યુએચઓએ આ બીમારીને સત્તાવાર રીતે સીઓવીઆઈડી-૧૯ નામ આપ્યું છે જેના કેસ હવે અફઘાનિસ્તાન, બહેરીન, કુવૈત, ઈરાક અને ઓમાનમાં પણ સામે આવ્યા છે.

પશ્ચિમી આફ્રિકાના તટ પાસે સ્પેનના નિયંત્રણ વાળા ટેનેરિફ ટાપુમાં એક હોટલના ગેસ્ટનો કોરોના વાઈરસ રિપોર્ટ પોઝિટીવ આવતા તેને પોલીસે કોર્ડન કરી હતી. મંગળવારે આખી હોટલને પોલીસ કોર્ડન અંતર્ગત રાખવામાં આવી હતી. સ્થાનિક ન્યૂઝ રિપોર્ટ પ્રમાણે હોટલમાં ૧૦૦૦ લોકો છે. આવી પરિસ્થિતિમાં સત્તાવાર રીતે ૧૪ દિવસનો લોકડાઉન પીરિયડ રાખવામાં આવે છે જેવી રીતે ડાયમંડ પ્રિન્સેસ ક્રૂઝમાં રાખવામાં આવ્યો હતો.સ્થાનિકો આ હોટલનું નામ એચ-૧૦ કોસ્ટા અડાય પેલેસ જણાવી રહ્યા છે. અત્યારે અહીંથી કોઈને આવવા કે જવાની પરવાનગી નથી. સ્થાનિક રિપોર્ટ પ્રમાણે એક ટુરિસ્ટ હોટલમાં સાત દિવસથી પત્ની સાથે હતો. અચાનક તેની તબિયત બગડતા તેણે લોકલ હેલ્થ સેન્ટરમાં તપાસ કરાવી હતી. ત્યારબાદ તેને અલગ હોસ્પિટલમાં ટ્રાન્સફર કરવામાં આવ્યો છે. તે ટુરિસ્ટ સાથે અન્ય બે લોકોને પણ સંભવિત સંક્રમણને જોતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જીનિવામાં ડબ્લ્યુએચઓના ચીફ ડો. ટેડ્રોસ એડહોમે કહ્યું કે, ''ચીનમાં ૨૩ જાન્યુઆરીથી ૨ ફેબ્રુઆરી સુધી કેસમાં ભારે વધારો જોવા મળ્યો હતો. જોકે ત્યારબાદ નવા કેસ આવવાની સંખ્યા ઘટી છે.'' આ બીમારીને પેનડેમિક જાહેર કરાશે કે નહીં તે મુદ્દે તેમણે કહ્યું, ''લગાતાર વધી રહેલા કેસ એક ચિંતાનો વિષય છે. આ પેનડેમિક કહેવાય તે અંગે ઘણી ધારણાઓ બાંધવામાં આવી રહી છે પણ અત્યારની સ્થિતિમાં અમને વૈશ્વિક સ્તરે એકદમ મોટા પાયે કેસ કે મૃત્યુનો આંકડો મળ્યો હોય તેવું લાગતું નથી. '' તેમણે ચીન દ્વારા વાઈરસ સામે લડવા માટે લેવામાં આવેલા પગલાઓને બિરદાવ્યા હતા. અત્યારે વિશ્વમાં કુલ ૭૯૦૦૦ લોકો તેના સંક્રમણથી ગ્રસ્ત છે અને ૨૬૦૦ લોકો મોતને ભેટ્યા છે.

ટ્રમ્પે રાજઘાટની વિઝિટર બુક પર સંદેશ લખ્યો : 'ગાંધીજીની વિચારધારાને નમન'

ન્યુ દિલ્હી

મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ અર્પણ કર્યા બાદ ડોનાલ્ડ ટ્રમ્પે રાજઘાટની વિઝિટર બુક પર સંદેશ લખ્યો છે. ત્યારબાદ રાજઘાટ પર ડોનાલ્ડ ટ્રમ્પ અને મેલાનિયા ટ્રમ્પે વૃક્ષારોપણ કર્યુ.

કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાની ફર્સ્ટ લેડી મેલાનિયા ટ્રમ્પને દિલ્હીની સ્કુલમાં બાળકો સાથે મુલાકાત કરાવશે. હેપ્પીનેસ ક્લાસમાં મેલાનિયા બાળકો સાથે સામેલ થશે.

રાજઘાટની મુલાકાત બાદ ડોનાલ્ડ ટ્રમ્પ અને મેલાનિયા ટ્રમ્પને પ્રતીકરૂપે મહાત્મા ગાંધીજીની પ્રતિમા ભેટમાં આપવામાં આવી. રાજઘાટની વિઝિટર બુકમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યુ- અમેરિકાના લોકો ભારતની સાથે મજબૂતીથી ઉભા છે. મહાત્મા ગાંધીની વિચારધારાને નમન. ડોનાલ્ડ ટ્રમ્પે લખ્યુ, અમેરિકાના લોકો એક સાર્વભૌમ અને શાનદાર ભારતની કલ્પના કરે છે, જે મહાન મહાત્મા ગાંધીજીના જીવનનું મિશન હતુ. આ એક ભવ્ય ગર્વની વાત છે.

કુવૈત ઈરાક સાથે હવાઈ સેવા બંધ કરી, દક્ષિણ કોરિયામાં વધુ ૬૦ કેસ નોંધાયા

ચીનમાં કોરોના વાઈરસને લીધે વધુ ૧૦૩ લોકોના મોત નીપજ્યાં

વુહાન

ચીનમાં મંગળવારે કોરોના વાઈરસના વધુ ૫૦૮ નવા કેસ નોંધાયા છે. બીજીબાજુ આ વાઈરસ વિશ્વના અન્ય દેશો માટે મોટો ભય બની રહ્યો હોય તેમ એશિયા, મધ્ય પૂર્વ તથા યુરોપના દેશોમાં પણ ફેલાઈ રહ્યો છે. ચીનમાં વધુ ૭૧ લોકોના મોત થયા છે, જે પૈકી એકલા વુહાનમાં જ ૬૮ લોકોના મોત થયા છે. આ સાથે કોરોના વાઈરસને લીધે મૃત્યુ પામનારનો આંક ૨,૬૬૩ થયો છે જ્યારે આ વાઈરસથી સંક્રમિત લોકોની સંખ્યા ૭૭,૬૫૮ થઈ છે. દક્ષિણ કોરિયામાં પણ વધુ ૬૦ કેસ નોંધાતા વાઈરસથી સંક્રમિતોની સંખ્યા ૮૯૩ થઈ છે.

અન્ય દેશોની વાત કરીએ તો જાપાનમાં કોઈ નવો કેસ નોંધાયો નથી પણ ડાયમંડ પ્રિન્સિસ શિપ ચોથા મુસાફરનું મોત થયું છે. વોશિંગ્ટન અને સેઉલ કોરોનાના ભયની સ્થિતિને જોતા દક્ષિણ કોરિયા મિલિટરીમાંથી ઓછામાં ૧૩ જેટલા કેસ સામે આવતા તાલીમ બાદ સૈનિકોને પાછા બોલાવવા અંગે વિચારણા કરી રહ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે ઉત્તર કોરિયા તરફથી સંભવિત ભય સામે દક્ષિણ કોરિયામાં અમેરિકા ૨૮,૦૦૦થી વધારે સૈનિકોનું એક લશ્કરી થાણુ ધરાવે છે.

દરમિયાન ભારતના બે દિવસના પ્રવાસ પર રહેલા ટ્રમ્પે ટ્વિટ કરી જણાવ્યું હતું કે અમેરિકા કોરોના વાઈરસથી સંપૂર્ણ સુરક્ષિત છે અને કોરોના વાઈરસની ચિંતાને લીધે શેરબજારમાં જે મોટો ઘટાડો થયો હતો તેમાં હવે મને સુધારો જોવા મળશે. અમેરિકામાં કોરોના વાઈરસ અંકૂશમાં છે. અમે દરેક વ્યક્તિ તથા તમામ સંબંધિત દેશોના સંપર્કમાં છીએ. સીડીસી અને વિશ્વ આરોગ્ય સંસ્થા પણ આ દિશામાં સખત કામ કરી રહ્યું છે. કુવૈતના નાગરિક સત્તાવાળાઓએ કોરોના વાઈરસની ચિંતા વચ્ચે ઈરાક સાથેની હવાઈ સેવા સંપૂર્ણપણે બંધ કરી દીધી.

ટ્રમ્પ મુલાકાત
પહેલા પાનાથી ચાલુ

છે. તે માટે મોદીનો આભાર. મારા કાર્યકાળમાં ભારત સાથેનો વેપાર ૬૦ટકા વધ્યો છે. અમેરિકાનો ભારત સાથેનો વેપાર ખૂબ સારો અનુભવ રહ્યો છે. નાર્કોટીક્સ એટલે કે માદક દવાઓનો ગેરકાયદે વેપાર રોકવા માટે અમે સમજૂતી કરી છે. દબાણની રાજનીતિ ન થાય તેનો પ્રયત્ન કરવો જોઈએ.

મોદીએ કહ્યું, ૩ વર્ષમાં વેપાર ડબલ ડિજીટમાં વધ્યો છે. જ્યાં સુધી બન્ને પક્ષે વ્યાપાર એટલે કે ટ્રેડનો સવાલ છે તેમાં બંને દેશો વચ્ચે સકારાત્મક વાતચીત થઈ છે. અમે એક મોટી ટ્રેડ ડીલ શરૂ કરવા માટે સહમત થયા છીએ. તેના સકારાત્મક પરિણામ મળશે. છેલ્લા ૮ મહીનામાં તેમની સાથેની આ પાંચમી મુલાકાત છે.

આજે ચર્ચામાં અમે પાર્ટનરશીપ વિશે સકારાત્મક વિચાર કર્યો જેમાં ડિફેન્સ, ટેકનિક, ગ્લોબલ કનેક્ટિવિટી, ટ્રેડ કે પીપલ ટુ પીપલ ટાઈઅપનો સમાવેશ થાય છે. છેલ્લા થોડા વર્ષોમાં આપણી સેનાઓની વચ્ચે યુદ્ધાભ્યાસમાં વધારો થયો છે. આજે હોમલેન્ડમાં થયેલા કરારથી તેને બળ મળશે. અમે આજે આતંકવાદની વિરુદ્ધના પ્રયાસો તરફ વધવાનો નિર્ણય કર્યો છે. અમે ડ્રગ્સ અને નાર્કોટિક્સ રોકવા માટે વાત કરી છે. ફ્યુઅલ હોય કે ન્યુક્લિયર એનર્જી, આપણને નવી ઉર્જા મળી રહી છે.

ટ્રમ્પનો ઘટસ્ફોટ
પહેલા પાનાથી ચાલુ

સ્વાગત જોઈને મને આશ્ચર્ય થાય છે. નવેમ્બરમાં અમેરિકામાં યોજાનારી ચૂંટણી અંગે ટ્રમ્પે કહ્યું હતું કે હું ચૂંટણી જીત્યા બાદ પાછો આવીશ. મારી ફરીથી ચૂંટણી જીતીને, શેરબજારમાં જબરદસ્ત વૃદ્ધિ થશે. આ દરમિયાન ઉદ્યોગપતિ મુકેશ અંબાણી સહિત અન્યોએ પણ ટ્રમ્પને કેટલાક સવાલો કર્યા હતા.

ભારતીય વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રંગલાએ કહ્યું આ પ્રસંગે કહ્યું કે, અમેરિકા-ભારત મોટા વ્યાપારિક ભાગીદાર છે. ભારત એક ઉભરતી શક્તિ છે.

બન્ને દેશ વચ્ચે લોકોનો સંપર્ક વધારવા માટે ચર્ચા કરવામાં આવી. જેથી બન્નેના અર્થતંત્ર અને સમાજને લાભ મળે. આ એટલા માટે ખૂબ જ મહત્વ ધરાવે છે કારણ કે બન્ને દેશ વચ્ચે સંબંધોને મજબૂત કરી શકાય.

તેમણે એમ પણ કહ્યું કે અમેરિકા સમક્ષ એવી રજૂઆત કરવામાં આવી છે કે, જે ભારતીય કામદાર છે તેમને લઈ પણ ચર્ચા થઈ છે. તેમનું યોગદાન ખૂબ જ ઝડપથી આગળ વધી રહ્યું છે. બન્ને દેશ વચ્ચે ટેકનોલોજીના ક્ષેત્રો અને નવિનીકરણનો સમાવેશ કરવા જેવી બાબત પર ચર્ચા કરવામાં આવી છે. એવું કહી શકાય છે કે લોકશાહીની પૃષ્ઠભૂમિ હોવાને લીધે બન્ને દેશ સમાન વિચાર ધરાવે છે. એક લોકશાહી દેશ બીજા લોકશાહી દેશ સાથે સારો સહયોગ કરી શકે છે.

ટ્રમ્પે ભારતથી વિદાય લેતા પહેલા પત્રકાર પરિષદ યોજીને દિલ્હીમાં થયેલી હિંસા અને ભારતના નાગરિકતા કાયદા અંગે પૂછાયેલા સવાલોના જવાબો આપ્યા હતા. ૪૨ મિનિટની પ્રેસ કોન્ફરન્સમાં ટ્રમ્પે કહ્યું કે ઘણી કંપનીઓ ભારતમાં રોકાણ કરી રહી છે. ભારતનું બજાર મોટું છે. આવનારા સમયમાં ભારત ખૂબ મજબૂત બનશે. ભારત આર્થિક રીતે આગળ વધી રહ્યું છે. પીએમ મોદી ઈસ્લામ અને ખ્રિસ્તી ધર્મ માટે પણ કામ કરી રહ્યા છે.

આર્ટિકલ -૩૭૦ એ ભારત અને પાકિસ્તાન વચ્ચેની વાત છે. આ લાંબા સમયથી ચાલે છે. સીએએ અંગે ટ્રમ્પે કહ્યું કે આ અંગે ભારત પોતે નિર્ણય લેશે. આ તેની આંતરિક બાબત છે. આ અંગે પીએમ મોદી સાથે કોઈ વાતચીત થઈ નથી.

એચ-૧ બી વિઝા પર ટ્રમ્પે કહ્યું કે આ અંગે પીએમ મોદી સાથે વાતચીત થઈ છે. આતંકવાદ સામે ભારત અને અમેરિકા એક છે. પીએમ મોદી આતંકવાદને લઈને ખૂબ જ મજબૂત છે. અમે ઈચ્છીએ છીએ કે ભારત-પાકિસ્તાન નજીક આવે. આ માટે હું મધ્યસ્થી માટે પણ તૈયાર છું.

અમે આ દિશામાં ઈસ્લામિક આતંકવાદ ન ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છીએ. સીરિયામાં જે બન્યું તે આખી દુનિયાએ જોયું. અમે તેને રોકવા તરફ કામ કરી રહ્યા છીએ. અમે આતંકવાદને કાબૂમાં લેવા ઘણાં પગલાં લીધાં છે. કટ્ટરપંથી ઈસ્લામને તેના મૂળમાંથી દૂર કરવાના પ્રયાસો ચાલુ છે. આ માટે, બધા દેશોએ મદદ માટે આગળ આવવું જોઈએ. અમે આ અંગે પાકિસ્તાન ઉપર દબાણ લાવવાનો પ્રયત્ન કરીશું.

પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ટ્રમ્પને દિલ્હી હિંસા પર પણ પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આ અંગે તેમણે કહ્યું કે આ મુદ્દે પીએમ મોદી સાથે કોઈ વાત થઈ નથી. ટ્રમ્પે કહ્યું કે ભારત અન્ય દેશો કરતા વધુ ધાર્મિક છે. આ પીએમ મોદી સાથે વાતચીત પણ થઈ છે.

પત્રકારો સાથેની વાતચીત દરમિયાન ટ્રમ્પે કહ્યું કે ભારત સાચે જ મહાન દેશ છે. અત્યારે, ભારત-અમેરિકાના સંબંધો શ્રેષ્ઠ છે. બંને દેશોના દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા થઈ છે. અમે ઘણા મુદ્દાઓ પર વિચારણા કરી છે. અમે ભારત સાથે પરસ્પર સંબંધોને પ્રોત્સાહન આપવા માંગીએ છીએ . આપણે આખી દુનિયામાં શાંત જોઈએ છે. અફઘાનિસ્તાનમાં શાંતિ લાવવાનું કામ ચાલુ છે. કોઈ નિર્દોષતા ન મારવી જોઈએ.

દિલ્હીમાં હિંસા
પહેલા પાનાથી ચાલુ

પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભારતની છાપ ખરાબ કરવાના ઈરાદાથી હિંસાની સ્ક્રિપ્ટ લખવામાં આવી હતી. જેનો માહોલ ગુરુવાર રાતથી જ બનાવવાનુ શરૂ કરી દીધું હતું.

અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, શાહીનબાગમાં ઘણા દિવસોથી સુપ્રીમ કોર્ટના વાર્તાકાર લોકો સાથે વાત કરી રહ્યા હતા. એવામાં ત્યાં શાંતિપૂર્ણ ઢંગથી દેખાવની ઈમેજ જાળવી રાખવા માટે બીજા સ્થળે હિંસક દેખાવોની પટકથા લખવામાં આવી હતી. સ્પેશ્યલ બ્રાન્ચ સૂત્રો તરફથી દાવો કરવામાં આવ્યો છે કે ટ્રમ્પની ભારત યાત્રા અંગે પહેલાથી જ શંકા હતી કે સ્થિતિને જાણી જોઈને બગાડવામાં આવશે. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે આ હિંસક ઘટના પાછળ બહારથી કોઈ સપોર્ટ હોઈ શકે છે. તેમના આ ખોટા ઈરાદાઓને પુરા કરવા માટે ઓછી વયના યુવાનો મોહરા બનાવાયા છે

પોલીસની ટીમ ઉપદ્રવીઓની ઓળખ કરવા માટે ૩૦ વાઈરલ વીડિયો અને ફોટાઓને ખંખેરી રહી છે. આવું કરવાથી ચાર હજારથી વધારે હિંસક લોકો વિશે માહિતી મળશે. દિલ્હી પોલીસની સાઈબર સેલે આ વીડિયો અને તસવીરોને કબ્જામાં લીધી છે. પોલીસ આ માટે બાતમી આપતા તંત્રની મદદ પણ લઈ રહી છે. જેમના વિશે ચોક્કસ માહિતી મળ્યા બાદ પોલીસ તેમની ધરપકડ કરશે. સીએએના વિરોધ અને સમર્થનમાં ભડકાવેલી હિંસામાં ૧૦૦થી વધારે લોકોના નામ છે. જેમાં ઘણા નેતાઓના નામ પણ સામેલ હોવાની વાત ચર્ચાઈ છે. પોલીસને શંકા છે કે જે લોકો નકાબમાં જોવા મળી રહ્યા છે, તે આ હિંસક ઘટનાઓનું કાવતરું ઘડનારાઓના મોટા ચહેરા હોઈ શકે છે.

દિલ્હીમાં હિંસાની ઘટના પોલીસની મોટી નિષ્ફળતા છે. પોલીસે યોગ્ય સમયે કોઈ કાર્યવાહી કરી ન હતી, જેનો ભોગ નિર્દોષ પોલીસકર્મીએ ભોગવવો પડ્યો હતો. દિલ્હી પોલીસમાંથી રિટાયર્ડ અધિકારીએ સ્વીકાર્યું કે, શરૂઆતથી જ પોલીસનું વલણ નબળું રહ્યું હતું. એક રિટાયર્ડ પોલીસ અધિકારીએ કહ્યું કે, શાહીનબાગમાં જે દિવસે લોકોએ રસ્તાને બ્લોક કર્યો હતો, ત્યારે તેમના વિરુદ્ધ કાયદાકીય કાર્યવાહી કરવી જોઈએ હતી. પોલીસે ત્યારે એક્શન લઈ લીધું હોત તો આજે આ દિવસ ન જોવો પડતો.

પૂર્વ દિલ્હીના અલગ અલગ વિસ્તારમાં થયેલી હિંસક ઘટનાઓને ગૃહ મંત્રાલયે એકદમ ગંભીરતાથી લીધું છે. દિવસભર ચાલેલા હોબાળાની પોલીસ પાસેથી સતત માહિતી લેવામાં આવી રહી છે. ગૃહ સચિવ અજય ભલ્લાએ કહ્યું હાલ સ્થિતિ નિયંત્રણમાં છે. સીનિયર પોલીસ અધિકાર ઘટનાસ્થળે તહેનાત છે. સાથે જ દિલ્હી પોલીસ કમિશનર અમૂલ્ય પટનાયક કંટ્રોલ રૂમમાંથી પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે. ત્યાંથી જ તેઓ સીનિયર પોલીસ અધિકારીઓને જરૂરિયાત પ્રમાણે સૂચનો પણ આપી રહ્યા છે.

બજેટ સત્ર
પહેલા પાનાથી ચાલુ

ધ્યાનમાં રાખીને વેરા વધારાની દરખાસ્ત રજૂ ન કરે એવી શક્યતાઓ છે. આ બજેટમાં નર્મદા યોજના, સૌની યોજનાઓ માટે નાણાંકિય ફાળવણી સહિત રોજગારીની સાથે કૃષિ અને નાના ઉદ્યોગો માટેની ખાસ યોજનાઓની જાહેરાત પણ થઈ શકે છે.

સૂત્રોએ કહ્યું કે, ગત વર્ષે લોકસભા ચૂંટણી હોવાથી ફેબ્રુઆરીમાં ૪ મહિના માટે ૬૪ હજાર કરોડનું લેખાનુદાન લીધુ હતું અને જુલાઈમાં વર્ષ ૨૦૧૯-૨૦૨૦નું પૂર્ણ બજેટ રજૂ થયું હતું. આ બજેટનું કદ ૨ લાખ ૪ હજાર કરોડ રૂપિયા હતું. આ બજેટ ગુજરાતના ઈતિહાસમાં પ્રથમવાર ૨ લાખ કરોડ સુધી પહોંચ્યું હતું. જો કે આ વર્ષે બજેટના કદમાં કરકસરને ધ્યાનમાં રાખીને ૨૦ હજાર કરોડનો વધારો થવાની શક્યતા છે.

જેને કારણે ૨૦૨૦-૨૧નું અંદાજપત્ર ૨ લાખ ૨૨ હજાર કરોડ સુધી પહોંચે એવી સંભાવના છે. ગુજરાત સરકારની મુખ્ય આવક જીએસટીની છે, જેમાં ઉત્તરોતર વધારો થતો જાય છે. પરંતુ કેન્દ્ર સરકાર પાસેથી ગુજરાતને મળવાપાત્ર કરોડો રુપિયાની ઓછી મળતી હોવાથી નાણાંકીય સંતુલન જાળવવા સરકારે ભાર મુકવો પડશે.

ડિસ્પેન્સરી ખોલવા માટે રૂપિયા ૧૦ લાખનું ભંડોળ આપવામાં આવશે

સુપ્રીમ કોર્ટના છ ન્યાયમૂર્તિને સ્વાઈન ફ્લુ થયો

ન્યુ દિલ્હી

સુપ્રીમ કોર્ટના છ ન્યાયમૂર્તિને સ્વાઈન ફ્લુ થયો હોવાથી તેઓ કોર્ટ કામકાજમાં ભાગ લઈ રહ્યા છે, તેમ સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિએ જાણકારી આપી હતી. ન્યાયમૂર્તિ ડીવાઈ ચંદ્રચૂડે માહિતી આપી છે કે સુપ્રીમ કોર્ટના ૬ ન્યાયમૂર્તિ ઈન્ફ્યુએન્ઝા વાઈરસની અસર થઈ છે. તેમણે મુખ્ય ન્યાયમૂર્તિ એસએ બોબડે સમક્ષ સુપ્રીમ કોર્ટમાં કરનારી વ્યક્તિઓનું રસીકરણ કરવા આદેશ આપવા વિનંતી કરી છે. સીજેઆઈએ આ મુદ્દે ચર્ચા કરવા માટે એસસીબીએની અધ્યક્ષતામાં બેઠક બોલાવી છે. ન્યાયમૂર્તિ સંજીવ ખન્ના માસ્ક પહેરીને કોર્ટમાં આવ્યા હતા. મુખ્ય ન્યાયમૂર્તિ અને એસસીબીએના પ્રેસિડેન્ટ દુષ્યંત દવે વચ્ચે આ મુદ્દે બેઠક યોજાઈ છે.

દરમિયાન દવેએ એવી માહિતી આપી હતી કે સુપ્રીમ કોર્ટના કોમ્પ્લેક્ષમાં તાજેતરમાં યોજાયેલી જ્યુડિસિયલ કોન્ફરન્સમાં ભાગ લેવા માટે આવેલા કેટલાક વિદેશી પ્રતિનિધિ મંડળના સભ્યોને પણ વાઈરસથી ચેપગ્રસ્ત થયા હતા. સબરીમાલા કેસની સુનાવણી કરી રહેલી નવ સભ્યોની ખંડપીઠ પૈકી બે ન્યાયમૂર્તિ સ્વાઈન ફ્લુ થયો છે, જેને લીધે આ કેસમાં વિલંબ થયો છે.

સીજેઆઈએ કહ્યું કે રસીકરણ માટે ડિસ્પેન્સરી ખોલવામાં આવશે. આ માટે ૧૦ લાખનું ભંડોળ આપવાની ખાતરી આપવામાં આવી છે.



અમદાવાદથી પરત ફરતા બોટાદ પોલીસની બસ ટ્રમ્પ કાર્યક્રમનો બંદોબસ્ત પૂણ કરી પરત ફરી રહ્યા હતા. બગોદરાથી ધંધુકા વચ્ચે પોલીસે બસ પલ્ટી ખાઈ જતા ૧૯ જેટલા પોલીસ જવાનો ને નાની મોટી ઈજાઓ થતા વિપક્ષ નેતા પરેશભાઈ ધાણાણી મદદે પહોચ્યા હતા તમામ પોલીસોં ને તાત્કાલિક સારવાર માટે નજીકના હોસ્પિટલ પહોચાડવામાં આવેલ હતા.

ખંભાતમાં 'ડેમોગ્રાફિક' સ્થિતિ બદલાયા બાદ નિર્ણય લીધાની ગૃહમંત્રીની જાહેરાત

ખંભાતમાં અશાંતધારો લાગુ કરાશે : પ્રદિપસિંહ જાડેજા

કલેક્ટરની મંજૂરી વિના મકાન લે-વેચ કરી શકાશે નહીં



ખંભાત

ખંભાત શહેરમાં રવિવારે ફાટી નીકળેલા તોફાનોના બે દિવસ બાદ અજંપાભરી શાંતિ રહી હતી. ખંભાતની હાલની સ્થિતિને જોતાં ત્યાં અશાંતધારો લાગુ કરવાની ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જાહેરાત કરી છે. આનો સીધો મતલબ એ થયો કે ખંભાતમાં હવેથી કોઈ પણ મકાનની લે-વેચ કરતાં પહેલાં જિલ્લા કલેક્ટરની મંજૂરી લેવી પડશે. અમદાવાદના ટ્રાફિક ડીસીપીને હંગામી ધોરણે આણંદ એસપી તરીકે મુકવામાં આવ્યા છે. આરએએફ અને એસઆરપીનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવીને ૪૭ તોફાનીની ધરપકડ કરાઈ છે.

ખંભાતની અંદર વણસેલી પરિસ્થિતિની રાજ્ય સરકારે ગંભીરતાથી નોંધ લીધી હોવાનું જણાવી પ્રદીપસિંહે ઉમેર્યું છે કે, ખંભાત શહેર અને જિલ્લાની મોટાભાગની પોલીસ એસસીબી,એસઓજી સહિતનો પોલીસ કાફલો ખંભાતમાં ખડકી દેવાયો છે. રેન્જ આઈ.જી એ.કે જાડેજા અને હંગામી એસપી દ્વારા શહેરમાં સતત પેટ્રોલિંગ ચાલી રહ્યું છે. ઉપરાંત આરએએફ અને એસઆરપીની ટુકડીઓ પણ ફૂટપેટ્રોલિંગ કરી રહી છે. જો કે, ખંભાતમાં ડેમોગ્રાફિક સ્થિતિ બદલાવાને કારણે અશાંતધારો લાગુ કરવાની ઘણા સમયથી માગણી હતી.

હિન્દુ સમુદાય દ્વારા આપવામાં આવેલા બંધના એલાનને લઈને ગવારા ટાવર પાસે મોટી સંખ્યામાં ટોળાઓ એકત્ર થયા હતા અને હિન્દુ સમુદાયના વિવિધ સંગઠનોના કાર્યકરો દ્વારા એકત્ર થયેલા લોકોને સંબોધવામાં આવ્યા હતા. અને ત્યારબાદ રેલી આવેદનપત્ર આપવા માટે નીકળી હતી. ત્યારે રેલીમાં જાડાયેલા તોફાની તત્વો પોલીસની હાજરીમાં બેફામ બન્યા હતા અને પથ્થરમારો શરુ કરી દીધો હતો. તેમજ પથ્થરમારા બાદ એક મકાનને આગ ચાંપી હતી. તેમજ બાઈકો અને સ્કુટરોને આગ ચાંપી સળગાવી દીધા હતા.તેમજ એક ધાર્મિક સ્થાન પર પથ્થરમારો કર્યો હતો. અને કેબીનોની તોડફોડ કરી માલસામાન સળગાવી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ રેપીડએક્સના ફોર્સના જવાનોએ તોફાની તત્વોને કાબુમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. હાલમાં આ લખાઈ રહ્યું છે ત્યારે પણ મામલો તંગ છે અને લોકોના ટોળાઓ એકત્ર થયેલા છે.

શહેરમાં અસામાજીક તત્વો દ્વારા છાશવારે હિન્દુ સમાજની કરાતી કનડગતનો વિરોધ કરી આવા તત્વોની સામે કાયદેસરના પગલા ભરી સખ્ત કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી હતી.

હિન્દુ સમુદાય દ્વારા ગવારા ટાવર પાસે મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. અહીયા વિવિધ હિન્દુ સંગઠનોના કાર્યકરો દ્વારા હિન્દુ સમુદાય પર થઈ રહેલા હુમલા અને કનડગત બાબતે રેલી સંબોધી હતી અને ત્યારબાદ એકત્ર થયેલા હિન્દુઓએ રેલી કાઢી મામલતદારને આવેદનપત્ર આપવા માટે જઈ રહ્યા હતા. ત્યારે રેલીમાં જાડાયેલા લોકોએ પથ્થરમારો કરી મકાનો અને વાહનોને આગચંપી શરુ કરતા પોલીસ દ્વારા રેલીને વીખેરી દેવામાં આવી હતી અને રેપીડએક્શન ફોર્સ અને એસઆરપીના જવાનોએ સમગ્ર શહેરમાં પેટ્રોલીંગ સઘન કરી દીધું હતું.

ખંભાતના અકબરપુર સહિત શહેરના વિવિધ વિસ્તારોમાં કોમી દંગલ ફાટી નીકળ્યા હતા. રવિવારે બપોરે જૂની અદાવતને પગલે બે કોમના ટોળાં સામ-સામે આવી ગયા હતા. જેમાં બે કોમનાં ઘરોમાં પથ્થરમારો કરી તોડફોડ અને આગચંપી કરાઈ હતી. સોમવારે આરોપીઓને પકડવા ગયેલી પોલીસ પર હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં એસઓજીના હેડ કોન્સ્ટેબલ નહસિંહભાઈ ઘાયલ થયા હતા. તો ગેસ ગોડાઉન વિસ્તારમાં પથ્થરમારાની ઘટના બની હતી.

તો કોમી રમખાણો બાદ ખંભાતમાં હિન્દુ સમાજ દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. ગત રાત્રિએથી જ બંધના એલાનના મેસેજ સોશિયલ મીડિયામાં વાઈરલ થયા હતા. જેને કારણે સવારથી જ ટાવર ચોક પાસે મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. અને પોતાનો વિરોધ નોંધાવ્યો હતો. લોકોએ રોડ પર ઉતરી ન્યાયની માગ કરી હતી.

ખંભાતમાં કોમી રમખાણનાં પગલે એસઆરપીની ૩ ટુકડી, આરએએફની ૧ ટીમ, ૩ ડીવાયએસપી, ૭ પીઆઈ સહિતનો પોલીસ કાફલો તૈનાત કરી દેવામાં આવ્યો છે. ૧૧ પીએસઆઈ સહિત પોલીસ ટીમ દ્વારા સતત પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું છે. અકબરપુરા હિંસા કેસમાં પોલીસે ૯૮ લોકો સામે ગુનો નોંધી ૪૮ની ધરપકડ કરી છે. સળગાવાયેલા મકાન, વાહનો સહિતના મિલકતોનું પંચનામું કરવામાં આવી રહ્યું છે. આ અથડામણમાં એકનું મોત અને ૧૩ ઘાયલ થયા હતા.

હોલી-ડે સ્પેશિયલ... ત્રણ વિશેષ ટ્રેનો ગયા-પટના માટે દોડશે

અમદાવાદ

આગામી હોળી અને ધૂળેટીના તહેવારને ધ્યાનમાં લઈને પ્રવાસીઓના ધસારાને પહોંચી વળવા માટે પશ્ચિમ રેલવેએ ગયા, બરૌની અને પટના માટે ત્રણ વિશેષ ટ્રેનો વિશેષ દરથી દોડાવવાનું નક્કી કર્યું છે. આ ત્રણ ટ્રેનો પૈકી બે ટ્રેનોનો લાભ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વસતાં પરપ્રાંતિયોને મળશે.

અમદાવાદ અને પટના વચ્ચેની ટ્રેન (૦૯૪૧૭) આગામી તા. ૭મીએ ૧૯:૫૫ કલાકે ઉપડશે, જે તા. ૧૦મીએ ૮:૪૫ કલાકે પટના પહોચશે. વળતામાં આ ટ્રેન તા. ૧૦મીએ ૧૧:૪૫ કલાકે ઉપડશે, જે તા.૧૧ મીએ ૨૨:૨૦ કલાકે અમદાવાદ પહોંચશે.

આ સાથે બાંદરા ટર્મિનસથી ગયા અને બરૌની માટે બે ટ્રેનો (૦૯૦૨૯-૩૦ અને ૦૯૦૩૧-૩૨) અનુક્રમે તા.૭ અને તા.૩જીએ ઉપડશે. આ બંને ટ્રેનોનો લાભ સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં વસતા બિહારવાસીઓને મળશે. હોળી અને ધુળેટીની ઊજવણી માટે મોટી સંખ્યામાં પરપ્રાંતીઓ વતન જતા હોવાથી ટ્રેનોમાં વધારાની ભીડને પહોંચી વળવા માટે વિશેષ ટ્રેનો વિશેષ દરોથી દોડાવવાનું પશ્ચિમ રેલવે નક્કી કર્યું છે.

નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ પતાવી ગોધરા પરત જતી પોલીસની બસ પલટી: ૧૧ ઘાયલ, ૨ ગંભીર

ગોધરા

નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમની સુરક્ષા માટે રાજ્યભરની પોલીસને અમદાવાદ બંદોબસ્ત મૂકવામાં આવી હતી. નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમ સહી સલામત રીતે પૂર્ણ થયા બાદ અન્ય જિલ્લાઓની પોલીસ પરત ફરી રહી હતી. ત્યારે ગોધરા એસઆરપી ગ્રૂપ પની બસ પરત ફરી રહી હતી ત્યારે તેમની બસને અકસ્માત એકાએક પલટી ગઈ હતી. જેને કારણે ૧૧ જવાનોને ઈજાઓ પહોંચી હતી. જેમને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

ગોધરા એસઆરપી ગ્રુપ પનાં જવાનોને અમદાવાદ ખાતે નમસ્તે ટ્રમ્પ કાર્યક્રમમાં બંદોબસ્તમાં મૂકવામાં આવ્યા હતા. કાર્યક્રમ બાદ પોતાની ફરજ પૂર્ણ કરી આ ગ્રૂપ પરત ગોધરા આવી રહ્યું હતું. પણ પરત ફરતી વખતે ગોધરાના ટીમ્બા ગામ પાસે પોલીસ વાનમાં કોઈ કારણે યાંત્રિક ખામી સર્જાઈ હતી. અને તેને કારણે પોલીસ વાન અચાનક પલટી ગઈ હતી. વાન પલટતા વાનમાં સવાર ૧૧ પોલીસ જવાનોને ઈજાઓ પહોંચી હતી.

પોલીસ વાન પલટી જતાં તાત્કાલિક સ્થાનિક લોકો ભેગાં થઈ ગયા હતા. ઈજાગ્રસ્ત થયેલાં ૧૧ જવાનોને તાત્કાલિક સારવાર અર્થે ગોધરાની સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જોકે ૧૧માંથી બે જવાનોને ગંભીર ઈજાઓ પહોંચતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે વડોદરામાં ખસેડવામાં આવ્યા હતા. ટ્રમ્પનાં કાર્યક્રમમાં ૧૦૦ કરોડથી પણ વધુનો ખર્ચ કરવા માટે સરકાર પાસે પૈસા છે. પણ સુરક્ષામાં ખડેપગે તહેનાત રહેનાર પોલીસજવાનો માટે એ જ ખખડધજ બસો જ હાથમાં આવે છે.

શ્રી માધ્યમિક શાળા વિરમગામની વિદ્યાર્થીનીએ કલા મહાકુંભ ૨૦૨૦ની વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક મેળવ્યો



સંકલ્પ ઈન્ટરનેશનલ સ્કૂલ નિકોલ ખાતે રાજ્યકક્ષાની વકૃત્વ સ્પર્ધામાં ટાટરીયા રચના પ્રથમ ક્રમાંકે વિજેતા બની

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

સંકલ્પ ઈન્ટરનેશનલ સ્કૂલ નિકોલ અમદાવાદ ખાતે કલા મહાકુંભ ૨૦૨૦ અંતર્ગત આયોજિત રાજ્યકક્ષાની વકૃત્વ સ્પર્ધામાં વિરમગામ ની જાણીતી શૈક્ષણિક સંસ્થા શ્રી માધ્યમિક શાળા (દિવ્ય જ્યોત)મા ધોરણ ૧૧ માં અભ્યાસ કરતી ટાટરીયા રચના પ્રથમ ક્રમાંક મેળવી વિજેતા બની હતી. જ્યારે તાજેતરમા જિલ્લા કક્ષાની એકપાત્રીય અભિનય સ્પર્ધામાં સોની ફોરમ પ્રથમ ક્રમાંક પર રહી હતી. શાળા સહીત વિરમગામનું ગૌરવ વધારનારી બંને વિદ્યાર્થીઓને શાળા સંચાલક વજુભાઈ ડોડીયા, આચાર્ય નવદિપભાઈ ડોડીયા સહીત શિક્ષકોએ શુભેચ્છા સહ અભિનંદન પાઠવ્યા હતા.

વિરમગામમાં શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિરના ૧૦૪ માં સમૈયા મહોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ



દેશભરમાંથી ૧૦ હજારથી વધુ લોકો શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિરના ૧૦૪માં સમૈયા મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

અમદાવાદ જીલ્લાના વિરમગામ સ્થિત શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિર ખાતે ફાગણ સુદ બીજ તારીખ ૨૫/૦૨/૨૦૨૦ને મંગળવારે ૧૦૪માં સમૈયા મહોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. મંગળવારે સતવારા સમાજના યુવાનો દ્વારા વિરમગામના મુખ્ય માર્ગો પર બાઈક રેલી કાઢવામાં આવી હતી, જે લોકોમાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. સવારે સિધ્ધનાથ મહાદેવ મંદિરમાં વિશેષ પુજા કરવામાં આવી અને ધ્વજારોહણ કરવામાં આવ્યુ હતુ. સવારે શાસ્ત્રોક્ત વિધીથી સિધ્ધનાથ મહાદેવ મંદિરના પ્રાંગણમાં લઘુરૂદ્ર યજ્ઞનો શુભારંભ કરવામાં આવ્યો હતો અને સાંજે શ્રીફળ હોમીને યજ્ઞની પુર્ણાહુતિ કરવામાં આવી હતી. આ ઉપરાંત સમસ્ત ગુજરાતના સતવારા સમાજના શ્રેષ્ઠીઓનુ સન્માન કરવામાં આવ્યુ અને વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કરવામાં આવ્યાં હતાં. શ્રી સિધ્ધનાથ મહાદેવ મંદિર વિરમગામ ખાતે સમૈયા મહોત્સવમા દેશભરમાંથી ૧૦ હજારથી વધુ સતવારા સમાજ લોકો ઉપસ્થિત રહ્યા હતા અને શ્રી સિધ્ધનાથ મહાદેવના દર્શન કરીને આશિર્વાદ પ્રાપ્ત કર્યા હતા.

૪ રાજ્યસભાની બેઠકો માટે ૨૬મી માર્ચે મતદાન, ભાજપ-કોંગ્રેસ વચ્ચે કાંટાની ટક્કર

ગાંધીનગર

આગામી એપ્રિલ મહિનામાં રાજ્યસભાના ૫૫ સાંસદો રિટાયર્ડ થઈ જશે. જેના કારણે ચૂંટણીપંચે ૨૬મી માર્ચે આ તમામ બેઠકો માટે ચૂંટણીની જાહેરાત કરી છે. ૫૫ બેઠકોમાંથી ગુજરાતની ચાર બેઠકો ઉપર પણ ચૂંટણી યોજાશે. એટલે આગામી સમયમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ચૂંટણીનો જંગ જીતવા ભારે રસાકસી જોવા મળશે. આ ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ બંનેને ૨-૨ સીટ મળશે તેવી શક્યતાઓ છે.

ગુજરાતની ૪ રાજ્યસભાની બેઠક સહિત દેશભરની ૫૫ સીટો પર ચૂંટણી માટે ઈલેક્શન કમિશન ૬ માર્ચે નોટિફિકેશન બહાર પડશે. ઉમેદવારી પત્ર ભરવાની અંતિમ તારીખ ૧૩ માર્ચ હશે. રાજ્યની ૪ સહિત ૫૫ બેઠકો માટે ૨૬ માર્ચે ચૂંટણી યોજાશે. ગુજરાતમાં શંભુપ્રસાદ ટુંડીયા, ચુનીભાઈ ગોહિલ, લાલસિંહ વડોદરીયા અને મધુસુદન મિસ્ત્રીની ટર્મ પૂર્ણ થાય છે. તો ગુજરાતમાં રાજ્યસભાની ચૂંટણી માટે પરિસ્થિતિનો તાગ મેળવીએ તો, ગુજરાત વિધાનસભામાં ધારાસભ્યોની સંખ્યા ૧૮૦ છે. ૧૮૨માંથી ૨ બેઠકો ખાલી હોવાને કારણે સંખ્યાબળ ૧૮૦ છે. મોરવા હડફ અને દેવભૂમિ દ્વારકા એમ બે બેઠક ખાલી છે. તો ૧૮૦ બેઠકોમાંથી ભાજપની ૧૦૩, કોંગ્રેસ પાસે ૭૩, બીટીપી ૨ અને એનસીપી તેમજ અપક્ષની ૧-૧ બેઠક છે. આમ આ રીતે જોવા જઈએ તો, ભાજપ કોંગ્રેસ બન્નેને ૨-૨ બેઠકો મળવાની શક્યતા છે. જો કે, ભાજપ કોંગ્રેસનાં ધારાસભ્યોને તોડવાની કોશિશ કરે તો જ તે ત્રીજી બેઠક પર જીત હાંસલ કરી શકે છે.

સત્તાના લાલચુ લોકો ચાલ્યા ગયા છેઃ લલિત વસોયા

તો રાજ્યસભાની ચૂંટણી મુદ્દે લલિત વસોયાએ પોતાના નિવેદનમાં જણાવ્યું કે, રાજ્યમાં બે બેઠક પર કોંગ્રેસ જીતે તેમ છે. જે લોકો સત્તાના લાલચુ હતા તે લોકો ચાલ્યા ગયા છે. હવે કોઈ ધારાસભ્ય કોંગ્રેસ છોડે તેમ નથી. એક બેઠક અમે ભાજપ પાસેથી છીનવી લઈશું. એનસીપી, બીટીપી, અપક્ષના ધારાસભ્યો અમને સાથ આપશે તેવો વિશ્વાસ લલિત વસોયાએ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસના ધારાસભ્યો વફાદાર છે તેવું પણ લલિત વસોયાએ જણાવ્યું હતું.

કુલ ૧૪ શખ્શો સામે ગુનો નોંધાયો

ભાજપના કોર્પોરેટરના પુત્રએ પ્લોટનો કબ્જો લેવા પિતા-પુત્રને ઢોર માર માર્યો

જામનગર

જામનગર શહેરના નવાગામ ઘેડ જાસોલીયા સોસાયટી પાસે રહેતા હરપાલસિંહ વિક્રમસિંહ જાડેજા નવું મકાન બનાવી રહ્યા છે. પરંતુ આ પ્લોટનો કબ્જો લેવા માટે ભાજપના કોર્પોરેટર કેશુ માડમના પુત્ર આશિષ સહિત ૧૪ શખ્સોએ હરપાલસિંહના પિતા વિક્રમસિંહના પર પાઈપ, ધોકા તથા છરી વડે હુમલો કરી ઢોર માર માર્યો હતો. તેમજ હોમગાર્ડસભ્ય હરપાલસિંહને આશિષના માણસે ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપતા આ મામલો ગરમાયો હતો. અધૂરામાં પૂરું ખેલ સરખો પાડવા માટે હરપાલસિંહને રીક્ષામાં બેસાડી અપહરણ કરી અને આશિષ માડમની ઓફિસે લઈ જઈ આશિષ માડમ અને તેના માણસે ઢીકાપાટુનો માર મારી મૂંઢ માર માર્યો હતો. આથી પિતા-પુત્રને સારવાર માટે જી. જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. નવાગામમાં જ વસવાટ કરતા હરપાલસિંહ વિક્રમસિંહ જાડેજા સિટી બી ડીવીઝનમાં ભાજપના નવાગામ વિસ્તારના કોર્પોરેટર કેશુ માડમના પુત્ર આશિષ કેશુ માડમ, આશિષનો માણસ અને અન્ય ૧૨ જેટલા અજાણ્યા શખ્સો મળી કુલ ૧૪ સામે અપહરણ, હુમલો, જાનથી મારી નાખવાની ધમકી, ગુનાહીત કાવતરું સહિતની કલમો હેઠળ ગુનો નોંધાવતા પીઆઈ જે.વી.રાઠોડે તપાસ હાથ ધરી છે.

ભલેને અન્યાય થયો આપણને પણ ઝૂકીશું નહીં, ન્યાય માટે પ્રેમથી લડતા રહીશું



"પ્રેમની વસંત બારેમાસ"

નીલકંઠ વાસુકિયા
મો.નંબર-9824856247
WRITER THINKER COLUMNIST

કોલેજ કેમ્પસ ખીચોખીચ ભરાયેલું છે અને ક્યાંય પગ મૂકવા માટેની પણ જગ્યા બાકી રહી નથી તેવી સ્થિતિ બની ગઈ છે. કોલેજમાં એન્યુઅલ ફંકશન શરૂ થવાની ગણતરીની મિનિટો જ બાકી રહી છે અને હવે કોલેજ કેમ્પસમાં કોઈને પણ પ્રવેશ ન મળે તેમ નથી. સમય કરતાં મોડું થઈ જવાના કારણે જાનવી નામની કોલેજની યુવતી એન્યુઅલ ફંકશન માં પરફોર્મન્સ આપવા માટે પણ પહોંચી શકે તેમ ન હોવાને કારણે કોલેજના દરવાજા પાસે ઉભી રહી ને રડવા લાગે છે. અચાનક જ કોલેજના યુવક હાર્દિકની જાનવી પર નજર પડે છે અને તે જાનવી પાસે પહોંચી જાય છે. જાનવી તું કેમ રડે છે? તેમ હાર્દિકે પ્રશ્ન કર્યો. જાનવી એ કહ્યું કે રડું નહીં તો શું કરું એન્યુઅલ ફંક્શન માટે હું ઘણા સમયથી તૈયારીઓ કરી રહી હતી પરંતુ હું આજે મોડી પડી અને સ્ટેજ સુધી પહોંચી શકાય તેમ નથી. મારું સપનું આજે રોળાઈ ગયું. હાર્દિકે કહ્યું કે રડવાનું બંધ કર તને સ્ટેજ સુધી હું પહોંચાડી દઈશ અને દોસ્ત તારે સર્વ શ્રેષ્ઠ પરફોર્મન્સ આપવું પડશે. જાનવીને હાર્દિક પર થોડો વિશ્વાસ આવે છે અને તે રડવાનું બંધ કરે છે. હાર્દિક તેના નજીકના મિત્રોને બોલાવે છે અને મિત્રોની વચ્ચે જાનવીને આવી જવાનું કહેવામાં આવે છે. ભીડની વચ્ચે હાર્દિકના મિત્રો આગળ વધી રહ્યા છે અને વચ્ચે જાનવીને સુરક્ષિત રાખી યુક્તિપૂર્વક સ્ટેજ સુધી પહોંચાડવામાં આવે છે. આટલી બધી ભીડની વચ્ચે પણ થોડા જ સમયમાં સ્ટેજ સુધી પહોંચી જવાથી જાનવી ખૂબ જ ખુશ થાય છે. સ્ટેજ પર પર્ફોમન્સ રજૂ કરતાં પહેલા જાનવી હાર્દિકને ફક્ત એટલું જ કહે છે કે હું તને આભાર નહી કહું પરંતુ આજે તારા માટે સ્પેશ્યલ પરફોર્મન્સ આપવા જઈ રહી છું. આટલું કહીને જાનવી સ્ટેજ પર આવે છે અને મન મૂકીને ડાન્સ કરે છે. જાનવીનો ડાન્સ જોઈ તમામ લોકો પોતાની જગ્યા પરથી ઊભા થઈ જાય છે અને વાહ જાનવી વાહ તેવા ઉદગાર દરેકના મોઢામાંથી નીકળી જાય છે. કોલેજના પ્રોફેસરો પણ વિચારતાં થઈ જાય છે કે જાનવી આટલો સરસ ડાન્સ કઈ રીતે કરી શકી. જાનવી નો ડાન્સ પૂરો થતાં તાળીઓના ગડગડાટથી તેને બનાવવામાં આવે છે અને સ્ટેજ પરથી માઈકમાં જાનવીના વખાણ કરવામાં આવી રહ્યા છે. બેસ્ટ પર્ફોમન્સ માટે જાનવીને જ્યારે સન્માનિત કરવાનો અવસર આવે છે ત્યારે જાનવી નમસ્કાર કરીને કહે છે કે ખરેખર મારા આ બેસ્ટ પર્ફોમન્સ માટે હું નહી પરંતુ હાર્દિક સન્માન સ્વીકારશે. આટલું કહીને જાનવી હાર્દિકને સ્ટેજ પર બોલાવે છે પરંતુ હાર્દિક કહે છે કે જાનવી આ સન્માન તો તારે જ સ્વીકારવું પડશે. જાનવી કહે છે કે હાર્દિક આજે તું ન હોત તો હું મારું પરફોર્મન્સ પણ રજુ ન કરી શકી હોત. હાર્દિકે કહ્યું તારી બધી વાત સાચી પરંતુ સન્માનની હકદાર તો તું જ છું. ત્યારે જાનવી કહ્યું કે હું એકલી તો સન્માન નહી સ્વિકારૂ, તું મારી સાથે રહે તો જ હું સન્માન સ્વીકારીશ. એન્યુઅલ ફંકશનના બેસ્ટ પર્ફોમન્સ માટે જાનવી અને હાર્દિક સન્માન સ્વીકારે છે. બસ આ જ ક્ષણથી જાનવી અને હાર્દિક એકબીજાના સાથી બને છે અને આ દોસ્તી પ્રેમમાં પરિણમે છે.

જાનવી અને હાર્દિક લગ્ન કરવાનું નક્કી કરે છે. સૌપ્રથમ હાર્દિક જાનવી ના ઘરે જાય છે અને તેના માતા-પિતાને મળી જાનવી અને પોતાના પ્રેમની વાત કરે છે. હાર્દિકનો વ્યવહાર જોઈને જાનવીની ખુશી માટે પરિવાર તરફથી લગ્નનો પ્રસ્તાવ કરવામાં આવે છે. હવે જાનવી હાર્દિક ના ઘરે આવે છે અને પરિવારજનોને મળીને હાર્દિક સાથે લગ્ન કરવાની



પ્રતિકાત્મક તસવીર

મંજૂરી માંગે છે. હાર્દિકના કેટલાક પરિવારજનો આવી રીતે લગ્ન કરવાનો વિરોધ કરી રહ્યા છે પરંતુ વડીલોની સમજાવટથી પરિવારજનો હાર્દિકના જાનવી સાથે લગ્ન કરાવવા માટે સહમત થાય છે. પછી તો ધામધૂમથી હાર્દિક અને જાનવીના લગ્ન કરાવવામાં આવે છે. જીવનસાથી બન્યા પછી પણ હાર્દિક અને જાનવી એકબીજાને ભરપૂર પ્રેમ આપી રહ્યા છે અને કોઈ પણ પરિસ્થિતિમાં સાથ નિભાવી રહ્યા છે. થોડા મહિનાઓ સુધી તો પરિવારમાં બધું વ્યવસ્થિત ચાલે છે પરંતુ જે લોકોને હાર્દિક જાનવી સાથે લગ્ન કરે તે પસંદ ન હતું તેઓ હવે ધીમે ધીમે જાનવીની નાની નાની વાતોમાં ભૂલો કાઢીને તેની સાથે ઝગડવા લાગ્યા છે. જાનવી ચુપચાપ આ બધું સહન કરી રહી છે અને આ વાતની જાણ હાર્દિકને પણ કરતી નથી. પરંતુ કેટલાક પરિવારજનો દ્વારા જાનવીને સતત પરેશાન કરવામાં આવે છે અને હાર્દિક વિશે પણ અપમાન જનક શબ્દો બોલવામાં આવી રહ્યા છે ત્યારે આ વાત જાનવીથી સહન નથી થતી. જાનવી હાર્દિક ને કહે છે કે જ્યાં સુધી મારું અપમાન કર્યું ત્યાં સુધી મેં બધું સહન કર્યું જ છે પરંતુ હવે આ લોકોએ તમારું પણ અપમાન કરવાનું શરૂ કર્યું છે જે મારાથી ક્યારેય પણ સહન નહીં થાય. પરિવારજનો આપણને અન્યાય કરી રહ્યાં છે. હાર્દિક જાનવી ને કહે છે કે તું થોડી શાંત થા અને આ બધું વિચારવાનું છોડી દે. આ સાંભળીને જાનવી કહે છે કે આ લોકો મળીને આપણને અન્યાય કરી રહ્યા છે. શું આપણે પ્રેમ કરીને કોઈ ગુનો કર્યો છે? ત્યારે હાર્દિકે કહ્યું કે ભલેને અન્યાય થયો આપણને પણ ઝુંકીશું નહીં, ન્યાય માટે પ્રેમથી લડતા રહીશું. જાનવી કહે છે કે તમે કહેશો તેમ કરવા હું તૈયાર છું. હાર્દિકે કહ્યું કે આપણે બધાની સાથે પ્રેમ અને નમ્રતા પૂર્ણ વ્યવહાર કરીશું ભલેને તેઓ આપણને અપમાનિત કરતા રહે. એક દિવસ એવો ચોક્કસ આવશે કે તેઓને તેમના વ્યવહાર પર પસ્તાવો થશે અને આપણને સાચા મનથી સ્વીકારશે. પછી તો જાનવી હાર્દિકના કહેવા પ્રમાણે દરેક પરિવારજનો સાથે પ્રેમ અને નમ્રતાથી વ્યવહાર કરે છે. પરંતુ તેમ છતાં પણ કેટલાક પરિવારજનો દ્વારા જાનવી ને પરેશાન કરવાની એક પણ તક જતી કરવામાં આવતી નથી. આવા વિપરીત સંજોગોમાં પણ જાનવી ધૈર્ય ગુમાવતી નથી અને તેની સાથે અપમાનજનક વ્યવહાર કરનારા લોકોને પણ પ્રેમ અને નમ્રતાથી પૂરું સન્માન આપી રહી છે. જેની પરિવારજનો પર થોડા મહિનાઓ પછી અસર જોવા મળી રહી છે. જાનવી જ્યારે હાર્દિક સાથે ઘરની બહાર ગઈ છે ત્યારે તેને પરેશાન કરતા પરીવારજનો મળે છે. તેઓ બધા એક બીજાને કહે છે કે આપણે જાનવીને ખૂબ પરેશાન કરી રહ્યા છીએ પરંતુ જાનવી આપણી બધાની સાથે પ્રેમથી જ વ્યવહાર કરી રહી છે. આવી સંસ્કારી અને લાગણીશીલ દીકરીને આપણે ખૂબ અન્યાય કર્યો છે અને હવે આપણે તેની માફી પણ માંગવી જ પડશે. બધા જ પરિવારજનો એક મતથી હવે જાનવી ને ક્યારેય પણ પરેશાન ન કરવાનો મક્કમ નિર્ધાર કરે છે. બજારનું કામ પૂર્ણ કરીને હાર્દિક અને જાનવી જ્યારે ઘરે પરત ફરે છે ત્યારે બધા જ પરિવારજનો દરવાજાની સામે ઊભા હોય છે. બધાના હાથ જોડેલા હોય છે અને એક જ સ્વરમાં કહે છે કે જાનવી અમે તમને ખૂબ અન્યાય કર્યો છે તેના માટે અમે દિલગીર છીએ. આટલું સાંભળતા જ જાનવી રડવા લાગે છે અને કહે છે કે તમે બધા તો અમારા વડીલ છો તમારે દિલગીરી વ્યક્ત ન કરવાની હોય. તમે પણ અમારા જ છો. પછી જાનવી અને હાર્દિક બધાને ગળે મળે છે અને પ્રણામ કરીને આશીર્વાદ પણ મેળવે છે. હવે તમામ પરીવારજનો સાથે મળીને રહેવા લાગે છે અને બધાજ જાનવીનું ખુબ જ ધ્યાન રાખી રહ્યા છે. પરીવારજનો જાનવીને પિયરની પણ યાદ આવવા દેતા નથી અને હાર્દિકની સાથે હર્ષોલ્લસથી જીવનજીવી રહી છે.

બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિર વિરમગામનો ૧૧મો પાટોત્સવ ઉજવાયો



કોઠારી સ્વામી સહિત સંતો, હરિભકતોની ઉપસ્થિતિમાં વેદોક્ત વિધિથી પાટોત્સવની ઉજવણી કરવામાં આવી

વંદના નીલકંઠ વાસુકિયા
વિરમગામ દ્વારા

અમદાવાદ જીલ્લાના વિરમગામ શહેરમાં મુનસર રોડ પર આવેલા બીએપીએસ શ્રી સ્વામિનારાયણ મંદિરનો ૧૧મો પાટોત્સવ ઉજવાયો હતો. ફાગણ સુદ બીજને મંગળવારે પુજય કોઠારી સ્વામી, સંતો, હરિભક્તોની ઉપસ્થિતિમાં વેદોક્ત વિધી પ્રમાણે શ્રી સ્વામિનારાયણ મંદિર વિરમગામના ૧૧માં પાટોત્સવની ધામધુમથી ઉજવણી કરવામાં આવી હતી. સવારે મહાપુજા અને કથાવાર્તા કરવામાં આવી હતી. પાટોત્સવ નિમિત્તે સ્વામિનારાયણ ભગવાનને અન્નકુટ ધરાવવામાં આવ્યો હતો. મોટી સંખ્યામાં હરિભક્તોએ દર્શન ઉપરાંત મહાપ્રસાદનો લાભ લીધો હતો. પાટોત્સવના યજમાન ડૉ.ભરતભાઈ ભીખાભાઇ ગજજર, અલ્પેશભાઇ ભીખાભાઇ ગજજર બન્યા હતા.

નર્મદા જિલ્લાની વડી રાજપીપળા સિવિલ હોસ્પિટલમાં તબીબો મોડા આવતા હોવાની બુમ : દર્દીઓને મુશ્કેલી

• બહાર થી આવતા તબીબો સવારે ૯ ના બદલે ૧૦ વાગ્યા બાદ આવતા હોય ગ્રામ્ય વિસ્તાર માંથી આવતા દર્દીઓને કલાકો રાહ જોઈ બેસી રહેવું પડે છે.

• સરકારી નિયમની પરવાહ ન કરી બીમાર દર્દીઓને ટલ્લે ચઢાવતા તબીબોની મનમાની કેમ સાંખી લેવાય છે..?

• સિનિયર સીટીઝન અને વૃધ્ધો માટે અલગ ઓપીડી ચલાવવાના નિયમનું પણ કોઈ પાલન થતું નથી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લાની વડી રાજપીપળા સિવિલ હોસ્પિટલના ખોખલા વહીવટના કારણે વારંવાર દર્દીઓને તકલીફમાં મુકાવવું પડતું હોય હોસ્પિટલના સત્તાધિશો કેમ મૌન રાખી તમાશો જુવે છે એ સમજાતું નથી.

નર્મદા જિલ્લાના પછાત વિસ્તારોમાં રહેતા અને મજૂરી કામ કરી જીવન ગુજારતા ગરીબ પરિવારના દર્દીઓ રાજપીપળા સિવિલમાં વધુ આવતા હોય વહેલી સવારે આવી ડોક્ટરને દેખાડી બપોરે મજૂરી કામ કરી રોજી મેળવવાની આશા એ આવતા દર્દીઓ જ્યારે સવારે ૯ વાગ્યાનો સમય હોય આઠ વાગ્યાના હોસ્પિટલ પર આવી વહેલો નંબર લાગે તેવી આશા એ આવે પરંતુ રાજપીપળા સિવિલમાં મોટા ભાગના મોટા ડોક્ટરો કે જે બહારગામ થી અપડાઉન કરતા હોય તે ૧૦ વાગ્યા બાદ ફરકતા હોય ગરીબ દર્દીઓ રાહ જોઈ કલાકો અટવાય છે. આવી હાલતમાં બીમાર ગરીબ દર્દીઓ નહીં ઘરના કે નહીં ઘાટના જેવી મુસીબતમાં મુકાય છે.જોકે હોસ્પિટલનો સરકારી સમય ન સાચવતા અમુક ડોક્ટરો કે અન્ય સ્ટાફની મનમાની અધિકારીઓ કેમ ચલાવી લે છે તે સમજાતું નથી તો આ બાબતે ઉચ્ચ અધિકારીઓ પગલાં લે તેવી માંગ ઉઠી છે. સાથે નિયમ મુજબ સિનિયર સીટીઝન અને વૃધ્ધો માટે અલગ ઓપીડી ચલાવવાના નિયમનું પણ કોઈ પાલન થતું ન હોવાની વારંવાર ફરિયાદો સંભળાઈ છે જેમાં જાણવા મળ્યા મુજબ હાલ ઓપીડીમાં વધુ સમય કોન્ટ્રાકટ હેઠળ કામ કરતા ડોક્ટરો જ જણાય છે.અને ઉપર વોર્ડ માં દાખલ દર્દીઓની તપાસ પણ રેગ્યુલર તબીબો રાઉન્ડ ન મારતા નિયમિત રીતે થતી ન હોવાની પણ બુમ સંભળાઈ રહી હોય જિલ્લા કલેક્ટર કે સિવિલ સર્જન આ ગંભીર બાબતે પગલા લે તે જરૂરી છે.

ગર્ભવતી મહિલાઓ માટે સોનોગ્રાફીની મોટી કતાર હોય એમાં પણ સાંજે સમય કરતાં વહેલી કામગીરી બંધ કરી કેશ કઢાવી કલાકો થી બેઠેલી મહિલાઓને પણ કાલે આવજો કહી પરત મોકલી દેવાતા હોવાની પણ બુમ સંભળાઈ હોય તદ્દન ખાડે ગયેલા સિવિલના આવા વહીવટ થી સિનિયર સિટીજનો,વૃધ્ધો અને ગર્ભવતી મહિલાઓ ધક્કે ચઢી રહી હોય ત્યારે સરકારની વિકાસની વાતો અહીંયા પોકળ સાબિત થતી લાગે છે.

નર્મદામાં બે મહત્વના ડેમો આવ્યા હોવા છતાં અંતરિયાળ ગામોમાં પાણીની ગંભીર તકલીફ

નર્મદા જિલ્લાના દેડિયાપાડાના ગીચડ ગામના પટેલ ફળિયાના રહીશોને પાણીના વલખાં

• હેન્ડ પંપ બોર કે અન્ય કોઈ પીવાના પાણી માટેની સુવિધા ન હોવાથી લાબું અંતર કાપી કોતરો માંથી પાણી લાવવા લોકો મજબુર

• પટેલ ફળિયાના રહેવાસીઓએ પાણી માટે અનેકવાર તંત્રને રજૂઆત કરી છતાં તંત્રના પેટનું પાણી હાલતું નથી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા



નર્મદા જિલ્લાના દેડિયાપાડા તાલુકામાં ગીચ જંગલો વચ્ચે ના ગીચડ ગામના પટેલ ફળિયામાં અંદાજીત ૬૦થી વધુની વસ્તી હોવા છતાં આ ફળિયામાં હજુ સુધી હેન્ડ પંપ, બોર કે પાણી માટેની અન્ય કોઈ સુવિધાઓ તંત્ર દ્વારા ઉભી ન કરાતા ગ્રામજનો એ લાબું અંતર કાપી પાણી લેવા ચાલીને ખાડી કોતર સુધી જવું પડે છે.સરકાર એક તરફ વિકાસની વાતો કરે છે ત્યારે આવા અનેક ગામોમાં પાણી જેવી બાબતે લોકો વલખા મારતા હોય તેમની ફરિયાદ સાંભળનાર પણ કોઈ નથી ગામના લોકો પોતાના જીવન જરૂરિયાત માટેનુ તેમજ ઢોરઢાંખર માટે પાણી મેળવવા ખાડી કોતરમા ખૂંડીને ડુંગરો ચાલી પાણી મેળવી જીવી રહ્યા છે. નર્મદામા પાણીની વાત કરીએ તો મહત્વના બે ડેમોમાં કરજણ ડેમ તેમજ નર્મદા ડેમ આવેલા છે જેનુ પાણી કચ્છ સૌરાષ્ટ્ર સહિતના ગુજરાતના અન્ય દુર દુરના વિસ્તારોમાં પુરૂ પાડવામાં આવી રહ્યું છે આ ડેમોની નજીકમા આવેલા ગામડાઓને જ પાણી માટે વલખા મારવા પડે ત્યારે ઘર ના છોકરા ઘંટી ચાટે જેવો ઘાટ જોવા મળે છે.પાણીની આ તકલીફ બાબતે તાત્કાલિક ધોરણે હેડપંપ અથવા અન્ય કોઈ યોજના હેઠળ પાણીની વ્યવસ્થા કરી આ સમસ્યા હલ કરવામાં આવે તેવી ગ્રામજનો માંગ કરી રહ્યાં છે.

મોલની લિફ્ટ મધરાતે ખોટકાતા ૯ લોકો અડધો કલાક ફસાયા

વડોદરા

વડોદરાના માંજલપુર વિસ્તારના મોલમાં ગઈ મધરાતે લિફ્ટ ખોટકાતા બે બાળક સહિત ૯ જણા અડધો કલાક સુધી ફસાયા હતા.

માંજલપુરના વ્રજધામ મંદિર પાસે આવેલા ઈવા મોલમાં ગઈ મધરાતે ફિલ્મનો છેલ્લો શો જોઈ ૫ યુવકો, ૨ યુવતી અને ૨ બાળકો લિફ્ટમાં નીચે ઉતરી રહ્યા હતા, ત્યારે ત્રીજા અને બીજા ફ્લોરની વચ્ચે લિફ્ટ બંધ થઈ હતી.

ફસાયેલા લોકોએ પ્રયત્ન કરવા છતાં લિફ્ટ ચાલુ નહિ થતા બુમરાણ મચાવી હતી. સિક્યુરિટી ગાર્ડ અને અન્ય લોકોએ લિફ્ટ ચાલુ કરવાના પ્રયત્નો કર્યા હતા, પરંતુ સફળતા મળી ન હતી.

બીજી તરફ અડધો કલાક સુધી લિફ્ટમાં ફસાયેલા લોકોના જીવ અધ્ધર થઈ ગયા હતા અને તેઓ પરસેવે રેબઝેબ થવા માંડ્યા હતા. જયારે બાળકોએ રોકકળ કરવા માંડી હતી. આખરે, ફાયર બ્રિગેડને જાણ કરાતા વડીવાડી ફાયર સ્ટેશનની ટીમ આવી ગઈ હતી અને ગણતરીની મિનિટોમાં ફસાયેલા લોકોને બહાર કાઢતા તેમના જીવમાં જીવ આવ્યો હતો

બગલામુખી મંદિરના ગુરૂ પ્રશાંત ઉપાધ્યાયના કોર્ટે ૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં

વડોદરા

૨૧.૮૦ લાખની છેતરપિંડીના ગુનામાં વારસિયા સ્થિત બગલામુખી મંદિરના ગુરૂ પ્રશાંત ઉપાધ્યાયને પોલીસે રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરીને ૬ દિવસના રિમાન્ડ માંગ્યા હતા. જોકે વડોદરા કોર્ટે તેના ૪ દિવસના રિમાન્ડ મંજૂર કર્યાં હતા. પ્રશાંતની પૂછપરછમાં ઘણા ખુલાસાઓ થવાની શક્યતા છે.

ઠગાઈની અરજી પોલીસમાં નોંધાયાની જાણ થઈ જતાં એક મહિના પહેલા જ પ્રશાંત ઉપાધ્યાય પોલીસને ચકમો આપીને ફરાર થઈ ગયો હતો. તેને શોધવા વારસિયા પોલીસે આકાશ પાતાળ એક કર્યાં હતા. વારસીયા પોલીસની ૪ ટીમો તેને શોધી રહી હતી. વારસિયા પોલીસના પીઆઈ એસ.એસ.આનંદને રવિવારે સાંજે બાતમી મળી હતી કે પ્રશાંત કારમાં બેસીને મહારાષ્ટ્રથી ગુજરાત તરફ આવી રહ્યો છે, જેથી પોલીસે તેનો પીછો કર્યો હતો અને વાપી અને ચીખલી વચ્ચે માલવાળા ગામ પાસે હાઈવે પર આવેલી રીચા રેસ્ટ્રો એન્ડ ડિલાઈટ ફૂડના પાર્કિંગમાં કાર પાર્ક કર્યા બાદ કારમાંથી નીચે ઉતરીને ઉભો હતો ત્યારે રવિવારે રાત્રે અઢી વાગે વારસિયા પોલીસે તેને ઝડપી લીધો હતો. અને આજે કોર્ટમાં રજૂ કરીને ૪ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. પોલીસ પ્રશાંતને સાથે રાખીને તેના ઘર અને મંદિર સહિતના સ્થળોએ તપાસ કરશે.



અમરનાથ યાત્રા માટેના યાત્રીઓ માટે નવી સિવિલ હોસ્પિટલમાં શારીરિક ફીટનેસ તપાસ કરી તબીબી સર્ટીફીકેટ આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું છે જેમાં મોટી સંખ્યામાં લોકો તબીબી તપાસ માટે આવી પહોંચ્યા હતા.

નવસારી જિલ્લાના યુવક-યુવતીઓને સાહસિક પ્રવૃત્તિઓ કાર્યક્રમમાં ભાગ લેવા અરજી કરો

નવસારી

રાજય સરકારના કમિશનર યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા રાજય સરકારના ખર્ચે સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા પાંચ દિવસ માટે શિબિર યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પસંદ થયેલા ૧૦૦ યુવક-યુવતીઓને ભાગ લેવાની તક આપવામાં આવશે. ગુજરાતમાં સાહસિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા નવસારી જિલ્લાનાં વિવિધ સ્થળો કે જયાં પર્વતારહોણની રોક કલાઈમ્બીંગ, રેપલીંગ, ઝીપલાઈન, રિવર ક્રોસિંગ, ટ્રેકીંગ, નાઈટ હોલ્ટ વગેરે જેવી સાહસિક પ્રવૃત્તિઓનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.

આ શિબિરમાં ભાગ લેવા માટે નવસારી જિલ્લાના યુવક-યુવતીઓ જેઓ તા.૩૧/૧૨/૨૦૧૯ ના રોજ ૧૫ થી ૪૫ વર્ષની વયમર્યાદા ધરાવતા હોય તેવા અને આ કાર્યક્રમમાં ભાગ લેવા ઇચ્છતા હોય તેઓએ અરજીપત્રક, ઓળખનો પુરાવો, મેડીકલ સર્ટિફિકેટ, જાતિનો દાખલો, પાસપોર્ટ સાઈઝના બે ફોટાની વિગતો સાથેની પોતાની અરજી ફોર્મ જિલ્લા રમતગમત અધિકારીની કચેરી, સી બ્લોક, બીજા માળે, જિલ્લા સેવા સદન, જુનાથાણા, નવસારી ખાતેથી મેળવી કચરી પર જ સંપૂર્ણ વિગતો ભરીને આધાર-પુરાવા સાથે તા.૨૯/૦૨/૨૦૨૦ સુધીમાં મોકલી આપવાનું રહેશે. કાર્યક્રમમાં પસંદ થનાર યુવક-યુવતીઓને પત્ર દ્વારા, મોબાઈલ, ઈ-મેઈલ દ્વારા જાણ કરવામાં આવશે. આ અંગે વધુ જાણકારી માટે જિલ્લા યુવા વિકાસ અધિકારી કચેરી ફોન નંબર (૦૨૩૭) ૨૮૦૬૬૩ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

ડોલો ભરીને તૈયાર રાખજો... ૨૮મીએ સુરતના ૭૦ ટકા વિસ્તારમાં પાણીકાપ મુકાશે

સુરત

સુરતીવાસીઓ માટે ખુબ જ અગત્યના સમાચાર છે. સુરતના મોટા ભાગના વિસ્તારોને ૨૮મી ફેબ્રુઆરીએ પાણી આપવામાં નહીં આવે. વરાછામાં આવેલી વર્ષો જૂની પાણીની લાઈન બદલવાની ચાલતી કામગીરીને કારણે સુરતીવાસીઓને પાણી આપવામાં નહીં આવે. સુરતના ૭૦ ટકા વિસ્તારમાં પાણીકાપ કરવામાં આવ્યો છે. પાણીકાપની આ અસર સુરતમાં રહેતાં ૪૦ લાખ લોકોને થશે.

સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા હાલ વર્ષો જૂની પાણીની પાઈપલાઈન બદલીને નવી પાઈપલાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે. નવી પાઈપલાઈનના જોડાણની કામગીરીને કારણે આ પાણીકાપનો નિર્ણય કરવામાં આવ્યો છે. ૪૦-૫૦ વર્ષ જૂની આ પાઈપલાઈનો બદલવાની કામગીરી મનપા દ્વારા કરવામાં આવી રહી છે. જેને કારણે હેડ વોટર વર્કસ, સરથાણા વોટર વર્કસ, ઉમરવાડા જળવિતરણ મથક, કતારાગમ, સીંગણપોર, ખટોદરા, અઠવા, ઉધના ચીકુવાડી, ઉધ્ના સંઘ, અલથાણ, ભીમરાડ, ડુંભાલ, વેસુ, કિન્નરી સહીતના જળવિતરણ મથક ખાતેથી શહેરમાં પહોંચાડવામાં આવતો પાણી પુરવઠો નહિંવત મળે જયારે ૨૯મીએ ઓછા પ્રેસરથી મળે તેવી શક્યતાઓ વ્યક્તે કરવામાં આવી રહી હોવાથી આ અંગેની જાણ સાથે નોંધ લેવા શહેરીજનોને સુરત મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે.

રેલવે સ્ટેશનથી ચોક, ઉમરવાડા, મગોબ, ડુંભાલ, આંજણા, ભાઠેના, પાંડેસરા, ઉધના, ખટોદરા, ભેદવાડ, ચુકવાડી, મજૂરા, અઠવા, પાર્લેપોઈન્ટ, સીટીલાઈટ, અલથાણ, પનાસ, ભટાર, કતારગામ, વેડ, ડભોલી, સીંગણપોર, વેસુ, હુમસ, ભીમપોર, દવિયર, સુલતાનાબાદ, વાંટા, પુણા, ઉમરા, પીપલોદ, વરાછા, લંબેહનુમાન રોડ, બમરોલી સહિતનો વિસ્તારમાં પાણી ઓછું મળશે.

ચેઈન સ્નેચરોનો પીછો કરતા યુવાનને પગ મારી મોપેડ પરથી ફેંકી દેતા ઘાયલ

સુરત

વેસુ વીઆઈપી રોડ સ્થિત શ્રી શ્યામ મંદિર નજીક અલથાણ ગાર્ડનની બાજુમાં આવેલા સ્ટર્લીંગ એવન્યુમાં રહેતો રવિ અમૃત પટેલ (ઉ.વ. ૩૦) ગત રોજ રાત્રે ૯ વાગ્યાના અરસામાં ઘરેથી મોપેડ લઈ કામ અર્થે બહાર જવા નીકળ્યો હતો. દરમ્યાનમાં સ્ટર્લીંગ એવન્યુના ગેટ સામે પલ્સર મોટરસાઈકલ પર બે સ્નેચરો ધસી આવ્યા હતા. જે પૈકી પાછળ બેસેલા સ્નેચરે રવિએ ગળામાં પહેરેલી સોનાની ૬ તોલા વજનની ચેઈન આંચકી મોટરસાઈકલ પુર ઝડપે હંકારી મુકી હતી. જેથી રવિએ બહાદુરીપૂર્વક સ્નેચરોનો પીછો કર્યો હતો.

રવિએ અંદાજે એકથી દોઢ કિલોમીટર સુધી સ્નેચરોનો પીછો કરતા પકડાય જવાના ડરના માર્યા સ્નેચરોએ ચાલુ મોટરસાઈકલે ચપ્પુ વડે રવિને ડરાવવાનો પ્રયાસ કર્યો હોવા છતા પણ તેણે હિમ્મત હારી ન્હોતી અને પીછો કરવાનું ચાલુ રાખ્યું હતું. જેથી સ્નેચરોએ ચાલુ મોટરસાઈકલે મોપેડને પગ મારતા રવિએ મોપેડ પરનું બેલેન્સ ગુમાવ્યું હતું અને તે રોડ પર પટકાયો હતો અને તેને હોઠ અને હાથ પર ઈજા થઈ હતી. ઘટના અંગે રવિએ ખટોદરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે સીસીટીવી ફુટેજના આધારે તપાસ હાથ ધરી છે.

અમદાવાદના ત્રણ વેપારીઓ દ્વારા સુરતના વેપારી સાથે ૪૮-૫૪ લાખની ઠગાઈ

બાકી પેમેન્ટની ઉઘરાણી કરાતા વેપારીને ધમકી મળી

સુરત

રિંગ રોડ ન્યુ ટેક્ષટાઈલ્સ માર્કેટમાં વેપાર કરતા વેપારીનું અમદાવાદના ત્રણ વેપારીએ રૂપિયા ૪૮.૫૪ લાખનું કરી નાખ્યું હતું. કાપડ ખરીદીનું પેમેન્ટ ચુકવવાને બદલે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

સલાબતપુરા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ રિંગ રોડ ન્યુ ટેક્ષટાઈલસ માર્કેટમાં દુકાન નં. ૨૦૫૩ ધરાવતા વિનીત તારાચંદ ખુરાનાએ આરોપી મનોજ કિશનચંદ નેભાણી (માર ચરણ ટેક્ષ, સુમેલ બિઝનેસ પાર્ક, અમદાવાદ), અજય વિદ્યાની (કે.એમ.એજન્સી, સુમેલ બિઝનેસ પાર્ક, અમદાવાદ), જય વ્દિાયન (કે.એમ.એજન્સી,) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીના જણાવ્યા મુજબ આરોપીઓએ એક બીજાના મેળાપીપણામાં ફરિયાદી પાસેથી રૂપિયા ૪૮, ૫૪,૨૯૫ની કિંમતનો કાપડનો જથ્થો ખરીદ્યા બાદ ફરિયાદીએ પેમેન્ટ માટે ઉઘરાણી કરતા આરોપીઓએ થાય તે કરી લેવાની અને જાનથી મારી નાખવાની ધમકી આપી ફોન ઉપાડવાનું બંધ કરી દઈ ફરિયાદી સાથે વિશ્વાસઘાત-છેતરપિંડી કરી હતી. સલાબતપુરા પોલીસે વેપારી વિનીત તારાચંદ ખુરાનાની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

પૂજા કરવાના બહાને મહિલાની બુટ્ટી લઈ બે મહિલાઓ ફરાર

સુરત

પુજા કરવાથી ઘરમાં સારૂ થઈ જશે, તેમ જણાવી પુજા કરવા માટે સોનાની બુટ્ટીઓ લઈને બે અજાણી મહિલા પલાયન થઈ ગઈ હતી. લિંબાયત પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ લિંબાયત કુબેરનગરમાં રહેતા ઉર્મિલાબેન દિનેશભાઈ યાદવની પાસે બે અજાણી મહિલા આવી હતી. આ અજાણી મહિલાઓ ફરિયાદી ઉર્મિલાબેનને બાતોમાં ભેળવી પુજા કરવાથી તમારા ઘરમાં સારૂ થઈ જશે. તેમ જણાવી તેમ જણાવી પુજા માટે કાનમાં પહેરેલી સોનાની બુટ્ટીઓ મેળવી નાસી ગઈ હતી.

લિંબાયત પોલીસે આ બે અજાણી મહિલા વિરૂદ્ધ વિશ્વાસઘાત, છેતરપીંડની ફરિયાદ નોંધાવી હતી. ઠગો અવનવી તરકીબ અજમાવી લોકોને છેતરી લેતા હોય છે. દરરોજ આવા કિસ્સાઓ પ્રકાશમાં આવતા હોવા છતા બે દરકાર લોકો વધુ પ્રમાણમાં છેતરપિંડીનો ભોગ બનતા હોય છે.

કાઈમ સિટી 'સુરત'માં ગુનાખોરી વધી...યુવક પર ત્રણ શખ્સોએ ચપ્પુ વડે હુમલો કર્યો

સુરત

લિંબાયત વિસ્તારમાં નજીવી બાબતે ત્રણ શખ્સો દ્વારા યુવક પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરી ફરાર થઈ ગયા હતાં. ઘટનાની જાણ થતાં ઉચ્ચ પોલોસના અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા યુવકને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. મળતી માહિતી પ્રમાણે લિંબાયત વિસ્તારમાં આવેલા રત્નચોક ખાતે રહેતો ધર્મેશ પાટીલ નામના યુવક પર ત્રણ શખ્સો સોમવારની રાત્રીના ૧૦ વાગ્યાના આસપાસ ઘર નજીક ધર્મેશ પર ચપ્પુ વડે હુમલો કરી નાસી ગયા હતાં. ઘટનાની જાણ થતાં લોમબાયત પોલીસ સહિત ઉચ્ચ અધિકારીઓ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને યુવકને સારવાર માટે પહેલા સિવિલ હોસ્પિટલ ત્યારબાદ વધુ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતાં. જ્યાં હાલ યુવક આઈસીયુંમાં દાખલ કરાયો છે.હાલ સમગ્ર મામલે પોલીસ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ક્રિકેટનો શોખીન ૧૪ વર્ષીય નિધાન દીક્ષા લેશે

સુરત

ઉમરા જૈન સંઘમાં આચાર્ય ગુણરત્નસૂરિ મહારાજની નિશ્રામાં ૪૫૦માં મુમુક્ષુના દીક્ષા સમારોહ ચાલી રહ્યો છે. આ પ્રસંગે રવિવારે મુમુક્ષુ નિધાનનો ભવ્ય વર્ષીદાન વરઘોડો નીકળ્યો હતો. આજે દીક્ષા ગ્રહણ કરી ક્રિકેટનો શોખીન ૧૪ વર્ષીય નિધાન હવે સંયમની બેટિંગ કરશે.

ડાયમંડ જવેલરીના વેપારી પ્રણયભાઈ મહેતાના ૧૪ વર્ષીય પુત્ર નિધાન દીક્ષા ગ્રહણ કરી સંયમના માર્ગે જઈ રહ્યો છે. ઉમરા જૈનસંઘમાં રતનબાગ ખાતે અનંત નિધાન પ્રાગટ્ય વાટિકા ખાતે આયોજિત નિધાન એ જ લક્ષ્ય દીક્ષા મહોત્સવ યોજાયો છે. દીક્ષા લેનાર નિધાન પ્રણયભાઈ મહેતાએ ધોરણ ૬ સુધી અભ્યાસ કર્યો છે અને તેને ક્રિકેટનો જબરો શોખ છે. ભણવામાં હંમેશા ટોપ ફાઈવમાં રહેતો નિધાન હવે સંયમની બેટિંગ કરશે અને કર્મો સામે બોલિંગ ફેંકશે અને ભૌતિક સુખોને ક્લિનબોલ્ડ કરશે.

આજે વર્ષીદાન વરઘોડો નીકળ્યો હતો. ઉમરાના મણીભદ્ર નિવાસ સ્થાનેથી યાત્રા પ્રસ્થાન થઈ હતી. વર્ષીદાન યાત્રામાં ઈન્દ્રસભામાં મુમુક્ષુ નિધાન બેસ્યો હતો. ચારેબાજુથી પુષ્પવૃષ્ટિ કરવામાં આવી હતી. ત્યારબાદ ક્રિસ્ટલ કમલમાં બેસી બધાનું અભિવાદન કર્યું હતું. વર્ષીદાન યાત્રા બાદ રાત્રે વિદાય સમારોહ અને બુધવારે દીક્ષા ગ્રહણ કરી સંયમના માર્ગે પ્રયાણ કરશે.

ઉત્રાણમાં ચતુર્થ મહિલા જાગૃતિ સંમેલન તથા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો

કુરિયાનો નાબુદ કરવા તથા સામાજીક ભાવના કેળવવા આહવાન

સુરત

ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ ઉત્રાણ-અમરોલી-કોસાડ આવાસ-વરિયાવા વિભાગ, સુરત શહેર તથા સમતા મહિલા મંડળ દ્વારા દર વર્ષ મુજબ ભારતીય બંધારણના ઘડવૈયા ડૉ. બાબા સાહેબ આંબેડકરજીની જીવનસંગીની ત્યાગમૂર્તી માતા રમાઈ ભીમરાવ આંબેડકરજીની ૧૨૨ મી જન્મજયંતિ, સંત રોહિદાસ મહારાજ, છત્રપતિ શિવાજી મહારાજ, સંત ગાડગે મહારાજની સંયુક્ત જન્મ જયંતિ મહોત્સવ-ઉજવણીના ભાગરૂપે મહિલાઓમાંથી અંધશ્રદ્ધા, કુરીવાજો નષ્ટ થાય, સમાજ પ્રત્યે તથા દેશ પ્રત્યે જાગૃત રહે એવા ઉમદા હેતુથી મહિલા જાગૃતિ ચતુર્થ સંમેલન નાલંદા એજ્યુકેશન કેમ્પસના સેક્રેટરી શ્રીમતિ ચંપાબેન મનુભાઈ ચાવડાના અધ્યક્ષ સ્થાને, મુખ્ય મહેમાન પદે નગરસેવિકા લીલાબેન સોનવણે, શ્રીમતિ ગીતાબેન સોસા, નગર સેવક શ્રી દેવરાજ ગોયાણી, ઉત્રાણ ગામના સેવાભાવી તાલુકા પંચાયતના માજી સદસ્યશ્રી અભેસિંહ બારડ, બૌદ્ધ સમાજ અગ્રણી માજી સરપંચ શ્રી કાશીનાથ સીરસાઠના મુખ્ય મહેમાન પદે મહિલા જાગૃતિ ચતુર્થ સંમેલન, સાંસ્કૃતિ કાર્યક્રમ આયોજીત કરેલ. આ પ્રસંગે વિધાર્થીઓ દ્વારા નૃત્ય, વકતવ્ય, ડાન્સ રજુ કરી, મહાપુરૂષોના વિચારો ફેલાવવાનો પ્રયત્ન કર્યો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં મહિલા, પુરૂષો ઉપસ્થિત રહ્યા હતા. આમંત્રિત મહેમાનપદે વંચીત વાણીના અગ્રણી માન. વિજયભાઈ મહેસુરીયા, બૌદ્ધ સમાજ અગ્રણી શ્રી રામદેવરાવ ઝાલ્ટ, શ્રી રાજેશ સૂર્યવંશી, એડ. શ્રી દિપક પીપળે, લુહાર સમાજ અગ્રણી જીતેન્દ્ર પિત્રોડા, શ્રી નાગમલ પ્રભાકર, શ્રી આર. કે. સોનવણે, શ્રી રાજારામ પવાર બૌદ્ધ સમાજ યુવા અગ્રણી શ્રી કુનાલ સોનવણે, શ્રી અનિલ થોરાત, શ્રી કૃષ્ણા વાનખેડે, શ્રી આદિનાથ કાંબડે વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહી, સંમેલનને સંબોધન કરેલ. કાર્યક્રમનુંસંચાલન ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદ, સુરત શહેર પ્રમુખશ્રી દિલીપ કે. સીરસાઠ, આભારવિધી ઉદ્ધ બાગલેકરી હતી. કાર્યક્રમનેસફળ બનાવવા સમતા મહિલા મંડળ ઉત્રાણ, અમરોલી, કોસાડ આવાસ, પંચશીલ મહિલા મંડળ, પંચશીલનગરની મહિલાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. ભારતીય બૌદ્ધ સમાજ વિકાસ પરિષદના હોદ્દેદારો શ્રી અનિલ પાનપાટીલ, શ્રી પ્રફુલ જગદેવ, શ્રી શશીકાંત કાપુરે, શ્રી ગોવિંદ કુંવર, શ્રી ગૌતમ જાદવ, શ્રી સુરેશ કાપડને, શ્રી રામદાસ જગદેવ, શ્રી ધનસુખ પવાર, શ્રી નાના વાઘ, રોહિતભાઈ ચૌહાણ, શ્રી અશોક મહિરાગીર, શ્રી વિનોદ ઘોડે, શ્રી દિપક જાધવ, વિનોદ જાવડે, શરદ સામુદ્ર, મનોજ સીરસાઠ, બાપુ ઈન્દાસરાવ, બબન ચૌહાણ વિગેરે કાર્યકરો કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે મહારાષ્ટ્રના ટીવી સીગર ગાયક કલ્પના ખોડરાવે બુદ્ધ-ભીમગીતો રજુ કર્યા હતા. સંમેલન બાદ ભોજનદાન કાર્યક્રમ યોજાયો હતો.

પરીક્ષા યોજવાના સમયે ધાર્મિક કથા અને મેળાવડા બંધ રાખવા અપીલ

મોટા કાર્યક્રમો પરિક્ષાની તૈયારી કરતા વિદ્યાર્થીઓને ખલેલ પહોંચાડે છે: જાથા

અમદાવાદ

દેશભરમાં ફેબ્રુઆરી, માર્ચ, એપ્રિલ મહિનો વિદ્યાર્થી જગતની કારકિર્દીનો નિર્ણાયાત્મક, જીંદગીનો મહત્વનો સમયગાળો હોય છે. બોર્ડ, યુનિવર્સિટી, અન્ય શાખાઓમાં પરીક્ષાઓની પ્રાયોગિક, પ્રીલીમીનરી, વાર્ષિક લેખિત, વાંચનનો શ્રેષ્ઠ સમયગાળાને અનુલક્ષીને આ સમય દરમ્યાન વિદ્યાર્થી જગતને નુકશાનકારક ધાર્મિક તેમજ રાજકીય પક્ષોના તાયફાઓ, મેળાવડા, મોટી કથાઓ, ઉજવણીઓ બંધ રાખવા જોઈએ, ઘોંઘાટ વગરના ખાનગી હોલ, વાડી કે ગામથી દૂર ખુલ્લી જગ્યામાં યોજવી જોઈએ અથવા ત્રણ માસ માટે બંધ રાખવા જોઈએ તેમ ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ રાજયવ્યાપી અપીલ કરી છે.

વિજ્ઞાન જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે ધાર્મિક, આધ્યાત્મિક, સાંસ્કૃતિક કે પ્રસંગોના મોટા મેળાવડાના ગતકડા ઉભા કરવાથી લોકોના એકપણ પ્રશ્ન ઉકેલાઈ જવાના નથી. બે, પાંચ વ્યક્તિના પોતાના લાભ માટે તથા ધાર્મિક નેતા પોતાની મહત્તા વધારવા માટેના અને રાજકીય દ્રષ્ટિકોણના લાભના હેતુથી કરાયેલા આયોજનોનો જાગૃતો, બૌદ્ધિકો, વાલીજગતે સદેવ વિરોધ કરવો જોઈએ. લોકોમાં જેમ જેમ શિક્ષણ વધુ આવતું ગયું તેમ સ્વાર્થીપણા સાથે સહનશકિતનો ઉતરોતર વધારો થયો છે તે ચિંતાનો વિષય છે. અભણ કરતાં શિક્ષિતો પોતાના અંગત લાભ માટે વિશાળ સમુદાયને ગુમરાહ કરેછેતેદુઃખદ છે. મે, જુન, જુલાઈમાં કે વર્ષ દરમ્યાન કોઈપણ વિષય કે પ્રસંગની ઉજવણી થઈ શકે છે.

વિજ્ઞાન જાથાના રાજય ચેરમેન અને એડવોકેટ જયંત પંડયા જણાવે છે કે છેલ્લા સત્તર વર્ષના સર્વે કરતાં મોટાભાગના આયોજનો ત્રણ—ચાર માસના ગાળામાં યોજાય છે. તેમાં ધાર્મિક નેતાના જન્મદિન, પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ, ઉત્સવો, સમાહો, કથાઓ, ૨૫, ૫૦ કે ૭૫ વર્ષનું ગતકડું ઉભું કરી ધામધૂમથી ત્રણ થી દસ દિવસના આયોજનો કરવામાંઆવેછે. મોટા આયોજનો પાછળ ૧૫ થી ૩૦ દિવસથી વધુ તૈયારી તડામાર ચાલતી હોય છે. જે સ્થળ, જગ્યાની પસંદગી કરવામાં આવી હોય તેની આસપાસ તૈયારીનો માહોલ, જાહેરાત, મીટીગો, ભૂંગળા માથા ઉપર મૂકવામાં આવે છે. કથાઓ કે ઉજવણીના સ્થળ આસપાસના રહીશો ભારોભાર મુશ્કેલીમાં અને સમસ્યાના ત્રાસનો સામનો કરતાં હોય છે. વિદ્યાર્થી જગતની કારકિર્દી ઉપર જોખમ ઉભું થાય છે.

પુસ્તક વાહન સ્પર્ધામાં આવાના ૬૭ બાળકોએ પ્રતિભા રજૂ કરી

વિજેતાઓને બુક ફેર કુપનોનું ઈનામ અપાયું

આહવા

ડાંગ સ્વરાજ આશ્રમ(ટીમ્બર હોલ) આહવા ખાતે તા.૨૨/૦૨/૨૦૨૦ ના રોજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અધિકારીશ્રી એમ. સી. ભુસારાના માર્ગદર્શન હેઠળ આહવા બ્લોક કક્ષાની પુસ્તક વાચક સ્પર્ધા યોજાઈ હતી.

સમગ્ર શિક્ષાના વિવિધ ઉદ્દેશોની આપૂર્તિ માટે શાળા પુસ્તકાલય અને તેના અસરકારક ઉપયોગ પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં વાચનનું મહત્વ ખૂબ જ છે. NAS (નેશનલ એચીવમેન્ટ સર્વે) ૨૦૧૭ ના તારણ મુજબ જે વિદ્યાર્થીઓ શાળા પુસ્તકાલયના પુસ્તકોનો વાચન મહાવરો ધરાવે છે. તે વિદ્યાર્થીઓનું શિક્ષણનું સ્તર ઉચ્ચ છે. પાઠય સામગ્રીના વાચન મહાવરા સાથે શરૂઆતથી જ વિદ્યાર્થીઓ પુસ્તકાલયના પુસ્તકો, સંદર્ભ સાહિત્ય, વર્તમાનપત્ર, સામયિકો અને સાહિત્ય સમજપૂર્વક વાંચે તે મહત્વનું છે. વિદ્યાર્થીઓમાં અર્થગ્રહણયુક્ત વાંચન કૌશલ્ય કેળવાય તો જ તમામ વિષયોનું પ્રત્યાયન સંભવ બને તે માટે ઈતર વાંચન ખૂબ જરૂરી છે.

ડાંગ સ્વરાજ આશ્રમ ખાતે સમગ્રશિક્ષા-ગાંધીનગર તેમજ ડાંગ પ્રેરિત અને બી.આર.સી.ભવન,આહવા અને તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી આહવાના સંયુક્ત ઉપક્રમે તાલુકા કક્ષાની પુસ્તક વાચક સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આહવા તાલુકાના ૧૬ ક્લસ્ટરના પ્રથમ નંબરે આવેલા ધોરણ ૬,૭,૮,૯, અને ૧૧ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ પ્રસંગે આહવા બ્લોકના ૧૬ ક્લસ્ટરના ૬૭ બાળકોએ પોતાની પ્રતિભા રજુ કરી હતી. પુસ્તક વાચક સ્પર્ધામાં વિવિધ પ્રકારના પુસ્તકોની ખૂબ જ ઉત્સાહપૂર્વક અને ધારદાર રીતે સમીક્ષા પ્રાથમિક તેમજ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગના બાળકો દ્વારા કરવામાં આવી હતી. નિર્ણાયકો દ્વારા ખૂબ જ તટસ્થ રીતે ભૂમિકા ભજવવામાં આવી હતી. વિજેતા તમામ બાળકોને રૂા.૩૦૦ નું બુકફેર કુપન તેમજ સ્પર્ધકોને પ્રમાણપત્રથી નવાજવામાં આવ્યા હતા. સમગ્ર બ્લોક સ્ટાફે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

વઘઈ કૃષિ વિજ્ઞાન કેન્દ્રમાં ટેકનોલોજી સપ્તાહની ઉજવણી

કુસલવીમા યોજના વિષયે પરિસંવાદ પણ યોજાયો

આહવા

ડાંગ જિલ્લાના પ્રવેશદ્વાર વઘઈ ખાતે તા.૧૫ ફેબ્રુઆરીથી ૧૯ ફેબ્રુઆરી ૨૦૨૦ ટેકનોલોજી સપ્તાહ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્ર,આત્મા ડાંગ અને ખેતીવાડી ખાતા દ્વારા કૃષિ આધારિત અલગ અલગ થીમ ઉપર ખેતીને લગતા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

પહેલા અને બીજા દિવસ ગુજરાતના એકમાત્ર ગિરીમથક સાપુતારા ખાતે રાખવામાં આવ્યો હતો. જેમાં પરંપરાગત કૃષિ વિકાસ યોજના હેઠળ ઉત્પાદન થયેલા સેન્દ્રિય ખેત પેદાશોનો વેચાણ મેળો અને પ્રધાનમંત્રી ફસલબીમા યોજના પર પરિસંવાદોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ખેડૂતોને સંગઠીત કરી અલગ અલગ ક્લસ્ટર બનાવી પરંપરાગત કૃષિ તરફ વળવાનું આહવાન કરાયું હતું. તથા સાપુતારા બરોડા ગુજરાત ગ્રામીણ બેંક મેનેજર શ્રી એસ.એન.પાંડે દ્વારા ફસલ બીમા યોજનાની માહિતી આપવામાં આવી હતી.

ત્રીજા અને ચોથા દિવસ દરમિયાન જામલાપાડા (રંભાસ) ખાતે કૃષિ મેળો અને કિસાનગોષ્ઠિ નું આયોજન કરાયું હતું. જેમાં ન્યુ ઈન્ડિયા મંથન-સંકલ્પ થી સિધ્ધિ અને સબ-મીશન ઓન એગ્રીકલ્ચર મીકેનાઈઝેશન જેવી થીમ હેઠળ સજીવ ખેતી દ્વારા પર્યાવરણ સુરક્ષા,સેન્દ્રિય ખાતર તૈયાર કરવાની વિવિધ પધ્ધતિઓ,કૃષિમાં યાંત્રિકરણ જેવા વિષયો પર ચર્ચા કરી ખેડૂતોની આવક બમણી કરવા પ્રયત્ન કરાયો હતો.કૃષિ મેળા અંતર્ગત અલગ અલગ વિભાગો દ્વારા પ્રદર્શનો ગોઠવી આધુનિક ટેકનોલોજી વિશે માહિતગાર કરવાનો પ્રયત્ન કર્યો હતો. જેનો બહોળી સંખ્યામાં ખેડૂતોએ રસ દાખવી લાભ લીધો હતો. તથા વિવિધ સફળ ખેડૂતોના પ્રતિભાવો લેવામાં આવ્યા અને દ્રશ્ય-શ્રાવ્યના માધ્યમથી સફળ ખેડૂતોની વાર્તા બતાવવામાં આવી હતી.

ટેકનોલોજી સપ્તાહના અંતિમ દિને ખેતી પાકની જાતો અને ખેડૂતોના હક્કોનો રક્ષણ ધારો-૨૦૦૧ અને મધમાખી ઉછેરની થીમ પર રાખવામાં આવ્યો. સમગ્ર સપ્તાહ દરમિયાન વિવિધ મુખ્ય મહેમાનો અને વક્તાઓ દ્વારા ખેડૂતોને પ્રેરણા આપતા મંતવ્ય આપવામાં આવ્યા હતા. જેમાં તાલુકા પંચાયત પ્રમુખ શ્રી સંકતભાઈ બંગાળ, મામલતદારશ્રી સી. એ. વસાવા,તાલુકા વિકાસ અધિકારીશ્રી એમ. ડી. વણકર,સહ સંશોધન વૈજ્ઞાનિક ડૉ. ધા. સ. કે. વઘઈ ડૉ. એચ. ઈ. પાટીલ,આચાર્યશ્રી કૃષિ મહાવિદ્યાલય ડૉ. જે. જે. પસ્તાગિયા, માજી પ્રમુખ શ્રી બાબુરાવભાઈ ગાંગુર્ડે, નવસારી કૃષિયુનિવર્સીટી નિયામક મંડળના સભ્યશ્રીઓ, બાગાયત અધિકારીશ્રી તુષારભાઈ ગામીતે ઉપયોગી જાણકારી આપી હતી.

આ ટેકનોલોજી સપ્તાહને સફળ બનાવવા કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડૉ.જી.જી.ચૌહાણ અને આત્માના પ્રોજેક્ટ ડાયરેકટર શ્રી એમ.એમ.પટેલે ભારે જહેમત ઉઠાવી હતી. સપ્તાહ દરમિયાન ૧૬૦૦ થી વધારે ખેડૂતોએ રસપૂર્વક ભાગ લીધો હતો. તથા નવીન ટેકનોલોજી પોતાની ખેતીમાં ઉપયોગ કરવા પ્રતિબધ્ધ થયા હતા.

અમરોલી કોલેજમાં નહેરુ યુવા કેન્દ્ર દ્વારા જિલ્લા યુવા સંમેલન યોજાયું

યુવાનોનું દેશના વિકાસમાં યોગદાન અંગે મનોમંથન

સુરત

કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળના નહેરૂ યુવા કેન્દ્ર, સુરત દ્વારા અમરોલી કોલેજ ખાતે જિલ્લા યુવા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. નહેરૂ યુવા કેન્દ્રના રાજ્ય નિદેશક શ્રીમતી મનીષા શાહના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સંમેલનમાં સુરત જિલ્લાના અલગ-અલગ તાલુકાના કુલ ૧૫૦ યુવાનોએ ભાગ લીધો હતો. સંમેલનમાં "યુવાનોનું દેશના વિકાસમાં યોગદાન" વિષય પર યુવાનોએ મનોમંથન કરી પોતાના વિચારો અને મંતવ્યોનું આદાનપ્રદાન કર્યું હતું.

શ્રીમતી મનીષા શાહે નહેરૂ યુવા કેન્દ્રની વિસ્તૃત ભૂમિકા વર્ણવી યુવાધનને દેશ નિર્માણ માટેની ફરજો અંગે માહિતગાર કર્યા હતા. રિટાયર્ડ એરફોર્સ ઓફિસરશ્રી હરેનભાઈ ગાંધીએ ભારતીય સશસ્ત્ર સેનાદળમાં પ્રવેશ મેળવવા અંગે વિસ્તારથી માહિતી આપી હતી.

આ પ્રસંગે જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ ડૉ.પ્રફુલ શિરોયા, નીલેશ વેજપરા, સાર્થક યુવા મંડળના પ્રમુખશ્રી અને પૂર્વ રાષ્ટ્રીય યુવા સેવાકર્મી દિપક જાયસવાલ, વિશાલ વાઘાણી, જીગ્નેશ બારૈયા, એ. કે. ઈન્સ્ટિટ્યૂટના દયાનિધિ સાહુ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સ્વયંસેવક જયદીપ ચૌહાણ (ચૉર્યાસી), દિપક ભીલ (ઓલપાડ)ના વિશેષ સહયોગથી જિલ્લા યુવા સંયોજક સચિન શર્માના માર્ગદર્શનથી કરવામાં આવ્યું હતું.



હોળી-ધૂળેટી તહેવાર નજીકના દિવસોમાં આવી રહ્યો છે ત્યારે ભાગળ વિસ્તારના ડબગરવાડમાં વિવિધ પ્રકારના વાદ્યો વેચવાનું શરૂ કરી દેવાયું છે. હોળી ધૂળેટીના તહેવારોમાં પરંપરાગત લોકગીતો અને વાદ્યોની બોલબાલા હોય છે.

કુંભારીયા રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણી માટે ઓનલાઈન એપોઈમેન્ટ

હવે સમય અને તારીખ ઓનલાઈન મેળવી શકશે

સુરત, તા.૨૫

સૂરતના નાગરિકોને સરળતાથી દસ્તાવેજની નોંધણી માટે સમય ઉપલબ્ધ થાય તે હેતુથી સરકાર દ્વારા 'ગરવી' વેબસાઇટ પર ઓનલાઈન એપોઈન્ટમેન્ટ શિડ્યુલરની સુવિધા શરૂ કરાઇ છે. ટોકન પ્રથા વધુ પારદર્શિતા લાવી શકાય તેવા આશયથી રાજય સરકાર દ્વારા રાજ્યની આઠ સબરજીસ્ટ્રાર કચેરીઓમાં પાયલોટ પ્રોજેકટ શરૂ કરાયો છે. જેમાં સુરતની સુરત-૬ની કુંભારીયા રજીસ્ટ્રાર કચેરીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી કુંભારીયા ખાતેની સબ રજીસ્ટ્રાર કચેરીમાં દસ્તાવેજ નોંધણી માટે અરજદાર પોતાના ઘરબેઠા અથવા ગમે ત્યાંથી પોતાના અનુકુળ સમયે ઈન્ટરનેટના માધ્યમથી `http://garvi.gujarat.gov.in વેબસાઈટ પર કચેરીમાં હાજર રહેવાનો સમય અને તારીખ ઓનલાઈન મેળવી શકે છે. નોંધનીય છે કે, તા.૦૨/૦૩/૨૦૨૦ થી ફરજીયાત પણે ઓનલાઈન એપોઈમેન્ટથી સમય મેળવી રજુ કરેલ હોય તેવા દસ્તાવેજો જ નોંધણી અર્થે સ્વીકારવામાં આવે તે મુજબની પ્રથા લાગુ કરવામાં આવી છે તેમજ નોંધણી સર નિરક્ષકની યાદીમાં જણાવાયું છે.

આમ પક્ષકારોએ મહેસૂલ વિભાગની 'ગરવી' વેબસાઇટ મારફતે જરૂરી સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીનું ઓનલાઈન ચુકવણું કર્યા બાદ પોતાના દસ્તાવેજની નોંધણી માટે તારીખ અને સમય ઓનલાઈન મેળવી શકે છે. જેથી અરજદારોને સબરજીસ્ટ્રાર કચેરીમાં રૂબરૂ ટોકલ લેવા આવવું નહી પડે અને સમય તથા નાણાની બચત થશે.

નેશનલ ક્વોલીટી એન્યોરન્સ સ્ટાર્ન્ડમાં

અડાજણ , ડીંડોલી અને ઉમરા આરોગ્ય કેન્દ્રોએ ૮૦ થી ૯૨ ટકા માર્ક્સ મેળવ્યાં

આરોગ્ય સેવાઓનું સઘન એસેસમેન્ટ કરાયું

સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત 'શહેરી આરોગ્ય કેન્દ્રો' દ્વારા શહેરીજનોને વિવિધ આરોગ્યલક્ષી સેવાઓ પુરી પાડવામાં આવે છે. આ વર્ષથી શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતેથી અપાતી સેવાઓ નેશનલ કવોલીટી એસ્યોરન્સ સ્ટાન્ડર્ડ(NOAS) મુજબ અપાય છે કે નહી તે અંગે ભારત સરકારનાં સ્વાથ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય, નિર્માણ ભવન દ્વારા એસેસમેન્ટ હાથ ધરવામાં આવેલ હતું. જે અંતર્ગત માર્ગદર્શિકા અને ચેકલીસ્ટ મુજબ ૭૦% માર્કસ મળ્યથી શહેરી આરોગ્ય કેન્દ્રને કવોલીટી સર્વિસીસ આપવા બદલ 'નેશનલ કવોલીટી એસ્યોરન્સ સર્ટીફીકેશન' આપવામાં આવે છે. જેના ભાગરૂપે ૨૮ જાન્યુઆરી ૨૦૨૦ થી ૨૯ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન અડાજણ શહેરી આરોગ્ય કેન્દ્ર, ૨૯ જાન્યુઆરી ૨૦૨૦ થી ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન ન્યુ ડીંડોલી શહેરી આરોગ્ય કેન્દ્ર તથા ૩૦ જાન્યુઆરી ૨૦૨૦ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૦ દરમ્યાન ઉમરા શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે એસેસમેન્ટ કરવામાં આવેલ હતું. જેના ભારત સરકારના પ્રતિનિધિઓ શ્રી પ્રદિપ શર્મા, ડો.રેઝલ રહેમાન, શ્રી કમલાકર ભાટુ,ડો. નરેશ જી. દ્વારા આરોગ્ય કેન્દ્રો ખાતે જનરલ કલીનીક, માતા આરોગ્ય સેવાઓ, બાળ આરોગ્ય, ન્યુ બોર્ન હેલ્થ, રસીકરણ, ફેમીલી પ્લાનીંગ સર્વિસ, કોમ્યુનિકેબલ ડીસીઝ, નોન કોમ્યુનિકેબલ ડીસીઝ, આઉટરીચ સર્વિસ, દવાઓની ઉપલબ્ધતા અને મેનેજમેન્ટ, લેબોરેટરી સેવાઓ અને જનરલ એડમીનીસ્ટ્રેશન જેવા માપદંડો ઉપર અપાતી સેવાઓનું સઘન એસેસમેન્ટ હાથ ધરવામાં આવેલ હતું.

આ એસેસમેન્ટ દરમ્યાન ફીઝીકલ ઈન્ફાસ્ટ્રકચરનું નિરીક્ષણ, સ્ટાફ સાથેનું ઈન્ટરએકશન, નોલેજ એસેસમેન્ટ, છેલ્લા ૨(બે) વર્ષનાં આરોગ્યલક્ષી હેલ્થ ઈન્ડીકેટરનું રીવ્યુ, પેશન્ટ સાથે આરોગ્યલક્ષી સેવાઓ માટેના અભિપ્રાય જેવા માપદંડો વિગેરે બાબતો અંગે રીવ્યુ કરવામાં આવેલ. જેનું પરીણામ ગતરોજ ભારત સરકાર દ્વારા જાહેર થતાં સુરત મહાનગરપાલિકાના અડાજણ, ન્યુ ડીંડોલી અને ઉમરા શહેરી આરોગ્ય કેન્દ્રોને અનુક્રમે ૯૦.૮%, ૯૨.૫ % અને ૯૨.૫% માર્કસ સાથે 'નેશનલ કવોલીટી એસ્યોરન્સ સર્ટીફીકેશન' પ્રાપ્ત થયેલ છે.

આ અગાઉ રાંદેર અને ઉન આરોગ્ય કેન્દ્રોને પણ ×નેશનલ કવોલીટી એસ્યોરન્સ સર્ટીફીકેશન× પ્રાપ્ત થયેલ છે તથા આગામી દિવસોમાં લખપતિ અને પાલનપોર આરોગ્ય કેન્દ્રોનું ભારત સરકાર દ્વારા ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવશે. સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ શહેરી આરોગ્ય કેન્દ્રોને ×નેશનલ કવોલીટી એસ્યોરન્સ સર્ટીફીકેશન મળી રહે તે અંગેની કામગીરી અગામી વર્ષમાં તબકકાવાર આવરી લેવામાં આવશે.

નવસારી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનાના અમલીકરણની વાર્ષિક ઉજવણી કરાઈ

- **જિલ્લાના ૧.૨૫ લાખથી વધુ નાના-સીમાંત ખેડૂતોને વાર્ષિક રૂ.૬૦૦૦ નું નાણાકીય પીઠબળ-ભારત સરકાર તરફથી નિશ્ચિત મળશે**
- **જિલ્લાના ખેડૂત ખાતેદારોના બેંકખાતામાં રૂ.૭૦ કરોડ થી વધુ રકમ જમા થઈ**

નવસારી

નવસારી કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે પ્રધાન મંત્રી કિસાન સન્માન નિધિ (પ્રધાનમંત્રી કિસાન) યોજનના અમલીકરણની વાર્ષિક ઉજવણી જિલ્લા પંચાયત પ્રમુખ ડો.અમિતાબેન પટેલના અધ્યક્ષસ્થાને કરવામાં આવી હતી.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ ડો.અમિતાબેન પટેલે જણાવ્યું હતું કે, નવસારી જિલ્લાના ૧.૨૫ લાખથી વધુનાના -સીમાંત ખેડૂતોને વાર્ષિક રૂ.૬૦૦૦ નું નાણાકીય પીઠબળ-ભારત સરકાર તરફથી નિશ્ચિત મળશે. જેમાંથી એક લાખ બે હજાર ખેડૂતો આ યોજનામાં જોડાઈને લાભ લઈ રહયાં છે.

ડો. અમિતાબેન પટેલે કહયું હતું કે, ખેડૂતોને કૃષિલક્ષી સહાય સીધી જ ખાતામાં મળશે. પ્રધાનમંત્રી કૃષિસહાય યોજના અંતર્ગત નાના-સીમાંત ખેડૂતોને રૂ.૬૦૦૦ ની સહાય ત્રણ તબક્કામાં મળશે જે તેમને ખાતર, દવા, બિયારણ સહિત કૃષિલક્ષી ખરીદી માટે ઉપયોગી નીવડશે. આથી ખેડૂતોને આર્થિક રીતે રક્ષણ પૂરી પાડતી યોજના એટલે પ્રધાનમંત્રી કૃષિ સમ્માન નિધિ યોજના. ૨ હેકટર સુધીની જમીન ધરાવતા ખેડૂત ખાતેદારોને પાત્રતા શરતોને આધીન લાભ મેળવવા તાત્કાલિક ગ્રામપંચાયતોનો સંપર્ક કરી ઓન લાઇન નોંધણી કરાવી લેવા તેમણે અનુરોધ કર્યો હતો. પ્રધાનમંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને ખેતઉપયોગી સહાયનું વિતરણ કરવામાં આવી રહયું છે,ત્યારે સરકારની વિવિધ સહાયનો લાભ મેળવી ખેડૂતોને ખેતઉત્પાદનમાં નોંધપાત્ર વધારો થયો છે. ગુજરાત રાજ્ય એ દરેક ક્ષેત્રમાં આયામો સિધ્ધ કર્યા છે, ખેતીક્ષેત્રમાં પણ ગુજરાત આગળ વધી રહયું છે, તેમ કૃષિ યુનિવર્સિટીના કુલપતિ ડો.સુનિલ ચૌધરીએ કહયું હતુ. રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલા કૃષિ મહોત્સવ અંતર્ગત ખેતીલક્ષી માર્ગદર્શન મળતા ખેડૂતોને પરિવર્તન લાવવામાં મદદ મળી છે. આમ, રાજય સરકારની ખેતીલક્ષી સહાય-માર્ગદર્શન અને ખેડૂતોની મહેનતના કારણે કૃષિક્ષેત્રમાં ક્રાંતિકારી ફેરફારઆવ્યા છે.

કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો.સી.કે.ટીબડીયાએ શાબ્દિક સ્વાગત કરતા કાર્યક્રમની રૂપરેખા અને યોજનાકીય વિગતો જણાવી હતી તથા આભારવિધિ કૃષિ વિજ્ઞાન કેન્દ્રના ડો.એ.કે.શાહે કરી હતી.

કાર્યક્રમમાં ખેડૂતોએ પોતાના પ્રતિભાવો રજુ કર્યા હતા. બે પુસ્તકોનું મહાનુભાવોના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું તથા કેન્દ્રિય મંત્રીશ્રી પરસોતમભાઈ રૂપાલાનો શુભેચ્છા સંદેશ જનમેદનીએ રસપૂર્વક નિહાળ્યો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી (ઇન્ચાર્જ) શ્રી પી.કે.હડુલા, જિલ્લા ખેતીવાડી અધિકારી ડો.અતુલ ગજેરા સહિતના અધિકારશ્રીઓ, જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના અધ્યક્ષશ્રીઓ સહિત પદાધિકારીશ્રીઓ અને વિશાળ સંખ્યામાં ખેડૂતોભાઈ-બહેનોઉપસ્થિત રહયાં હતા.

મહિલાઓની નિર્વસ્ત્ર ફીટનેસ ટેસ્ટ બે દિવસમાં તપાસ રિપોર્ટ જાહેર કરો

મ્યુનિ.કમિશનર ઓફીસ પાસે કોંગ્રેસના ધરણા

સુરત

સુરત શહેર યુથ કોંગ્રેસના પ્રમુખ જયેશ દેસાઈ અને યુથ કોંગ્રેસના રાષ્ટ્રીય કો-ઓર્ડીનેટર પ્રદીપ સિંધવ અખબારી યાદીમાં જણાવે છે કે, સ્મીમેર હોસ્પિટલમાં "ફિટનેસ ટેસ્ટ દરમિયાન સુરત મહાનગરપાલિકાની મહિલા કર્મચારીઓ સાથે થયેલ શારીરિક અને માનસિક છેડતીની ઘટનામાં મ્યુનિસિપલ કમિશ્નરશ્રી દ્વારા નિમાયેલ તપાસ કમીટી ત્રણ દિવસમાં તપાસ જાહેર કરે અને કસુરવારો સામે કડકમાં કડક દાખલારૂપ કાર્યવાહીની માંગણી તા.૨૧/૨/૨૦૨૦ના રોજ સ્મીમેર હોસ્પિટલ ખાતે સુરત યુથ કોંગ્રેસના ×હલ્લાબોલ× કાર્યક્રમમાં જાહેરાત કરવામાં આવ્યો હતો.

એ સંદર્ભે આજરોજ સુરત યુથ કોંગ્રેસ દ્વારા સુરત મહાનગરપાલિકા વિપક્ષ નેતાશ્રી પ્રફુલભાઈ તોગડીયા, કોર્પોરેટરશ્રી અસલમ સાયકલવાલા, દિનેશ કાછડીયા અને વિજય પાનશેરીયાની ઉપસ્થિતિમાં યુથ કોંગ્રેસના કાર્યકરોએ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની ઓફિસ બહાર મુલાકાતી રૂમમાં ગાંધીચિંધ્યા માર્ગે 'પ્રતિક ધરણાં' પર બેઠા. ત્યારબાદ કમિશ્નરશ્રીની રૂબરૂ મુલાકાત કરતા અને ઉપસ્થિત અગ્રણીઓની સચોટ અને મુદ્દાસર રજુઆત બાદ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી બંછાનિધિ પાનીએ આવનારા ૨ દિવસમાં તપાસ કમીટીનો રિપોર્ટ જાહેર કરી કસુરવારો સામે કડક કાર્યવાહી કરવાની હૈયાધરપત આપી.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ સહાય મળતાં ધિરાણની આવશ્યકતા રહેતી નથી ખેડૂત શ્રી જયંતિભાઈ ભોયા

નવસારી - સન્માન નિધિ યોજના તળે નવસારી જિલ્લાના લાભાર્થીઓને કૃષિ સહાયનો લાભ મળી રહે તેવા ઉદ્દેશ્ય સાથે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ કાર્યક્રમ યોજવામાંઆવ્યો હતો. ઓછી જમીન ધરાવતા ખેડૂત કુટુંબોને આર્થિક સહાય મળી રહે અને તેમની મુશ્કેલીના સમયમાં ટેકારૂપ બનવા સરકાર સતત પ્રયત્નશીલ છે. ખેડૂતોને આવક વધારવા સહાય પૂરી પાડવાની સાથે ખેડૂતોને લાંબો હાથ કરવાની સ્થિતિ ન સર્જાય તેવો હેતુ આયોજનનો છે. નાના-સીમાંત ખેડૂતોને વાર્ષિક રૂ.૬૦૦૦ ની સહાય પ્રધાનમંત્રી કિસાન યોજના હેઠળ મળી રહયો છે. જયંતિભાઈ મંગળભાઈ ભોયા વાંસદા તાલુકાના આંબાબારી ગામના ખેડૂત છે. તેમણે જણાવ્યું કે મને આ પ્રધાનમંત્રી કિસાન યોજના હેઠળ રૂ.૬૦૦૦ ત્રણ તબક્કામાં મળનાર છે. ખેડૂતને કરકસર અને યોગ્ય સમયે યોગ્ય કાર્ય કરવાની આવડત લોહીમાં મળે છે, સરકારની સમયોચિત સહાય ખેતીમાં નવા પ્રાણ ફૂંકે છે. સહાય યોજના ખેડૂતોને ખેતી સમૃધ્ધિ માટેની તક આપે છે. સરકારની સહાયને કારણે ખેડૂતોને પોતાની આર્થિક વ્યવસ્થા કરવા ધિરાણ કે હાથ લાંબો કરી બીજાને મદદ માટે સહમત કરવાની આવશ્યકતા રહેતી નથી.

MARKET 4U™
ISO 9001:2015 Certified company
REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH 392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN
તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.
આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા
અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો
માત્ર રૂપિયા ૬૦૦૦/-
સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા
તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત
GPS Market
RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X
For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456
ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

વીજ કંપનીની લાલીયાવાડીથી રાજપીપળાના અમુક વિસ્તારોમાં ૨ દિવસથી પીવાના પાણીની મોકાણ: ગૃહિણીઓમાં રોષ



● દરબરોડ, વિસાવાગા, સોનિવાડ, જૂની પોસ્ટ ઓફિસ સહીત અનેક વિસ્તારોમાં પાણીના ફાંફા

● દરબાર રોડ લાઈબ્રેરી બહારના ટીસીમાં ક્ષતિ આવતા પાણીની મોટર ન ઉપડતા પાણી વગર વલખા મારતા લોકો

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા શહેરના અમુક વિસ્તારો માં ૨ દિવસ થી પીવાના પાણીની સમસ્યા ઉભી થતા ગૃહિણી ઓમાં ભારે રોષ જોવા મળ્યો હતો.જોકે આ તકલીફ વીજ કંપનીની લાપરવાહીના કારણે સર્જાઈ હોવાનું જાણવા મળ્યું હતું.

રાજપીપળા દરબાર રોડ લાઈબ્રેરી પાસે આવેલા વીજ કંપનીના ટીસી પર થોડા મહિના પહેલા વાયરનો એક સ્ટડ તૂટી ગયા બાદ ઢીંગડા મારી કામચલાઉ કામગીરી કરી વીજ કંપનીના કર્મચારીઓ ચાલ્યા ગયા હતા ત્યારબાદ બે વખત આખો દિવસ શહેર ની લાઈનો રીપેરીંગ માટે વીજ પુરવઠો બંધ રખાયો છતાં આ કામ ચલાઉ સ્ટડની કોઈ મરામત ન કરતા હાલ ફરી આ સ્ટડ તૂટી જતા થ્રી ફેજ લાઈનમાં એક ફેજ ન મળતા પાણીના બોર ની મોટર ન ઉપડતા છેલ્લાં બે દિવસ શહેરના ઘણા વિસ્તારોમાં પાણી મળ્યું ન હોય ગૃહિણીઓ અકળાઈ ઉઠી હતી ત્યારે સોમવારે વીજ કંપનીની ટિમ આવી પણ સ્ટડ તૂટેલો જોઈ ચાલી ગયા બાદ મંગળવારે ફરી જોયું તો ટીસી બદલવું પડશે એમ કહી ટિમ ચાલી ગઈ આમ છેલ્લા બે દિવસ થી આ વિસ્તારના લોકો પાણી વગર ના થઈ પડતા ભારે મુશ્કેલી માં મુકાયા છે.જો અગાઉ પહેલી વાર સ્ટડ તૂટ્યો ત્યારેજ નવું ટીસી કે અન્ય કાયમી નિરાકરણ કર્યું હોત તો આજે આ વિસ્તારના લોકોને પણીની સમસ્યા ઉભી ન થઈ હોત.

નાંદોદના અણીદ્રા ગામમાંથી ખેરના લાકડાનો જથ્થો પકડી પાડતી વન વિભાગની ટીમ



બાતમીના આધારે વન વિભાગની ટીમ ત્યાં પહોંચી ત્યારે અલગ અલગ જગ્યાઓ પર સંતાડેલા લાકડા શોધતા નાકે દમ આવ્યો,આખરે સફળતા મળી

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં ખેર ના લાકડાની તસ્કરી વધી રહી હોય વન વિભાગ તેની પર બાઝ નજર રાખી રહ્યું હોય ગતરોજ નાંદોદ તાલુકાના અણીદ્રા ગામના ખેતરમાં ખેરના લાકડા સંતાડેલા હોવાની બાતમીના આધારે RFO સોનજીભાઈ તડવીના માર્ગદર્શન હેઠળ રાઉન્ડ ફોરેસ્ટર અક્ષય પંડ્યા તથા ટીમે સ્થળ પર જઈ શોધખોળ કરતા એક એક લાકડું અલગ અલગ જગ્યા એ સંતાડેલું શોધી શોધીને અંદાજે ૧૫ હજારના લાકડા વન વિભાગે જમ્પ કરી આ લાકડા કોના છે અને કોને સંતાડયા હતા એ દિશામાં તપાસ હાથ ધરી હતી. જોકે જાણવા મળ્યા મુજબ લાકડા શોધવામાં અને વાહતુક કરવામાં વન વિભાગને ભારે જહેમત ઉઠાવવી પડી હોવાની માહિતી પણ સૂત્રો દ્વારા જાણવા મળી છે. છતાં લાકડાચોરોને પાઠ ભણાવવા અને આવી તસ્કરી અટકાવવા વન વિભાગની ટીમે આ ઓપરેશન સફળતા પૂર્વક પાર પાડ્યું હતું.

ભરૂચ જિલ્લામાથી તડીપાર કરાયેલો વ્યક્તિ જ ભરૂચમા ઈંગ્લિશ દારૂનો વેપલો કરતો ઝડપાયો: ભરૂચ શહેર એ ડીવીઝન પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી લીધો

આરોપીએ અગાઉ પણ ત્રણ વખત ભરૂચ સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટના હુકમનો ભંગ કરી પ્રવેશ કર્યો હતો



ભરૂચ જિલ્લામાંથી તડીપાર કરાયેલો વ્યક્તિ કાયદાની પરવાહ કર્યા વિનાજ ભરૂચ ની હદમાં આવી દારૂનો વેપલો કરતો હોય ભરૂચ શહેર એ ડીવીઝન પોલીસે મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો હતો.

ભરૂચ પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમા તરફથી જીલ્લા માં પ્રોહી/જુગારની અસમાજીક પ્રવુતી ચલાવતા વ્યક્તિઓ વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા સુચના મળતા ના.પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ ભરૂચ શહેર "એ" ડીવી.પો.સ્ટે (ઇન્ચાર્જ) પો.ઈન્સ. જી.આર.શર્માને મળેલ માહિતીના આધારે પો.સ.ઈ. કે.એચ.સુથાર તથા સર્વેલન્સ સ્ટાફે ભરૂચના ખાત્રીવાડ ખાતે રહેનાર જીતેન્દ્ર ઉર્ફે જીતુ ડાહ્યાભાઈ ખત્રીને ભરૂચ જીલ્લામાં પ્રવેશ ઉપર પ્રતિબંધ હોવા છતા એ ભરૂચ જીલ્લામાં ઘૂસી ભરૂચ શહેરમાં તેના પોતાની માલીકીના મકાનમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલ નંગ-૨૪ તથા પાઉચ નંગ ૧૬૫ જેની કુલ કિં.રૂ.૨૮,૫૦૦/-ના મુદામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી તેમજ ભરૂચ સબ ડીવીઝનલ મેજી.ના હુકમનો ભંગ કરવા બદલ પકડાયેલ આરોપીની વધુ એક કાર્યવાહી કરવામાંઆવીછે.

એકે રોડ બ્રીજ નીચેથી મળેલી લાશ અંગે પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો

અજાણ્યા વ્યક્તિની તિક્ષ્ણ હથિયાર મારી હત્યા કરાઈ હતી

સુરત

વરાછા એ.કે.રોડ પ્રમુખ સ્વામી બ્રિજ નીચેની એક અજાણ્યા વ્યક્તિની લાશ મળી આવી હતી. મૃતક અજાણ્યા વ્યક્તિને કોઈ અજાણ્યા વ્યક્તિએ તીક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યા કરી હતી.

વરાછા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ ગઇ કાલે સવારે ૯.૫૫ કલાકે પોલીસને જાણ થઈ હતી કે એ.કે. રોડ, પ્રમુખ સ્વામિ બ્રિજ નીચે એક અજાણ્યા વ્યક્તિની લાશ પડી છે. વરાછા પોલીસે તપાસ કરતા આ અજાણ્યા વ્યક્તિને માથાના ભાગે તિક્ષ્ણ હથિયારના ઘા નજરે પડ્યા હતા. વરાછા પોલીસે બ્રિજ પાસે પટેલ નગર સોસાયટીમાં રહેતા જીગર જયેશભાઈ પટેલની ફરિયાદ લઈ હત્યાનો ગુનો દર્જ કર્યો હતો. વરાછા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ અજાણ્યા મૃતકને કોઈક અજાણ્યા વ્યક્તિએ હત્યા કરી લાશને સગે વગે કરવા નિર્જન જગ્યાએ નાખીને નાસી ગયો હતો. વરાછા પોલીસના જણાવ્યા મુજબ હજુ સુધી આ અજાણ્યા મૃતકની ઓળખ થઇ નથી. પોલીસ તપાસ કરી રહી છે. પોલીસે મૃતકની ઓળખ શોધવા તેમજ હત્યારાઓને ઝડપી પાડવા માટે આસપાસના વિસ્તારોના સીસીટીવી કેમેરાના ફુટેજ મેળવી વધુ તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળી રહ્યું છે.

અંક્લેશ્વર શહેરમાંથી બે વર્ષ અગાઉ ભાગી જનાર સગીર કીશોરી તથા ભગાડી જનાર યુવાનને અમદાવાદમાંથી ઝડપી પાડતી LCB ભરૂચ



ભરૂચ જીલ્લાના પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસએ જિલ્લામાં ગુમ/અપહરણ થયેલ બાળકો/બાળકી ઓને શોધી કાઢવા આપેલ સુચના આધારે ઈન્ચાર્જ પોલીસ અધિક્ષક ડી.પી.વાઘેલાના માર્ગદર્શન મુજબ એલ. સી. બી. પોલીસ એ જીલ્લામાં ગુમ/ અપહરણ થયેલ સગીર બાળક/કીશોરીઓ લાંબા સમય સુધી મળી આવેલ ન હોય તેમને શોધી કાઢવા તાબાના પોલીસની અલગ અલગ ટીમો બનાવી પ્રયત્નો હાથ ધરવામાં આવેલ અને અંકલેશ્વર શહેર પો.સ્ટે.ના ગુનામાં ભોગ બનનાર તથા આરોપી ન મળી આવેલ હોય આ ગુનાની વધુ તપાસ એલ.સી.બી. શાખા (AHTI) માં મળેલ હતી આ ગુનાના કામે બનાવેલ ટીમે હ્યુમન ઇ ટેલીજન્સથી મળેલ બાતમી આધારે ગુનાના કામના આરોપી જિગરભાઈ S/o પ્રવીણ ભાઇ ઉર્ફે અક્ભાઈ જાદવ રહે. ઇન્દિરાનગર વિભાગ-૨ લાંભા તા. દસકોઈ, જી. અમદાવાદ તથા ભોગ બનનારને લાભાં ગામ, અમદાવાદ શહેર ખાતેથી પકડી પાડી વધુ તપાસ તથા કાર્યવાહી સારૂ અંકલેશ્વર શહેર પોલીસ સ્ટેશનમાં સોંપવામાં આવેલ છે.

વર્ષ ૨૦-૨૧નું શૈક્ષણિક કેલેન્ડર જાહેર કુલ ૨૩૦ દિવસ શૈક્ષણિક કાર્ય ચાલશે

કેલેન્ડર વર્ષ મુજબ ૩૬૫ દિવસમાં કુલ ૧૧૦ દિવસની શાળામાં રજા જાહેર કરાઇ

સુરત

રાજ્ય શિક્ષણ વિભાગે ધો.૧થી૧૨માં સીબીએસસી પેટર્ન મુજબના ફેરફાર અનુસારનું વર્ષ ૨૦૨૦-૨૦૨૧નું શૈક્ષણિક કેલેન્ડર જાહેર કર્યું છે. જે મુજબ આગામી નવા શૈક્ષણિક વર્ષ દરમિયાન શાળાઓમાં કુલ ૨૩૦ દિવસ શિક્ષણકાર્ય ચાલશે જ્યારે ૨૧ દિવસ પરીક્ષાઓમાં પસાર થનાર છે.

રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા જાહેર કરાયેલા આ નવા શૈક્ષણિક કેલેન્ડર મુજબ વિદ્યાર્થીઓને તા.૪થી મેથી ૭મી જૂન ૨૦૨૦ સુધીનું ૩૫ દિવસનું ઉનાળુ વેકેશન તથા તા.૧૨મી નવેમ્બરથી તા.૨જી ડિસેમ્બર ૨૦૨૦ સુધીનું ૨૧ દિવસનું દિવાળી વેકેશન રહેશે. આ ઉપરાંત શાળાઓમાં વર્ષ દરમિયાન કુલ ૫૪ જાહેર રજાઓ આપવામાં આવનાર છે. જેમાં પ્રથમ સત્રમાં ૨૬ દિવસની અને બીજા સત્રમાં ૨૮ દિવસોની જાહેર રજાઓનો સમાવેશ થાય છે.

શાળાઓએ પ્રથમ સત્રાંત પરીક્ષાઓ તા.૧લી ઓક્ટોબરથી તા.૧૦મી ઓક્ટોબર ૨૦૨૦ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે, જ્યારે બીજી સત્રાંત પરીક્ષાઓ ૧૫મી થી ૩૧મી માર્ચ ૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

આમ પ્રથમ સત્રમાં ૧૧૩ દિવસ શિક્ષણકાર્ય ચાલશે, જ્યારે ૨૬ દિવસો જાહેર રજાના તથા ૩૫ દિવસો ઉનાળા વેકેશનના રહેશે. જ્યારે બીજા સત્રમાં ૧૧૭ દિવસ શિક્ષણકાર્ય ચાલશે, જ્યારે ૨૮ દિવસો જાહેર રજાના રહેશે તથા ૨૧ દિવસો દિવાળી વેકેશનના રહેનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ ૨૦૦૯ (આરટીઇ)ના નિયમોની જોગવાઇ મુજબ ધો.૧થી ૫માં કુલ વર્ષ દરમિયાન કુલ ૨૦૦ દિવસ શિક્ષણકાર્ય ચાલવું જોઇએ. જ્યારે ધો.૯થી ૧૨માં વર્ષ દરમિયાન ઓછામાં ઓછા ૨૨૦ દિવસ શિક્ષણકાર્ય ચાલવું જોઇએ. જેથી રાજ્યના ૧ કરોડ ૧૪ લાખ વિદ્યાર્થિઓને ધ્યાનમાં લઇને આરટીઇના નિયમ મુજબ જ રાજ્ય શિક્ષણ વિભાગ દ્વાર વર્ષ દરમિયાનનું આ શૈક્ષણિક કલેન્ડર તૈયાર કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. જોકે આમાં ચારેક દિવસની ગોઠવણની ભૂલ થઇ રહ્યાનું પણ ધ્યાનમાં આવવા પામ્યું છે. જેથી આ શૈક્ષણિક કેલેન્ડરમાં બાદમાં ફરી નજીવો ફેરફાર થઇ શકે છે.

મહાવીર માર્કેટમાં વેપારીએ ઉઘરાણી કરતા કાતરથી હુમલો

કાતરથી હુમલો કરી વેપારીને મારી નાખવાની ધમકી

સુરત

રિંગરોડ મહાવીર માર્કેટના વેપારી પાસે બાકીના રૂપિયાની ઉઘરાણી કરવા જતા કતારગામના વેપારી ઉપર કાતરથી હુમલો કરી ઉઘરાણી કરવા આવશે તો જાનથી મારી નાખવાની ધમકી આપવાનો બનાવ સલાબતપુરા પોલીસ સ્ટેશને નોંધાયો હતો.

સલાબતપુરા પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ કતારગામ નગીનાવાડી સોસાયટીમાં રહેતા વેપારી ચેતનભાઈ ચન્દ્રકાંત કામતીયાએ આરોપી પ્રકાશ ચંદ્ર ભાટી (દુકાન નં ૧૪૧, મહાવીર માર્કેટ રિંગ રોડ) વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવ્યા મુજબ ફરિયાદી ચેતનભાઈ કાપડીયા રૂપિયાની ઉઘરાણી માટે આરોપી પ્રકાશ ચંદ્રની દુકાન ગયા હતા. જ્યાં બન્ને વચ્ચે બોલાચાલી થતાં આરોપી પ્રકાશ ચંદે દુકાનમાં પડેલી કાતરથી ફરિયાદી ઉપર હુમલો કરી ઈજા પહોંચાડી હતી. તેમજ આજ પછી મારી દુકાન ઉપર ઉઘરાણી કરવા આવશે, તો જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કર્યો હતો. સલાબતપુરા પોલીસે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

રોંગસાઈડથી આવતી લક્ઝરી બસે બે બાઈકને ઉડાવી, માતા-પુત્રનું મોત



સુરત

મહુવા તાલુકાના તરકાણી ગામની સીમમાં ગત ૧ ફેબ્રુઆરીના રોજ લક્ઝરી બસના ચાલકે અન્ય બસને ઓવરટેક કરવાની લ્હાયમા રોંગ સાઈડે બસ હંકારી લાવી બે બાઈકને અડફેટમાં લઈ ગંભીર અકસ્માત સર્જી બસ રોડની સાઈડે ઉતારી ઝાડ સાથે અથડાવી દીધી હતી. આ અકસ્માતમાં બે યુવાનોનું ઘટના સ્થળે જ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે આ બે બાઈક પર સવાર અન્ય ચાર ઈસમો ગંભીર ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં બે મૃતકો પૈકી સત્યન પટેલની માતા પ્રતિમાબેન પટેલનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

મહુવા અનાવલ સ્ટેટ હાઈવે પર ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ને શનિવારે તરકાણી ગામની સીમમાં પટેલ ફળિયા નજીક લક્ઝરી બસના ચાલકે સામે ચાલતી બસને ઓવરટેક કરવાની લ્હાયમાં રોંગ સાઈડે બસ હંકારી હતી. દરમિયાન સામેથી આવતી બે મોટરસાયકલને અડફેટમાં લઈ લીધી હતી. આ અકસ્માતમાં મહુવા તાલુકાના તરકાણી ગામે રહી વેહવલ ગામે કળિયા કામ માટે જઈ રહેલ બાઈકના ચાલક સત્યન હસમુખભાઈ પટેલ (ઉ.વ.૨૭)નું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે તેમની સાથે બાઈક પર સવાર તેમના પિતા હસમુખ નગીનભાઈ પટેલ અને માતા પ્રતિમા પટેલને ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે પ્રથમ અનાવલ સરકારી હોસ્પિટલ અને ત્યાંથી વધુ સારવાર માટે નવસારી ખસેડવામાં આવ્યા હતા. જ્યારે પ્રતિમા પટેલનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું.

મહિલા સાથે સગાઈ કરી યુવકે ૪ વર્ષ બાદ અન્ય યુવતી સાથેના લગ્નની કંકોત્રી મોકલી

સુરત

ઉચ્છલ તાલુકાના ગવાણ ગામે તલાટી તરીકે ફરજ બજાવતી વૈશાલીબહેન વણઝારા સાથે સગાઈ કરી ચારથી પાંચ વર્ષ સુધી સંબંધ રાખી સુરતના યુવકે અન્ય યુવતી સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું હતું. યુવકે અન્ય યુવતી સાથેના લગ્નની કંકોત્રી વોટ્સએપમાં મોકલી હતી. જેથી મહિલા તલાટીએ યુવક અને પરિવારજનો સામે વિશ્વાસઘાત અને ઠગાઈની ફરિયાદ નોંધાવી છે.

ગવાણ ગામે તલાટી તરીકે ફરજ બજાવતી ૨૮ વર્ષીય યુવતી માતા-પિતા સાથે રહે છે. સમાજના રિત રિવાજ મુજબ સુરતના ડિંડોલીમાં રહેતા મુકેશભાઈ જાલમસિંગ ગોદોદ સાથે ૨૪-૪-૨૦૧૬ના રોજ સગાઈ થઈ હતી. સગાઈ થયા પછી અવાર નવાર ફોન પર વાતચીત થતી હતી. યુવતીને મુકેશના પરિવારજનો લગ્ન કરવા માટે આશ્વાસન આપતાં હતાં. વર્ષ ૨૦૧૯માં લગ્ન કરવાની વાત કરી હતી. જોકે, ૧૦-૨-૨૦૨૦ના રોજ યુવતીના વોટ્સએપ પર મુકેશે લગ્નની કંકોત્રી મોકલી હતી. જેમાં યુવતીના નામની જગ્યાએ અન્ય યુવતીનું નામ હતું.

મુકેશ યુવતી સાથે લગ્ન ન કરવાનું જણાવ્યું હતું તેમજ ફોન પર જણાવ્યું હતું કે, મારી સાથે લગ્ન કરવાનું દબાણ કરશે તો જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. યુવકે ચાર વર્ષ લાલચ આપી લગ્ન નહીં કરતાં અન્ય સાથે લગ્ન કરવાનું નક્કી કરતાં પરિવારની આબરૂને ઠેસ પહોંચાડી હતી. જેથી યુવતીએ મુકેશ, પિતા જાલમસિંગ, માતા લક્ષ્મીબહેન અને ભાઈ વિકાસ વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ આપી છે.

વેડ રોડ લક્ષ્મીનગર સોસા.માં ગુંડા ટોળકીએ મચાવેલુ તોફાન

સુરત

વેડ રોડ લક્ષ્મીનગર સોસાયટીના ત્રણ ટપોરીઓએ તોફાન મચાવ્યું હતું. ચપ્પુ સાથે સોસાયટીમાં ધસી જઈ બુમાબુમ કરી મોટર સાયકોમાં તોડફોડ કરી વેપારી પાસેથી મોબાઈલ પોન ઝુંટવી લેવાની કોશિશ કરી હતી.

ચોક બજાર પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ વેડ રોડ લક્ષ્મીનગર સોસાયટીમાં રહેતા અજય સંજય મહાજને આરોપી આકાશ ભરત ખોજને અમોલ ચૌહાણ, જુગલ વિરૂદધ ફરિયાદ નોંધાવી હતી. આરોપીઓ ચપ્પુ સાથે લક્ષ્મીનગરની પહેલી શેરીમાં ઘુસી જોર જોરથી ગાળો બોલી શેરીમાં પાર્ક કરાયેલી મોટર સાયકલોમાં તોડફોડ કરી ફરિયાદી અજયનો મોબાઈલ ફોન ઝુંટવી લેવાની કોશિશ કરી હતી. ચોક બજાર પોલીસે ફરિયાદ નોંધી આકાશ તથા અમોલની ધરપકડ કરી હતી.